## અસ્મિતાપર્વનું આચમન – મૃગેશ શાહ

અસ્મિતાપર્વ એટલે ગુજરાતી સાહિત્યનો જાણે 'મહાકુંભ'. તેમાંય આ તો બારમું વર્ષ એટલે આપણે તેને 'પૂર્ણકુંભ' કહી શકીએ. આપણે ત્યાં બાર વર્ષ ચાલે એને તપ કહેવાય. એ અર્થમાં નૃત્ય, ગીત, સંગીત કે સાહિત્યની સાધનામાં રત રહેતા તપસ્વીઓને રૂબરૂ સાંભળવાનો-માણવાનો અવસર એટલે અસ્મિતાપર્વ. પૂ. મોરારિબાપુની પ્રેરણાથી પ્રતિવર્ષ મહુવામાં હનુમાનજયંતીના દિવસો દરમ્યાન યોજાતા આ પર્વની પ્રતિક્ષા સાહિત્યકારો અને સાહિત્યરસિકોને વર્ષભર રહેતી હોય છે. ત્રણ દિવસના આ સાહિત્યિકપર્વમાં 'સાહિત્યસંગોષ્ઠિ', 'કાવ્યાયન' વગેરે નામની ત્રણ-ત્રણ કલાકની જુદી જુદી બેઠકો આયોજીત કરવામાં આવે છે. રાત્રીનો કાર્યક્રમ મુખ્યત્વે નૃત્ય-સ્વર-સંગીતને અનુલક્ષીને તલગાજરડા ખાતે યોજવામાં આવે છે. પર્વનો અંતિમ દિવસ એટલે હનુમાન જયંતી. આ દિવસે નૃત્ય-સંગીત-ચિત્રકામમાં જીવન સમર્પિત કરનાર ભારતના રત્નો સમાન ઉત્તમ કલાકારોને 'હનુમંત એવોર્ડ' અર્પણ કરવામાં આવે છે અને છેલ્લે સમગ્ર પર્વ તેમજ હનુમાન જયંતીને અનુલક્ષીને પૂ. મોરારિબાપુનું પ્રાસંગિક વક્તવ્ય હોય છે. આમ, કુલ ચાર દિવસ સુધી ચાલતા આ સાહિત્યસત્રને માણવા દેશ-વિદેશથી અનેક ભાવકો ઊમટી પડે છે.

પ્રતિવર્ષની જેમ, ચાલુ વર્ષે પણ આ પર્વ તા. 6 એપ્રિલથી 9 એપ્રિલ દરમિયાન મહુવા ખાતે આવેલા કૈલાસ ગુરુકુળના નયનરમ્ય વાતાવરણમાં યોજાયું, જેમાં સહભાગી થઈને જે કંઈ જાણવા-શીખવા મળ્યું તેની ટૂંકી નોંધ અહીં આ અહેવાલમાં આપની સમક્ષ પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરું છું. પર્વની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે દીપ-પ્રાગટ્યથી થઈ હતી અને ત્યારબાદ સમગ્ર પર્વનું સફળતા અને કુશળતાપૂર્વક આયોજન કરનારા શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી તેમજ વિનોદભાઈ જોશી પૈકી આદરણીય શ્રી હરિશ્ચંદ્રભાઈએ પર્વની રૂપરેખા અને તમામ સંગોષ્ઠિઓ વિશે ટૂંકી માહિતી આપી હતી. ત્યારબાદ પ્રથમ દિવસની પહેલી સાહિત્યસંગોષ્ઠિનો સવારે બરાબર નવ કલાકે આરંભ થયો હતો.

### [પ્રથમ દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-1]

આ સંગોષ્ઠિનું સંચાલન શ્રી અજિત ઠાકોરે કર્યું હતું અને તેનો વિષય હતો : 'વાર્તાના વૈતાલિકો', જેમાં શ્રી વીનેશ અંતાણીએ જયંતખત્રી વિશે, શ્રી મહેન્દ્રસિંહ પરમારે સઆદત હસન મન્ટો વિશે અને શ્રી સુમન શાહે ચેખોવ વિશે વાત કરી હતી. સંચાલક શ્રી અજિત ઠાકોરે આ ત્રણેય ઈતિહાસ પ્રસિદ્ધ વાર્તાકારોને ત્રણ જ્યોર્તિલિંગ તરીકે ઓળખાવ્યા હતા અને એમ જણાવ્યું હતું કે આ ત્રણેય જ્યોર્તિલિંગની સ્થાપના આજે અહીં આ ત્રણ ઉત્તમ વક્તાઓ કરશે. ત્યાર પછી પ્રથમ વક્તા **શ્રી વીનેશ અંતાણી**એ જયંતખત્રી વિશે વાતની શરૂઆત કરી હતી.

તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે : 'જયંત ખત્રી જેવા સમર્થ વાર્તાકારનો હું તો એક માત્ર ચાહક કે વાચક છું. આ ખત્રીનું જન્મશતાબ્દિવર્ષ ચાલી રહ્યું હોઈને આ ટાણે એમના વિશે વાત કરવાની થઈ તેથી આજની આ બેઠકનું મારે મન ખૂબ મોટું મૂલ્ય છે. શ્રી જયંત ખત્રીએ વાર્તા લખવાનો આરંભ કર્યો ત્યારે સાહિત્યમાં ધૂમકેતુ, દ્વિરેફ જેવા વાર્તાકારોનો પ્રવાહ ચાલતો હતો. પ્રગતિવાદી અને ગાંધીવાદી વિચારોના

આંદોલનો પણ પ્રસરી ચૂક્યા હતા. સાહિત્યકાર શ્રી સુરેશ જોષીએ ફેલાવેલી આધુનિકતાની આબોહવા પણ ગુજરાતી સાહિત્યમાં ફેલાઈ ચૂકી હતી. આ બધાની વચ્ચે, ખત્રી સાહિત્યના પ્રવાહોની મધ્યમાં બધા સાથે કદમથી કદમ મિલાવીને ચાલ્યા છે. એમની ઘણી વાર્તાઓમાં તમને આધુનિક આવિષ્યકાર પણ દેખાશે.'

ખત્રીના જન્મસ્થળ વિશે વાત કરતાં શ્રી વીનેશભાઈએ જણાવ્યું હતું કે : 'ખત્રી જે પ્રદેશમાં જન્મ્યા, ઉછર્યા અને એમની વિશિષ્ટ દ્રષ્ટિ કેળવાઈ એ પ્રદેશમાં મારો પણ જન્મ થયો છે એટલે એમના વિશે બોલવાનો મને વધારે આનંદ છે. એ ધરતી છે કચ્છની ધરતી. ખત્રીએ પોતાની ધરતી અને ત્યાંના લોકો માટે બહુ સરસ વાત કરી હતી કે : 'I am terribaly attached to my place and people.' કચ્છના લોકો માટે 'કચ્છીમાડુ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. હું જ્યારે જ્યારે આ શબ્દ સાંભળું છું ત્યારે મને ખત્રીની 'ધાડ' વાર્તાના પાત્ર 'ઘેલા'ની વાસ આવે છે. મને એમની 'હીરાખૂંટ' વાર્તાનો 'બકાલી' દેખાય છે. દરિયો ખેડવા ગયેલાની વાટ જોતી પેલી ખારવણની ગંધ મને આવે છે. 'હું ગંગી અને અમે બધાં' વાર્તાનો છગલો તેલી મને દેખાય છે. મને કચ્છની વાંઝણી ધરતી પર ફૂંકાતા બેફામ પવનોના સૂસવાટા સંભળાય છે અને મારી આંખોમાં રણની રેતીના ખૂણા પણ ખૂંચે છે. કેવા સુંદર પાત્રો અને કેવા સુંદર એ દ્રશ્યો ! કચ્છની જીવનદષ્ટિ એમની વાર્તાઓમાં દેખાય છે. રણપ્રદેશની વિષમતા સામે ટટ્ટાર ઊભા રહેવા મથતા કચ્છીમાડુઓ એમની વાર્તામાં દેખાય છે. ખત્રીને આ બધા અનુભવો લોહીમાં વણાયેલા હતા. એ બધાથી ઘડાઈને એમણે ગુજરાતી સાહિત્યને જુદા જ મિજાજ વાળી વાર્તાઓ આપી છે.'

વીનેશભાઈએ જણાવ્યું હતું કે, 'એમણે રણ વિસ્તારમાં રહેતા માણસોને અંદરથી અને બહારથી ટળવળતા જોયા હતા. વરસાદ માટે તલપતા લોકોની મથામણો એમણે નિરખી હતી. એમણે જોયું હતું કે કાળમીંઢ કુદરતના પડકારો ઝીલીને આ કચ્છીમાડુઓની છાતી વધારે ને વધારે મજબૂત બનતી જાય છે. એમણે એક જગ્યાએ બહુ મોટી વાત કરી છે કે : "જ્યાં સુધી પ્રકાશ અને જીવન ટકશે, ત્યાં સુધી હું બધી જ બાબતોની આરપાર જોવાનું ચાલુ રાખીશ..." આ એમનો અસલી મિજાજ છે. તેઓ જે ધરતીની વાત માંડે છે એ ધરતીની છાતીમાંથી કોઈ દિવસ ધાવણ આવ્યું નથી. એ સૂકી ભાટ, રણ અને દરિયાની ખારી ધરતી, ધૂળ વંટોળિયા, તાપ-તડકો અને કાંટા-ઝાંખરાની વાતો જયંત ખત્રીએ એમની વાર્તાઓમાં કહી છે. એ પ્રકારની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે જીવતા એમની વાર્તાના પાત્રો, વાર્તાની શરૂઆતથી જ હારી જનારા નથી હોતા. એ બધાં સંઘર્ષ કરતાં થાકેલાં પણ નિરાશ ન થતા ફરીથી ઊભા થવા મથતા પાત્રો છે. આ પાત્રો પરાજિત થવાની પ્રક્રિયામાં જ જીવનનો આનંદ શોધી કાઢે છે. હતાશ કરી નાખે, ગૂંગળાવી નાખે, મૂંઝવી નાખે એવી બધી વાર્તાઓમાંથી આ પાત્રો ઘડાયા છે. આ પાત્રોના ભાવો કંઈ પશ્ચિમની વાર્તાઓમાંથી આયાત કરેલા નથી, એ એમના જીવનના જ અંશ છે. ખત્રીની વાર્તાઓમાં ધખતું રણ કે ખારો દરિયો કોઈ પ્રતિકો નહોતાં, પણ એ જીવનની વાસ્તવિકતા હતી. માત્ર કચ્છમાં જ નહિ, મુંબઈ આવ્યા ત્યારે ત્યાં પણ એમણે શ્રમિકોનું શોષણ થતું જોયું હતું. મુંબઈના વેશ્યાઘરોના જીવનમાં પણ ડોકિયું કર્યું હતું અને આ બધું જ એમની વાર્તાઓમાં સુપેરે પ્રગટે છે. એમની બીજી ખાસિયત એ હતી કે એમને પોતાની આસપાસ મિત્રો રાખવાનું ખૂબ ગમતું. એમના દવાખાને કોઈ મિત્ર આવે તો એ દવાખાનુ બંધ કરીને મિત્રો સાથે ચાલ્યા જતા. નવી વાર્તા લખાય ત્યારે એમના ભૂજના મિત્રોમાં ઉત્સવ જેવું વાતાવરણ બની જતું. એમણે જ્યારે 'જળ' વાર્તા લખી ત્યારે એમણે નક્કી કર્યું હતું કે આ વાર્તા મિત્રો સાથે

હું મધ્ય દરિયે જઈને વાંચીશ. એક રાત્રે બધા મિત્રો ભેગા મળ્યાં અને હોડીમાં ગોઠવાયા. સાથે ચા-પાણી, ભજિયા અને સિગારેટના પેકેટ વગેરે લઈને બધા દરિયાની વચ્ચે ગયા. ત્યાં મધરાતે મધ્ય દરિયે ખત્રીએ એમની 'જળ' વાર્તા વાંચી. એ વાંચતા ક્યાં હતાં ? એ તો વાર્તા કહેતા હતા.'

વધુમાં તેમણે કહ્યું કે : 'ખત્રીની વાર્તા લખવાની પદ્ધતિ પણ રસપ્રદ છે. વાર્તા બરાબર પાકી થઈ જાય મનમાં એટલે લખવા બેસે. વાંકા વળીને લખતા જાય અને જે લખાતા જાય એ પાનાં નીચે ફેંકતા જાય. ઘણીવાર તો એ રીતે પડેલા પાનાંઓ ગોઠવવાની જવાબદારી મિત્રો પર આવી પડતી ! એમને એની પરવા નહીં; એમને તો વાર્તા લખાય એટલી જ પરવા. આમાંથી એક વાત એ પણ સમજવા મળે છે કે એમની વાર્તા વાંચતા આપણને એમનો લય, પ્રચંડ ગતિનો જે અનુભવ થાય છ એ એમની આ લેખનપદ્ધતિને પરિણામે પણ હોઈ શકે. એમણે નવલિકા લખવાની કોઈ શાસ્ત્રીય રીતનો અભ્યાસ નહોતો કર્યો પણ તેમ છતાં સફળ વાર્તા લખવા માટે તેમણે એક શરત તો સ્વીકારી જ હતી કે વાર્તામાં મુખ્ય વસ્તુ તો વાર્તાની સમગ્રતા છે. એમણે એમ કહ્યું હતું કે લેખક જે કંઈ કહેવા માગતો હોય એમાં જો એ પોતે જ ગૂંચવાયેલો હોય તો વાર્તા નબળી પૂરવાર થાય છે. જયંત ખત્રીને એમના મિત્ર બકુલેશે વાર્તા લખતા કર્યા. એમણે એક જગ્યાએ કહ્યું છે કે : 'એકવાર મોપાસાની વાર્તાઓનો સંગ્રહ બકુલેશે મને વાંચવા આપ્યો એ વાંચતા વાંચતા વાર્તાકાર તરીકેની વૃત્તિ મારામાં જાગૃત થઈ અને મેં એક વાર્તા લખી. વાર્તાનું શિલ્પ મને મોપાસા પાસેથી જડ્યું અને હું વાર્તા લખતો થયો.' એમણે લખેલી પ્રથમ વાર્તા અંગેની વાત પણ રસપ્રદ છે. એ વખતે પ્રગતિશીલ વાર્તાકારો મુંબઈની માટુંગાની હોટલમાં ભેગા થતા. ખત્રી પણ એમાં જતાં. એમાં કોઈએ ટકોર કરી કે ખત્રી તો વાર્તા લખતા નથી તો કઈ હેસિયતથી અહીં આવે છે ? એ ટકોરને એમણે પડકાર માની લીધો અને બીજા દિવસે 'વરસાદની વાદળી' નામની વાર્તા લખી. એમ છતાં આપણે એ સમજવું જોઈએ કે કોઈની ટકોર કે વાર્તાઓ વાંચીને અભ્યાસ કરવાથી જયંત ખત્રી જેવા સમર્થ વાર્તાકાર બની શકાતું નથી. એમનામાં મૂળભૂત રીતે જ વાર્તાની બધી સામગ્રી ભરી પડેલી હતી.'

'ક્યારેક નાનો બનાવ પણ ખત્રીના ચિત્ત પર બહુ મોટી અસર કરી જતો. આ સંદર્ભમાં એમની બે વાર્તાઓ વિશે થોડીક વાત કરીશ. એક વાર એ જ્યારે ભૂજથી માંડવીના ઊંચા-નીચાણવાળા રસ્તા પર બસમાં જતા હતા ત્યારે બસ ઊંચાણવાળી જગ્યા પર આવતા એમણે જોયું કે એક સ્ત્રી કંતાનથી બાંધેલી જગ્યામાં સ્નાન કરી રહી હતી અને એનું પાણી જે ઢોળાવ પરથી નીચેની તરફ વહેતું હતું એ પાણીના રેલાનો આકાર નાગ જેવો હતો. એમાંથી નાગના પ્રતિકને લઈને એમને 'નાગ' વાર્તા સૂઝી હતી. આ ઘટનાને આમ તો વાર્તા સાથે કશો સંબંધ નથી, પણ વાર્તા ક્યાંથી મળે છે એ જોવાની ખૂબી છે ! એમનો પ્રથમ સંગ્રહ 'ફોરાં' 1944માં પ્રગટ થયો અને છેલ્લો વાર્તાસંગ્રહ 'ખરા બપોર' એમના મૃત્યુ પછી 1968માં પ્રગટ થયો હતો. આટલા લાંબા સર્જનકાળ દરમિયાન ગ્રંથસ્થ થયેલી 41 જેટલી વાર્તાઓ એમણે આપણને આપી છે. કેટલીક અગ્રંથસ્થ સામાયિકોમાં પડી છે. આટલી ઓછી વાર્તાઓ લખી હોવા છતાં પણ શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ કહે છે તેમ આપણે કહી શકીએ કે આપણી નવલિકાઓમાંનું એક શિખર શ્રી જયંત ખત્રીની વાર્તાઓથી સિદ્ધ થયું છે.'

એમની બધી વાર્તાઓ વિશે વાત કરવું શક્ય નથી પણ કેટલીક વિલક્ષણ વાર્તાઓ પૈકીની એક 'લોહીનું ટીપું' વિશે થોડી વાત કરું. આ તેમની ખૂબ જાણીતી વાર્તા છે. અઠંગ ગુનેગાર બેચર, જેલમાંથી છૂટીને ગામ તરફ આવે છે, રસ્તામાં નદીમાં પૂર હોય છે, જઈ શકાતું નથી. ધર્મશાળામાં બધા સાથે એને રોકાવું પડે છે. ત્યાં એક સોળ વર્ષની કુંભારણ કન્યાને સાચવવાની જવાબદારી એના પર આવે છે. એ જુએ છે કે ચાંદની રાતમાં, માદક વાતાવરણમાં એ સામે પથ્થર પર અલ્લડ સૂતી છે – સાડા પાંચ વર્ષની શારીરિક ભૂખને કારણે એ પેલી કન્યા પર બળાત્કાર કરવા તત્પર થાય છે. પણ એ જ વખતે એના મનમાં જાગેલા 'ઈષ્ટ' અને 'અનિષ્ટ' વચ્ચેના સંઘર્ષમાં ઈષ્ટનો વિજય થાય છે અને એ પેલી છોકરી પર એ બળાત્કાર કરતો નથી. તે બચી જાય છે. સવારે એને ખબર પડે છે કે બીજો કોઈ હવસખોર છોકરી પર બળાત્કાર કરી ગયો છે. એ ધૂંધવાય છે, અપરાધભાવ જાગે છે કે તે કન્યાનું રક્ષણ કરી શક્યો નહીં. એ કન્યાને પોતાની ઘરે લઈ જાય છે ત્યાં એને ખબર પડે છે કે બળાત્કાર કરનાર કોઈ બીજો નહોતો, એનો જ પુત્ર હતો ! આ આઘાત એ સહન કરી શકતો નથી. બેચર એની પત્નીને પૂછે છે કે આ કોના લોહીનું ટીપું છે ? એથીયે વધારે આઘાતજનક પ્રશ્ન તો એની પત્ની બેચરને પૂછે છે કે હુંયે તમને પૂછું છું કે આ કોના લોહીનું ટીપું છે ? આ કુકર્મનો બધો બોજ અંતે બેચર પર આવી પડે છે. આ રીતે ખત્રીએ માનવજીવનની મથામણો રજૂ કરી છે.' પોતાના વક્તવ્યની સમાપ્તિમાં વીનેશભાઈએ જણાવ્યું હતું કે : 'છેલ્લે એટલું કહેવાનું મન થાય છે કે જયંત ખત્રીના મનમાં જે આવ્યું, જેટલું બધું આવ્યું, જે પ્રકારની વિશિષ્ટતાઓ સાથે એમના વાર્તા સર્જનમાં પ્રગટ્યું એ આપણા જેવા સર્જકોમાં પણ જન્મે તો કેટલું સારું ! અફાટ રણ અને અસીમ દરિયાનો જો આપણે તાગ મેળવી શકીએ તો જ જયંત ખત્રીની વાર્તાઓનો તાગ મેળવી શકીએ…'

એક ગુજરાતી, એક ભારતીય અને એક આંતરાષ્ટ્રિય – એમ ત્રણ વાર્તાકારો વિશેની આ સંગોષ્ઠિ પૈકી હવે ભારતીય વાર્તાકાર તરીકે 'મન્ટો'ની વાત **શ્રી મહેન્દ્રસિંહ પરમારે** રજૂ કરી હતી. વક્તવ્યની શરૂઆત કરતાં તેમણે જણાવ્યું હતું કે 'મન્ટો એના સમયનો વાર્તાકાર નહોતો. એ એના સમય કરતાં પચાસ-સો વર્ષ આગળ જન્મ્યો હતો એમ કહેવાય છે. હવે એ આજના સમયનો વાર્તાકાર છે કે કેમ ? તો આપણે કહેવું પડશે કે તે આજના સમયનો વાર્તાકાર તો છે જ પણ હવે પછીના પચાસ વર્ષ પછીનો પણ એ વાર્તાકાર રહેશે. અહીં એક ખાસ વાત મારે એ કહેવી છે કે જેમ જયંત ખત્રીને વાર્તા કહેતા આવડે છે તેમ મન્ટોને વાર્તા બતાવતા આવડે છે. એમણે વાસ્તવિકતાને બહુ વિલક્ષણ રીતે જોઈ. વાસ્તવિકતાથી વધારે ચોંકાવનારી, ક્રુર અને જોખમી વસ્તુ બીજી કોઈ નથી હોતી. 'સિયા હાસયે' નામે મન્ટોએ નાની-નાની કથાઓ કીધી છે જેમાંની કેટલીક હું આપને સંભળાવું. એનો અનુવાદ શરીફાબેને કર્યો છે.

[1] વિનમ્રતા

ચાલુ ગાડીને રોકી દેવામાં આવી. જે બીજા ધર્મના હતા એમને બહાર કાઢીને તલવારો અને બંદુકોથી મારી નાખવામાં આવ્યા. એ કત્લેઆમથી પરવાર્યા પછી ગાડીના બીજા મુસાફરોની દૂધ, ફળ અને હલવાથી આગતા-સ્વાગતા કરવામાં આવી. ગાડી ઊપડતા પહેલાં આગતા-સ્વાગતા કરનાર માણસે મુસાફરોને સંબોધીને કહ્યું : "ભાઈઓ અને બહેનો, અમને ગાડીના આગમન બાબતે બહુ મોડી જાણ થઈ હતી. આ જ કારણસર અમારે તમારી કરવી હતી એવી આગતા-સ્વાગતા કરી શક્યા નથી."

[2] જોડા

ટોળાએ રસ્તો બદલ્યો અને ટોળું સર ગંગારામના પૂતળા પર તૂટી પડ્યું. લાઠીઓ, ઈંટ, પથ્થર જે હાથ આવ્યું તે. એકે મોઢા પર ડામર ચોપડ્યો. બીજો જોડાનો હાર બનાવી પૂતળાના ગળા પર પહેરાવવા આગળ વધ્યો. એટલી વારમાં પોલીસ આવી પહોંચી અને ગોળીબાર શરૂ થઈ ગયો. જોડાનો હાર પહેરાવનારો ઘાયલ થઈ ગયો. એટલે પછી સારવાર માટે એને 'સર ગંગારામ હોસ્પિટલ'માં મોકલી આપવામાં આવ્યો !

[3] ઠપકો

જો યાર, તેં કાળાબજારનો ભાવ તો લીધો અને
એવું ભંગાર પેટ્રોલ દીધું કે એક પણ દુકાન ન બળી.

[4] જેલી

સવારના છ વાગ્યામાં પેટ્રોલ પંપની પાસે બરફની લારીવાળાને કોઈએ છરો માર્યો. સાત વાગ્યા સુધી એની લાશ ત્યાં સડક પર જ પડી રહી અને એની પર બરફનું પાણી ટપકતું રહ્યું. સવા સાત વાગે પોલીસ લાશ લઈ ગઈ. બરફ અને લોહી ત્યાં સડક પર જ પડ્યા રહ્યાં. પછી ત્યાંથી એક ઘોડાગાડી પસાર થઈ. અંદર બેઠેલા બાળકે લોહીના તાજા ચમકતા લોંદા તરફ જોયું. એના મોઢામાં પાણી આવી ગયું. એણે એની મમ્મીનો હાથ ખેંચી આંગળીથી ઈશારો કરી કહ્યું કે.... જો મમ્મી જો, જેલી !

ઉપરોક્ત વાર્તાઓમાં કશું વિવેચન કરવાની જરૂર નથી. વચ્ચેનો અવકાશ અને ટૂંકા પ્રસંગો દ્વારા જે કહેવાય છે તે આપણા બધા માટે વિવેચન જ છે. 'દેખ કબીરા રોયા' નામની એક શ્રેણીમાં એમણે થોડી વ્યંગકથાઓ પણ લખી છે જેનો એક નમૂનો આ પ્રમાણે છે :

*હરોળમાં ઊભેલા લશકરી જવાનો સામે ભાષણ કરતાં જનરલે કહ્યું :*
*અનાજ ઓછું છે.... કોઈ પરવા નહીં,*
*ઊભો પાક નાશ પામ્યો છે ?..... કોઈ ચિંતા નહીં.*
*આપણા સિપાહી દુશ્મનો સામે ભૂખ્યા પેટે લડશે.....*
*બે લાખ જવાનોએ 'જિંદાબાદ જિંદાબાદ'ના નારા લગાવવા શરૂ કરી દીધા. કબીર ચીસો પાડી પાડીને રોવા મંડ્યો. જનરલને બહુ ગુસ્સો આવ્યો. એમણે બરાડો પાડ્યો કે એલા તું કેમ રડે છે ?*
*કબીરે રડીયલ અવાજે કહ્યું : "ઓ મારા બહાદુર જનરલ, મને એ તો કહે કે ભૂખ સામે કોણ લઢશે ?"*
*બે લાખ જવાનોએ 'કબીર મૂર્દાબાદ'ના નારા લગાવવા શરૂ કરી દીધા.'*

આ બાબતે વધુ વાત કરતાં મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે : 'એમની વિભાજન વિશેની ઘણી કથાઓ છે જેમાંની એક-બે વિશે વાત કરું. એમાંની એક તો છે 'ટોબા ટેક્સિન'. એ વાર્તામાં વિભાજન પછી સરકારને એવો વિચાર આવે છે કે આપણે દેશના બે ભાગાલા તો પાડી દીધા પણ હજી પાગલોના ભાગલા પાડવાના બાકી છે ! પાગલોને આપણે સ્વસ્થાને પહોંચાડવા જોઈએ. કોઈ પણ સમયની આ 'ગ્રેટેસ્ટ પોલિટિકલ-કલાસિકલ શોર્ટ સ્ટોરી' છે. મન્ટો જે રીતે વાત કરતા જાય છે એ બહુ રસ પડે એવું છે. પાકિસ્તાનના પાગલખાનામાં રહેતા

પાગલોનું એક ચિત્ર એ રચે છે. એ પાગલો એક ગજબ પ્રકારની મૂંઝવણમાં છે કે એ બધા અત્યારે ક્યાં છે ? ભારતમાં કે પાકિસ્તાનમાં ? કેમ કે સિયાલકોટ જે પહેલા ભારતમાં હતું એ હવે પાકિસ્તાનમાં આવી ગયું છે. શું ખબર આજે કરાંચી પાકિસ્તાનમાં છે એ કાલે ભારતમાં આવી જાય તો ? – આ બધા પાગલોના વિચારો છે ! પાગલો જ વિચારી શકે એવા વિચારો છે ! એક પાગલ છે એ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવી બેભાન થઈ જાય છે. બીજો પાગલ છે એને સખત મૂંઝવણ છે કે એ ભારતમાં છે કે પાકિસ્તાનમાં ? એને કશી સમજ નથી પડતી... બહુ મૂંઝવણથી એ ઝાડ પર ચઢી જાય છે. ઝાડ પર ચઢીને મોટા ભાષણ આપવા માંડે છે. નીચે કોઈ પૂછે છે તો એ કહે છે કે મારે ભારતમાંય નથી રહેવું ને મારે પાકિસ્તાનમાંય નથી રહેવું. મારે આ ઝાડ પર રહેવું છે. વાર્તા પૂરી થવાની છે ત્યારે એ ઝાડ ‘નો મેન્સ લેન્ડ’ નામની એક જગ્યા બનવાનું છે અને એ ‘ટોબા ટેક્સિન’ નામનું એવું સ્થાન બનવાનું છે એ દુનિયામાં ક્યાંય છે નહિ. પાગલોની અદલાબદલીની તારીખ નક્કી થાય છે. પછી પાકિસ્તાનમાંથી એ પાગલોને હિંદુસ્તાન વળાવવાના છે. બિસનસિંગ નામનો પાગલ પોલીસને પૂછે છે કે મારું ‘ટોબા ટેક્સિન’ ક્યાં છે ? પોલીસ કહે છે એ તો પાકિસ્તાનમાં છે ! બિસનસિંગ દોટ મૂકે છે. વચ્ચે એક ઝાડ પાસે ઊભો રહી જાય છે. ફસડાઈ પડે છે. બધા એને જ ‘ટોબા ટેક્સિન’ કહે છે. એ ફસડાઈ પડેલા ટોબા ટેક્સિનની એક બાજુ પાકિસ્તાનની સરહદ હતી અને બીજી બાજુ ભારતની સરહદ હતી અને વચ્ચે જે જગ્યા હતી એ કદાચ એનું ‘ટોબા ટેક્સિન’ હતું. ‘ખોલ દો’ નામની વિભાજનની બીજી વાર્તા. એ પણ એટલી જ પ્રસિદ્ધ છે.

પાંચ વાર્તાઓ માટે એમની પર અશ્લીલતાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આજના સમયમાં આપણે જોઈએ તો એમાં કશું અશ્લીલ નથી. એ ત્યારે પણ અશ્લીલ નહોતી, આજે પણ નથી. એની કળાને સમજવામાં લોકો થાપ ખાતા હતા એની મન્ટોને પારાવાર પીડા હતી. છતાં એને પડી નથી. એ માને છે કે જે જેમ સમજે એમ. એ માનતા કે મનને સમજવું હશે તો શરીરના જંગલમાંથી પસાર થઈને જવું પડશે. ખાસ કરીને સ્ત્રી-પુરુષ સંબંધોની બાબતે મન્ટો બહુ તીક્ષ્ણ છે. વેશ્યાઓ અને એમની પીડા વિશેની પુષ્કળ વાર્તાઓ એમણે લખી છે. એમના જીવનને માઈક્રોસ્કોપની નીચે મૂક્યું છે અને પૂરી સંવેદનાથી કથાઓ આલેખી છે. એ એવું કહેતો કે બધી કોઠાવાળીઓ ‘સ્ત્રીઓ’ હોય છે. જીવનના નહીં ધારેલા ખૂણાઓમાં આપણો આ વાર્તાકાર આપણને અવનવી રીતે લઈ જાય છે. બધાની વાત કરવાનો સમય નથી પણ મન્ટો નામનો જે ‘દસ્તાવેજ’ છે એના થોડા પાના મેં તમારી પાસે મૂક્યા. મન્ટોના અવસાનના સમાચાર મળ્યા એક ઘોડાગાડીવાળાને તો એણે ઘોડાગાડી ઊભી રાખી. પેસેન્જરને કહ્યું કે ઊતરી જાઓ કે મન્ટો સાહેબ મરી ગયા છે હું ગાડી નહીં ચલાવું ! મામૂલી ટાંગા વાળાઓને પણ મન્ટો પ્રત્યે આ ભાવ હતો. છેલ્લે તેઓ બહુ ગરીબીમાં જીવ્યા. ગાડીભાડાના પૈસા નહોતા. આવા સાવ છેવાડાના માણસો સાથે પ્રેમ કર્યો અને વાર્તાકારે ઠીક ઠીક અનુકરણ કરવા જેવી, અને અનુકરણ ન કરી શકાય એવી પ્રયુક્તિઓ આપણી સામે મૂકી. એમાંની થોડી વાત આપ સૌ સામે કરવાનો મોકો મળ્યો એને હું મારું સદભાગ્ય સમજી આપ સૌને વંદન કરું છું.’ એમ કહીને મહેન્દ્રભાઈએ પોતાની વાત પૂરી કરી હતી.

ત્યાર પછી આંતરાષ્ટ્રિય વાર્તાકાર ચેખોવ વિશે **શ્રી સુમન શાહે** વાત કરી હતી. પ્રારંભમાં તેમણે જણાવ્યું હતું કે : ‘1965માં મારું પહેલું પુસ્તક ‘ત્રણ બહેનો’ પ્રકાશિત થયેલું એ ચેખોવના જગવિખ્યાત નાટક ‘થ્રી સિસ્ટર્સ’નો અનુવાદ છે. આમ, ચેખોવ સાથે મારો સંબંધ ઘણો જૂનો છે. નાટક અને વાર્તા એમ બંનેમાં ચેખોવનું અદ્વિતિય

કામ છે. જ્યારે એમના નાટકની વાત કરીએ તો વાર્તા યાદ આવે અને વાર્તાની વાત યાદ કરીએ તો નાટક યાદ આવે. જેટલું કહીએ એટલું ઓછું લાગે. તેઓ પોતે ડૉક્ટર હતા. 1860માં જન્મ અને 1904માં મૃત્યુ. માત્ર 44 વર્ષ જીવેલા પરંતુ મનુષ્ય જીવનની ભાતને એમણે બરાબર આત્મસાત કરેલી. એમણે એમ માનેલું કે મનુષ્ય જીવનમાં દુ:ખ અને વ્યથા સિવાય કશું છે નહિ અને તે નાટકોમાં તેને વ્યક્ત કરતાં. જો કે તેઓ પોતે પ્રસન્ન રહેતા, ખૂબ સાદા અને સરળ હતા. એમણે એમના લેખનમાં ઘણી રમૂજો પણ કરી છે.'

વધુમાં તેમણે વર્ણવ્યું હતું કે : 'વિશ્વના મુક્ત કલાકારોમાં ચેખોવનું સ્થાન છે. સામ્રાજ્યવાદનો એમનો સમય છે. એમના સમયમાં અમલદારો બહુ ચઢી વાગેલા જેના વિશે કેટલીક વાતો એમની નાનકડી વાર્તાઓમાં દેખાય છે. 'કાચિંડો' નામની વાર્તામાં એક માણસને કૂતરું કરડે છે. પોલીસે તો એને મદદ કરવી જોઈએ પણ પોલીસ ઊભી છે ત્યાં અમલદારો આવે છે. પોલીસ એની સાથે વાતોમાં પરોવાય છે અને જેને કૂતરું કરડ્યું છે એનું કોઈ ધ્યાન આપતું નથી. એ અમલદારો વળી બીજા અમદારોની વાતોમાં છે. એ રીતે વાર્તાના પટમાં અમલદારોની વાત મૂકી છે. ખરેખર કૂતરું કોઈ અમલદારનું હતું ! 'કારકૂનનું મૃત્યુ' વાર્તામાં એક મોટી સભામાં બેઠેલા કારકૂનને છીંક આવે છે. એના છાંટા આજુબાજુ ઊડે છે તે એણે જોયું કે આગળ બેઠેલા મોટો માણસ પોતાની ટાલ લૂછે છે. પેલાને થાય છે આ તો મોટા જનરલ માણસ છે. મારે માફી માગવી જોઈએ. આખી વાર્તા દરમિયાન એ માફી માગવાનો પ્રયત્ન કર્યા કરે છે પણ બંને વચ્ચે સંક્રમણ સધાતું નથી. જનરલને એમ કે આ મારી ઉડાવે છે. છેવટે એ ચિઠ્ઠી લખીને જનરલની ઘેર માફી માગવા જાય છે. જનરલ એને ધુત્કારી કાઢે છે. આ માણસ લથડતો ઘેર આવે છે, સોફામાં બેસી પડે છે અને ચેખોવ આપણને કહે છે કે એ મરી ગયો. સંસ્કારી માણસ મરી ગયો એટલે કે અહીં સંસ્કારીતાનું મૃત્યુ થયું. આવી નાની વાર્તાઓ દ્વારા અમલદારશાહી સામે એમણે સરસ લખ્યું છે.'

'ચેખોવે સમગ્ર જીવનકાળ દરમિયાન 647 વાર્તાઓ લખી છે. 20મા વર્ષે 1880માં પ્રથમ વાર્તા લખી હતી. એમણે લખવાની શરૂઆત છાપાઓથી કરી. પૈસાની ખેંચ અને દાક્તરીનું મોંઘું ભણવાનું હોવા છતાં વાર્તાઓ લખવાનું તો એમનું ચાલુ જ રહ્યું. એમની માતા એમને સરસ વાર્તાઓ કહેતા. એ વારસો ચેખોવને મળ્યો છે. એમની વાર્તાઓમાં ઘણું ઊંડાણ હોય છે. એવી એક એમની વાર્તા છે કારકૂન વિશેની. એ કારકૂન કામવાળીબાઈ સાથે કૂકર્મ કરે છે અને છેક ત્યાં સુધી કે એને બાળક જન્મે છે. કામવાળી એનો બદલો લેવા કારકૂનને ધમકાવે છે કે હું તમારી પત્નીને કહી દઈશ. હવે પેલો ગભરાય છે. બાળકને એના દરવાજા સુધી પહોંચાડવામાં આવે છે. અંદર પત્ની છે. પેલો બહાર વિચારે છે કે શું કરું ? કોઈના ઘર પાસે મૂકી આવું ? પણ જો કોઈ જોઈ જાય તો ? લઈને રસ્તામાં તો નીકળે છે પણ છેવટે વિચાર બદલાય છે કે આ આમ તો મારું જ બાળક છે. મજા મેં કરી સજા એ હવે કેમ ભોગવે ? એને લઈ જતો અને પાછો આવતો બતાવવો એ વાર્તાનો કથા પટ છે. અંતે પત્નીના હાથમાં એ બાળક મૂકે છે પણ કબૂલ નથી કરી શકતો કે એ પોતાનું છે. ચેખોવ અહીં કહેવા માગે છે કે ત્યજાયેલું બાળક આખરે ત્યજાયેલું જ રહે છે. એનો ધણી થવા કોઈ તૈયાર હોતું નથી. ચેખોવની વાત કહેવાની રીત બહુ સરળ છે પણ એમાં જે સૂચન હોય છે એ બહુ અઘરું હોય છે. ઘણીવાર જલ્દીથી પકડી ન શકાય એવું હોય છે.'

સુમનભાઈએ વધુમાં ચેખોવની 'ધ ડાર્લિંગ' વાર્તા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે : 'ધ ડાર્લિંગમાં વોલ્ગા નામની સ્ત્રીનું પાત્ર છે. એનાથી પ્રેમ કર્યા સિવાય રહી શકાતું નથી. નાની હતી ત્યારે પિતાને પ્રેમ કરે. પિતા એનું પ્રિય પાત્ર. નિશાળે ગઈ ત્યારે ત્યાંના ફ્રેન્ચ શિક્ષકને પ્રેમ કરે. માસીને ત્યાં જાય તો માસીને પ્રેમ કરે. એનું બંધારણ જ એ પ્રકારનું હતું કે એ પ્રત્યેકને ચાહ્યા વિના ન રહી શકે. હકીકતે તો માણસના સ્વભાવનું આ મૂળ લક્ષણ છે. એના જીવનમાં ચાર પુરુષો આવે છે. પહેલો આવે છે એક નાટકવાળો. એને એની સાથે પ્રેમ થયો અને લગ્ન થયા. એ તો એના ધંધામાં જ જોડાઈ ગઈ. નાટકમાં એને પૂરી મદદ કરે. પતિ જેમ કહે એ પ્રમાણે નાટકનો પ્રચાર કરે. એવામાં એનો પતિ ગુજરી ગયો. હવે કેમ ગુજરી ગયો એમ નહીં પૂછવાનું. ચેખોવ સ્પીડથી જાય છે એટલે એમની વાર્તાઓમાં આવું બધું બનવાનું. એકવાર રસ્તામાં લાકડાનો એક વેપારી મળે છે જે એને દિલાસો આપે છે. એની જોડે થોડો સંબંધ વધતા પ્રેમ થાય છે અને લગ્નમાં પરિણમે છે. પરણીને એ એના વ્યવસાયમાં જોડાઈ જાય છે અને લાકડાનો વેપારી જે રીતે વેપાર કરે એની ભાષા એ બોલવા લાગે છે. નાટકની વાતો તો સાવ ભૂલી જાય છે ! કોઈ પૂછે તો કહે કે નાટક જોવાનો સમય જ ક્યાં છે ! પતિને સાનુકૂળ થઈને રહે છે. આ વેપારી પણ મૃત્યુ પામે છે. ત્રીજો એને મળ્યો ઢોરોનો ડૉક્ટર. તમે માનશો કે એણે એની સાથે પણ લગ્ન કરી લીધા હશે... પણ ના. ચેખોવ કંઈ એવું ગાંડપણ કરાવે એવા નથી ! આ માણસ હકીકતે પરણેલો હતો પણ છૂટાછેડા લઈને આવેલો. છૂટાછેડા લીધેલી પત્ની અને સંતાનો બીજે ગામ રહેતા હતા. વોલ્ગા અહીં મિત્ર બને છે, લગ્ન નથી કરતી. એ સુમેળ કરવા એને સમજાવે છે. છેવટે ઢોરોના ડોક્ટરની બદલી થતા એને બીજે ગામ જવું પડે છે. વોલ્ગા હવે છૂટાછેડા લીધેલી પત્નીના છોકરા 'સાશા' ને મોટો કરે છે, ભણાવે છે, શિક્ષણ આપે છે અને એમ તેનું ઘડતર કરે છે. આમ, વોલ્ગાએ દીકરી તરીકે પિતાને પ્રેમ કર્યો, વિદ્યાર્થી તરીકે શિક્ષકને પ્રેમ કર્યો, પ્રથમ પત્ની તરીકે પુરુષને પ્રેમ કર્યો, બીજી પત્ની તરીકે પણ રહીને પુરુષને ચાહ્યો, મિત્ર તરીકે રહીને પણ પુરુષને ચાહ્યો અને છેવટે પ્રેમની ચરમસીમારૂપ માતૃતુલ્ય પ્રેમ કરીને પેલા બાળકને ઉછેર્યો. ચેખોવ પ્રેમને ધીમે ધીમે કેવી ઊંચાઈએ લઈ જાય છે તે જુઓ ! પોતાનું બાળક નહોતું એને પણ વોલ્ગાએ પ્રેમ કર્યો. આટલી બધી તાકાતવાળું પાત્ર ચેખોવે ઊભું કર્યું. સ્ત્રીનું કેટલું મોટું સામર્થ્ય એમણે છતું કર્યું. એ જીવનમાં કેટકેટલું સહન કરી શકે છે એની વાત એમણે આ વાર્તાથી બતાવી.'

સમાપનમાં સુમનભાઈએ જણાવ્યું કે 'ચેખોવની વાર્તામાં આખું 'એટમોસ્ફિયર' ઊભું થાય છે અને વાર્તામાં એક 'ટોન' દેખાતો હોય છે જે આજની વાર્તામાં દેખાતો નથી. ચેખોવ સિદ્ધાંતમાં પકડાય એવા નથી પણ એ સિદ્ધાંત બદલાવે તેવા છે. તમે ટૂંકીવાર્તાની જે કોઈ સમજ ચેખોવ પાસે લઈને જાઓ એ ખોટી પડે ! ચેખોવને દરેક જણે જાતે વાંચવો જોઈએ અને એમની એક એક વાર્તા વાંચવી જોઈએ તો ચેખોવ વધારે સમજાશે.'

## [પ્રથમ દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-2]

પ્રથમ દિવસની સાંજે યોજાયેલી આ સંગોષ્ઠિનો વિષય હતો : 'કવિકર્મપ્રતિષ્ઠા અને કાવ્યપાઠ'. જેમાં શ્રી હર્ષદ ત્રિવેદીએ કવિશ્રી અનિલ જોશીની કવિતા વિશે વક્તવ્ય આપ્યું હતું અને ત્યારબાદ કવિશ્રી અનિલ જોશીએ કાવ્યપાઠ પ્રસ્તુત કર્યો હતો. તે જ પ્રમાણે શ્રી જયદેવ શુક્લએ કવિશ્રી ભગવતીકુમાર શર્માના સર્જન વિશે

વિસ્તારપૂર્વક વાત કરી હતી અને ત્યારબાદ શ્રી ભગવતીકુમાર શર્માએ કાવ્યપાઠ કર્યો હતો. આ સંગોષ્ઠિનું સંચાલન શ્રી હરિશ્ચન્દ્રભાઈ જોશીએ કર્યું હતું.

કવિશ્રી અનિલ જોશીના કવિકર્મ વિશે વાતની શરૂઆત કરતાં **શ્રી હર્ષદભાઈ**એ જણાવ્યું હતું કે : 'આજે કવિકર્મની પ્રતિષ્ઠા કરવાની છે. આપણે કોઈ પણ સારું કામ કરવા જતા હોઈએ તો શુભ મૂહુર્ત જોઈએ દિશા જોઈએ. તે પછી શુભ સંકેતો વિધિવિધાનો ભેગા કરીએ. એક સારું કામ કરવા આખું વાતાવરણ શુદ્ધ કરવું પડતું હોય છે. બધી વસ્તુને અનુકૂળ કરવી પડે છે. એ એટલા માટે કે પેલી જે પ્રતિષ્ઠા કરવાની છે એમાં વાતાવરણની મદદ મળી રહે.' તેમણે કહ્યું હતું કે : 'અનિલ જોશી મુખ્યત્વે ગીતકાર છે. એમણે અછાંદસ, છાંદસ રચનાઓ અને ગદ્ય કાવ્યો પણ લખ્યા છે. પરંતુ મુખ્યત્વે એમની જે મુદ્રા છે એ ગીતકવિની મુદ્રા છે. આજે આપણે એની સ્થાપના કરવાના છીએ. એમના કુલ ત્રણ કાવ્યસંગ્રહો છે. એમાં પ્રથમ કાવ્ય સંગ્રહ 'કદાચ' 1970માં. તેમાં કુલ 50 કાવ્યો છે જેમાં 31 ગીત છે. બીજો કાવ્યસંગ્રહ એમનો 'બરફના પંખી' એ 1981માં આવ્યો. એમાં 56 કાવ્યો છે. સાત કાવ્યો એમણે 'કદાચ'માંથી પુન:મુદ્રિત કર્યા છે. આમ કુલ 49 કાવ્યો બરફના પંખીની પોતાની રિદ્ધિસિદ્ધિ છે. ત્રીજો કાવ્યસંગ્રહ 'ઓરા આવો તો વાત કરીએ...' આ થોડો વિલક્ષણ છે. 2002માં પ્રગટ થયો છે. તેમાં 'કદાચ' અને 'બરફના પંખી' એ બંનેને આખેઆખા મૂકવામાં આવ્યા છે, અને પાંચ અગ્રંથસ્થ કાવ્યો એમાં ઉમેરાયા છે. એટલે મારી દષ્ટિએ તે પાંચ રચનાઓનો સંગ્રહ ગણાય ! સુરેશ દલાલે અનિલ જોશીની કવિતાઓનું એક સંપાદન કર્યું છે જેનું શીર્ષક છે 'ઘેટા ખોવાઈ ગયા ઊનમાં'. એ 1991માં થયું. એમાં 'કદાચ'માંથી 23 રચનાઓ, 'બરફના પંખી'માંથી 23 રચનાઓ અને પેલી પાંચ રચનાઓ તેમાં સંગ્રહ થઈ છે. લગભગ 31 રચનાઓ એમની હજુ સુધી સામાયિકોમાં છપાયેલી પડી છે જે ગ્રંથસ્થ થઈ નથી. સંખ્યાની રીતે જોઈએ તો અનિલ જોશી કરતાં વધુ કવિતાઓ આપનારા કવિઓનો આપણે ત્યાં તોટો નથી અને તેમ છતાં અનિલ જોશીનું આધુનિક કવિતામાં બહુ મહત્વનું નામ ગણીએ છીએ એ કેમ ? શા માટે ? એની ક્રમશ: આપણે વાત કરીએ.

વાતના અનુસંધાનમાં તેમણે જણાવ્યું કે : 'સૌપ્રથમ તો આપણે એ જોવું પડે કે અનિલ જોશીની પૂર્વે ગુજરાતી ગીતકવિતાનું કેવું પરિદ્રશ્ય છે ? કોઈ કવિ હવામાંથી આવતો નથી. તે એની પરંપરામાંથી આવે છે. કોઈ કવિ પરંપરાને બાદ કરીને તો જન્મી જ ન શકે. ઉમાશંકર જોશીએ લખ્યું'તું કે : 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા....' સુન્દરમે એમ લખ્યું કે : 'મેં એક અચંબો દીઠો, દીઠો મેં ઘર ઘર કૃષ્ણ કનૈયો.' અથવા 'મેરે પિયા મેં કછું નહીં જાનું, મેં તો ચૂપ ચૂપ ચાહ રહી...' આ પછી એક વચગાળાના એક કવિ છે બહુ જ લોકપ્રિય થયેલા, એમનું નામ ઈન્દુલાલ ગાંધી.... 'મારા સ્વપ્ન નગરની શેરીમાં એક રાધા રમવા આવી'તી, ના ગીત હતું નહોતી બંસી, તોય ઘર ઘર ભમવા આવી'તી...' અથવા 'એક વાર હું અને મીરાં મથુરામાં ગ્યાં'તાં, ઘુઘરીને ઘમકારે ઘેલા ઘેલા થ્યા'તાં.'... હવે ત્યાંથી સહેજ બહાર આવો એટલે રાજેન્દ્ર શાહ : 'ભાઈ રે આપણા દુ:ખનું કેટલું જોર ! નાની એવી જાતક વાતનો મચાવીએ નહીં શોર !' નિરંજન ભગત કહે કે હું તો બસ ફરવા આવ્યો છું, હું ક્યાં એકેય કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?...' એ પછી પ્રજારામ રાવળ : 'જેમ રે કપૂર જાય છે ઊડી, સુરભિત શ્વાસે શ્વાસે.. અંતર મારું જાય રે ઊડી, ગગને કોઈની પાસે...' એવા બીજા એક કવિ મીનપિયાસી : 'કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ, ચકલાં ઊંદર ચૂ ચૂ ચૂ... અને છછુંદરોનું છૂ છૂ છૂ....' ત્યાર બાદ ઉશનસ સાહેબ, 'બાઈ રે

તારા ભાગ્ય મહાબળવાન. અમૃતપ્રાશન હાર એ તારા ગોરસ માગે કાન …' અને જયંત પાઠક : 'થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં…' બાલમુકુન્દ દવે એમ કહે કે 'ફૂલ રે નથી ફોરમ ફોરતી… મઘમઘતા અત્તરીયા ઘાટ…' વેણીભાઈ એમ કહે કે : 'ઊનાં રે પાણીનાં અમે અદ્દભુત માછલાં… એમાં આસમાની તેજ…' પછી મકરંદ દવે : 'અમે રે સૂકું રૂનું પૂમડું…. તમે અત્તર રંગીલા રસદાર…' કે પછી 'ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ….' સરોદ : 'અમને ગુરુ મળ્યા છે ગરવા, એના શબ્દો ગયા છે સોંસરવા…' તો સુરેશ દલાલે એમ લખ્યું કે 'તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી, મને સૂતી અને સપને જગાડ્યા કરી….' હરિન્દ્રભાઈ એમ લખે કે : 'દૂધે ધોઈ ચાંદની અને ચાંદનીએ ધોઈ રાત… એવામાં જો મળે તો વાલમ માંડું વાત….' , 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા…' કે 'માધવ ક્યાંય નથી મધુવનમાં.' …… અને આ ગીતોના વાતાવરણ પછી અચાનક એક મોટો બ્રેક આવે છે અને એ બ્રેક છે રાવજી પટેલ, મણિલાલ દેસાઈ તથા પ્રિયકાન્ત મણિયાર. 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા….' અથવા 'તમે રે તીલક રાજા રામનાં…' , મણિલાલનું 'ઊંબરે ઊભી સાંભળું બોલ વાલમના…' મણિયારનું 'આ નભ ઝૂક્યું તે કાનજી….' તો આ છે અનિલ જોશી પૂર્વેની ગુજરાતી કવિતાનું એક ચિત્ર.'

'આ કવિએ હમણાં જે ગણાવ્યા એ કવિઓની પરંપરા તો સાચવી જ સાથે લોકગીતોની પરંપરા પણ સાચવી. આ બધાના ઉત્તમ અંશો સાથે લઈને અનિલ જોશી 'આધુનિક' કવિ બન્યા. જગતને કંઈક જુદી રીતે જોવાની એમની ટેવ, આશ્ચર્ય અને આઘાત આપવાની એમની વૃત્તિ આ બધાનો જો સરવાળો કરીએ તો અનિલ જોશીની કવિતાના મૂળ આપણને પકડાય. રમેશ પારેખની પૂર્વે અનિલ જોશી છે. જ્યારે અનિલ જોશીએ ગીતો લખવાની શરૂઆત કરી ત્યારે રમેશ પારેખ તો વાર્તાઓ લખવામાં મસ્ત હતા. અનિલથી પ્રેરાઈને એમણે પણ કાવ્યો લખ્યા. રાવજી અને મણિલાલ દેસાઈએ પાણીકળાની ભૂમિકા ભજવી એમ મને લાગે છે. પાણીકળો એટલે જે જમીન જોઈને કહી દે કે અહીંયા પાણી નીકળશે અને એમાં પહેલો ત્રિકમ મારે છે તે અનિલ જોશી. આ કવિતાનું પરિદ્રશ્ય છે એમાં અનિલ જોશી ગીત લઈને આવે છે : 'અમે બરફનાં પંખી રે ભાઈ… ટહુકે ટહુકે પીગળ્યા…' ગીતના સ્વરૂપને અનીલ જોશીએ અંદર-બહાર એમ બંને તરફથી તોડી-ફોડી નાખ્યું છે. એમ કહેવાય કે પહેલા ધ્રુવપંક્તિ પછી અંતરો અને એનો પ્રાસ પહેલી પંક્તિ સાથે મળતો હોય. પછી બીજો અંતરો આવે, પછી કવિમાં ત્રેવડ હોય તો ત્રીજો અંતરો આવે ! આ ગીતનું સ્વરૂપ છે અને અનીલ જોશીએ ગીતની સમૂળગી વ્યાખ્યા જ બદલી નાખી. પ્રાસાનુપ્રાસ અને લય એમણે સ્વીકાર્યો છે પણ એણે ગીતને ગીત રહેવા દઈને કવિતાની કોટીએ લઈ જવાનું કામ કર્યું. આપણે ત્યાં ઘણા ગીતો એવા છે જે ગીતો જ છે, કવિતા નથી. કવિતા એટલે એક વાતાવરણ, એક ભાવવિશ્વ એવો અર્થ અનિલ જોશીએ આપ્યો. આધુનિક ગીત કવિતાના મંદિરની જો હું કલ્પના કરું તો એનો પાયાનો પથ્થર છે એ અનિલ છે અને શિખર છે એ રમેશ પારેખ છે. તેમણે એક બીજું નવું કામ કર્યું જેમકે 'ભાવસાતત્ય નહીં પણ ભાવસાહચર્ય'. અનિલની કવિતા ક્યારેક 'કોલાઝ વર્ક' જેવી લાગે. અંતરા મુખડાનું અનુસંધાન ન હોય એમ ક્યારેક લાગે ! એવું લાગે કે એક ગીતની અંદર ન લખાયેલા ચાર ગીતો ભેગા થઈ ગયા છે. નજીકથી જોવા જઈએ તો બધું જુદું જુદું ભાસે પણ જરા દૂર જઈને જોઈએ તો એક આખી ડિઝાઈન તમને દેખાશે. જેલી જેવા ચીકણા થઈ ગયેલા ગીતને એમણે થોડું ખરબચડું કર્યું. એની ગેયતા જરા પણ એમણે નષ્ટ કરી નથી.'

કવિકર્મની પ્રતિષ્ઠા કરતાં તેમણે કહ્યું કે : 'આ કવિની વિલક્ષણતા એ છે કે એમને જે પહેલી પંક્તિ મળે છે એ બહુ પાવરફૂલ પંક્તિ મળે છે. જાણે કે God-Gift. શરૂઆત જ એમની શિખરથી થાય ! પૂરેપૂરી ક્ષમતાવાળી, ભરપૂર અને ભારેલી પંક્તિ એમને મળે છે, જાણે કે સરસ્વતીનું વરદાન ! અપાર ઐશ્વર્ય લઈને એ પંક્તિ આવેલી હોય છે. પ્રાકૃતિક દ્રશ્યોનું વળગણ, બે વિરોધી વસ્તુને સાથે મુકવી, રોજબરોજમાં વપરાતી વસ્તુને આવરી લેવી – એ બધી એમની વિલક્ષણતા છે. એક વિશેષતાએ છે કે એ આ કવિ મુંબઈમાં જ વસ્યા છે. અપવાદો બાદ કરતાં એમની કવિતામાં સમગ્ર વાતાવરણ તળપદું છે અને એણે ગામ કદી છોડ્યું નથી, પનિહારી  છોડી નથી, ઘેટાને છોડ્યા નથી, બધું સાથે લઈને જાણે આ કવિ મુંબઈ ગયા છે.

[1]
અમે બરફના પંખી રે ભાઈ,
ટહુકે ટહુકે પીગળ્યાં

લૂમાં તરતો ઘોર ઉનાળો અમે ઉઘાડે ડિલે
ઓગળતી કાયાનાં ટીપાં કમળપાંદડી ઝીલે
ખરતાં પીંછે પડછાતી બપ્પોર મૂકીને નીકળ્યાં !
અમે બરફના પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં

લીલાં-સૂકાં જંગલ વચ્ચે કાબરચીતરાં રહીએ
નભમાં ઊડતાં સાંજ પડે તો સોનલવરણાં થઈએ
રાત પડે ને ડાળ ઉપરથી કોયલ થઈને ટહુક્યાં
અમે બરફના પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં

બીજું એમનું સુપ્રસિદ્ધ ગીત છે જે આ પ્રમાણે છે :

[2]
સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે-

પાદર બેસી ફફડી ઉઠતી
ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી
બાળપણાની વાત;
પૈડું સીંચતા રસ્તો આખો
કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી

સૂનકારમાં ડૂબે.

જાન વળાવી પાછો વળતો
દીવડો થરથર કંપે;
ખડકી પાસે ઊભો રહીને
અજવાળાને ઝંખે.

સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

આ કવિ પાસે ધ્વનિ અને રંગોનું ખૂબ સાહચર્ય છે. પંચેન્દ્રિયથી તમારે આ કવિતાને માણવી પડે. 'ઉઘલતી' અહીં વિશેષણ છે. ફેરા વગેરે પતી ગયા પછી જાન પાછી વળવાની તૈયારી છે અને 'મ્હાલે' કારણ કે 'અમે ઈડરિયો ગઢ જીત્યા' એવો ભાવ હોય. આવી સુંદર કન્યા મળી હોય એટલે જાન મ્હાલે છે. હવે એને લઈને ઘરે પરત ફરવાનું છે. 'કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે' આવી અભિવ્યક્તિ જ ગુજરાતી ગીતમાં પહેલી વખત આવી ! ક્યાંય વરનું નામ જ નથી. ફળિયું કંઈ કોઈ લઈ જવાનું નથી, પણ એ ફળિયું લઈ જાય છે જ્યાં આ કન્યા નાનપણથી માંડીને આટલા વર્ષો સુધી રમતી હતી, તોફાન કરતી હતી. એ જીવંત ફળિયું આ કન્યા જવાથી ફળિયું રહેતું નથી. અમૂર્ત ભાવોનું મૂર્તિકરણ એ આ કવિનો સૌથી મોટો રસનો વિષય છે. મનમાં થયા કરતું હોય પણ આપણે નામ ન પાડી શકીએ એવો ભાવ હોય એને કવિ શબ્દ આપે છે. એ તો કન્યાને જ ખબર હોય કે ઘર છોડવું એટલે શું અને નવા ઘરમાં પગ મૂકવો એટલે શું. ઘર ખાલી થતા ફાળ પડે કે ઘર ખાલી થઈ ગયું ? એ તો અમૂર્ત ભાવને મૂર્ત કરે છે. અહીં દીવડો માતા છે, કન્યા ફળિયું છે, સાફો વર છે, ઘરચોળાની ભાત ફફડે એટલે ચિંતા, ભય, આશંકા – એક આખા અનુભવનું આ ગીત છે.'

અંતમાં હર્ષદભાઈએ કહ્યું હતું કે : 'પ્રકૃતિ ગ્રામ-પ્રકૃતિ, ભાવસભર વર્ણન, ઊર્મિ લેતો લય વગેરે એમની કવિતાઓની લાક્ષણિકતાઓ છે. આ કવિ કેટલીક વસ્તુને Maximize કરે છે કેટલીક વસ્તુને Minimize કરે છે. ઘણી નાની વસ્તુ ન દેખાય એને આગળ લાવી મૂકે છે. ઘણી દેખાતી વસ્તુને દૂર મૂકી દે છે. આ કવિ Dimensions સતત બદલતા રહે છે. આધુનિક કવિતાના તમામે તમામ લક્ષણ એમની ગીત કવિતામાં જોવા મળે. અનિલ અને રમેશને સમજ્યા ન હોવ તો ગુજરાતી ગીત-કવિતામાં તમે કશું ઉકાળી શકો એવું મને લાગતું નથી. આ બે કવિઓને પહેલા સમજવા પડે અને પછી કોઈ પોતાનામાં 'સ્વ-સ્થ' રહીને કામ કરે તો ગુજરાતી ગીતની પરંપરા વધુ આગળ જઈ શકે. આ કવિનું ઐતિહાસિક મૂલ્ય છે.'

શ્રી હર્ષદભાઈના વક્તવ્યબાદ સુપ્રસિદ્ધ **કવિશ્રી અનિલ જોશી**એ કાવ્યપાઠ કર્યો હતો જેમાંના કેટલાક કાવ્યો અહીં પ્રસ્તુત છે :

[1]
ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પહેરી વડલાની વડવાઇ ઝાલીને -

સાંજ હીંચકા ખાય
ને ઊડતી ધૂળનું થાય વાદળું એવું તો ઘનઘોર કે જાણે ધણની ગાયું -
કણકણ થઇને ગોરજમાં વિખરાય.

સાવ અચાનક કાબર-ટોળું ડાળ ઉપરથી ઊડ્યું ને ત્યાં એક પાંદડું તૂટ્યું
વડલાનાં લીલાં પાન વચાળે લાલચટક આકાશ થઇને લાલ પાંદડું ફૂટ્યું
ધૂળની ડમરી ચડતાં એમાં ચક્કર ચક્કર ફરતાં મારા શૈશવના કણ -
પાદરમાં ઘૂમરાય.
ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પહેરી વડલાની વડવાઇ ઝાલીને -
સાંજ હીંચકા ખાય.

ખડના પૂળા લઇ હાથમાં પાછા વળતા લોકવાયરે ઊડતી જાય પછેડી
ઘઉંના ખેતર વચ્ચે થઇને સોમપરીની સેંથી સરખી ગામ પૂગતી કેડી
ધીમે ધીમે ખળાવાડમાં કમોદની ઊડતી ફોતરીઓ વચ્ચે થઇને
સાંજ ઓસરી જાય.
ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પહેરી વડલાની વડવાઇ ઝાલીને -
સાંજ હીંચકા ખાય…

[2]
સૂકી જુદાઈની ડાળતણાં ફૂલ અમે
છાનાં ઊગીને છાનાં ખરીએ
તમે આવો તો બે'ક વાત કરીએ…

ફાગણ ચાલેને એના પગલાંની ધૂળથી
નિંદર ઊડે રે સાવ કાચી,
જાગીને જોયું તો ઊઠે સવાલ, આ તે
ભ્રમણા હશે કે વાત સાચી?
જીવતર આખ્ખુંય જાણે પાંચ સાત છોકરાં
પરપોટા વીણતાં દરિયે…

કેડીના જંગલ ડૂબ્યાં, ને અમે
કાંઠે ઊભાં રહીને ગાતા,
રાતા ગુલ્મ્હોરની યાદમાં ને યાદમાં
આંસુ ચણોઠી થઈ જાતાં !

કોણ જાણે કેમ હવે ઝાઝું જીરવાય નૈ
મરવા દિયે તો કોઇ મરીએ !...

[3]
પીળા પાંદડે ખાઇ લથડિયા ગઇ પાનખર પાનસોંસરી ગઇ,
મથ્યા રોકવા તોય આખરે ગઇ હવા પણ નાકસોંસરી ગઇ.

રણને દરિયે કરવા ચકલી રોજ સવારે
તળાવમાં ટીપું લઇ રણમાં જઇ નાંખે,
દરિયો પૂરવા ખિસખોલીજી રોજ સવારે
રણકણ લઇને દરિયે જઇને નાખે;
સૂરજ સામે તીર તાકતા ભીલ સમા
અંધાર સામે ગઇ કાંકરી કાનસોસરી ગઈ;

પીળા પાંદડે ખાઇ લથડીયાં ગઇ પાનખર પાનસોસરી ગઇ.
મથ્યા રોકવા તોય આખરે ગઇ હવા પણ નાકસોંસરી ગઇ.

[4]
સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.
ડેલી ઉઘાડ, મારું બેડું ઉતાર, કાળ ચોઘડિયે મેં સુધબુધ ખોઈ
સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.

પહેલાં તો એકધારી વહેતી'તી ગંગા ને પાણીનો રજવાડી ઠાઠ!
ઓણસાલ નદીયું નજરાઈ ગઈ એવી કે પાણીમાં પડી મડાગાંઠ

મરચાં ને લીંબુ કોઈ નદીએ જઈ બાંધો
પાણીમાં હોય નહીં બળિયા કે સાંધો
ડાકલા બેસાડીને ભૂવા ધૂણાવો કે પાણીને સીવી ગયું કોઈ
સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.

જાણતલ જોશીડા ઘાટે પધાર્યા ટિપણું ખોલીને વધ્યા વાણી
જળને જન્મોતરીમાં બરફ નડે છે ને બરફને કુંડળીમાં પાણી!
હવે જળની મુસાફરીમાં નડતર બરફ
હવે પાણી પણ કાઢતું નથી એક હરફ

ફળિયામાં સાદડી બેસાડીને પૂછો કે આંખ્યું મે ક્યાં જઈ ધોઈ?
સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.

કવિશ્રી અનિલ જોશીના કાવ્યપાઠ બાદ કવિશ્રી ભગવતીકુમાર શર્માના કવિકર્મ વિશે વાત કરતાં **શ્રી જયદેવ શુક્લે** જણાવ્યું હતું કે : 'મને સાહિત્યનો 'સા' ઘૂંટાવનાર ભગવતીકુમાર શર્મા વિશે આજે મારે બોલવાનું છે ત્યારે સંકોચ અને આનંદ બંને અનુભવું છું. એમના વિશે તો હું શું બોલી શકું ? પણ તેમ છતાં એમની સર્જકતા કઈ કઈ દિશામાં જાય છે, ક્યા કયા પ્રશ્નોને સ્પર્શે છે, એમાં શું શું સિદ્ધ થાય છે, શું નથી થતું અને એમના સમકાલીનોની વચ્ચે કેટલું નોખું પ્રગટાવી શક્યા છે એની આસ્વાદમૂલક વાત કરવાનો પ્રયત્ન કરી જોઉં. સમયની ભીડમાં એકાંતનો સંદર્ભ પામવા મથતા કવિ ભગવતીકુમાર આસપાસના અર્થોના કોલાહલ વચ્ચેથી તાજો નરવો શબ્દ શોધે છે. એકાંત, ઉદાસી, હતાશા, નિરાશા, મૃત્યુનું સંવેદન એ ભગવતીકુમાર શર્માના સર્જનનું કેન્દ્ર છે. ભગવતીકુમારના મને ગમતા એક શેરથી વાતનો આરંભ કરું :

આમ તો છે સાવ થોરીલો સમય
વીતશે તુજ સંગ તે કોમળ હશે.

આપણી આસપાસની કાંટાળી વાસ્તવિકતાથી વારંવાર આપણે છોલાતા રહીએ છીએ. વ્યક્તિને પ્રેમની પળોનો થોડોક છાંયો મળી જાય તો તે ભયાવહ વાસ્તવિકતા જીરવી શકે છે. આ આશા જ માણસને જીવાડે છે અને એથી જ અહીં 'વીતશે' અને 'હશે' એ ભવિષ્યરૂપો મહત્વનાં છે. એમાં સંભાવના છે. ઉત્તમ કળાકૃતિ ભાવકને વિકટ સંજોગોથી ઊંચકી લઈ આનંદલોકમાં લઈ જાય છે. બીજા એક શેરની વાત કરું. 'કોઈ મારી ઉંબરે આવ્યું નહીં' એવી એમની એક પંક્તિ જોઈને કોઈ કહી બેસે કે આમાં કવિતા ક્યાં છે ? ત્યારે આપણે કહેવું પડે કે પહેલાં પૂરો શેર સાંભળ…

કોઈ મારી ઉંબરે આવ્યું નહીં
વહેલ થંભ્યાનો સૂણ્યો'તો કિચૂડાટ.

હમ-રદીફ હમ-કાફિયા પ્રકારની ગઝલનો આ નોંધપાત્ર શેર છે. ગુજરાતી ગઝલમાં કદાચ 'કિચૂડાટ' કાફિયો આજ સુધીમાં પ્રયોજાયો નથી. તેમની ઘણી ગઝલો આ પ્રકારે લખાયેલી જોવા મળશે. ત્રીજો એક શેર લઈએ. પ્રતિક્ષા સતત કરવાની અને નિષ્ફળતા પણ સતત પામવાની. એમ થાય ત્યારે શું થાય ?

લોહીનો રંગ અશ્રુથી ફિક્કો પડી ગયો
ધબકારમાં નિ:શ્વાસથી ખાડો પડી ગયો.

સતતની પ્રતિક્ષા નિષ્ફળ જતાં ધબકારમાં અનેક ગોબાઓ પડી જતા હોય છે. ગઝલના આરંભના આ શેરમાં આધુનિક અભિવ્યક્તિનો સ્પર્શ પામી શકાય છે. ભગવતીકુમાર શર્મા ગઝલ રચે છે ત્યારે ગઝલની પરંપરાને આત્મસાત કરીને કેટલા ફંટાય છે, પૂર્વસૂરિઓએ રચેલી પદાવલીમાંથી કેટલું ગ્રહણ કરે છે; કેટલું છોડે છે અને

તેમાં નીજીસત્વ ઉમેરી ગઝલની પદાવલીઓ કેટલી વિસ્તારે છે એ જોવું રસપ્રદ બને એવું છે. 'કાનખજૂરો' ગઝલમાં 'ઝૂરો' શબ્દને એમણે ચાર વાર પુનરુક્ત કર્યો છે :

જનમ જનમથી મળ્યું મને વરદાન અડાબીડ
માણસ છો તો ઝૂરો ઝૂરો ઝૂરો ઝૂરો

અહીં વરદાન શબ્દ ભાવકને કેવો છેતરે છે ! વરદાન અને શાપ એકાકાર થઈ ગયા છે. ઝૂરવું એ જ જાણે માણસ જાતનું ભવિતવ્ય છે. વર્ષોથી ભગવતીભાઈ સર્જન સાથે પત્રકારત્વ ક્ષેત્રે સતત સક્રિય છે. ગઝલ હોય કે સોનેટ, ટૂંકી વાર્તા હોય કે નવલકથા... ભગવતીભાઈએ પરંપરાગત લેખનથી આરંભ કર્યો હતો અને તે પછી એમની કલમને સતત વિકસાવી છે. એમણે ગઝલની પરંપરાને આત્મસાત કરી છે અને એમના સમકાલીનો આદિલ મન્સૂરી, ચિનુમોદી, મનોજ ખંડેરિયાની પ્રયોગધર્મી સર્જકતાના સંસ્કાર પણ ઝીલ્યા છે. તેમના અત્યાર સુધીમાં આઠ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'સંભવ', 'છંદો છે પાંદડા જેના...' , 'ઝળહળ', 'નખદર્પણ', 'અઢી અક્ષરનું ચોમાસું', 'ઉજાગરો' અને તાજેતરમાં પ્રગટ થયેલ 'ગઝલાયન' નામનો સંગ્રહ પ્રકાશિત થયો છે.'

શ્રી ભગવતીકુમારના અન્ય શેરો વિશે વાત કરતાં તેમણે કેટલાંક શેરો ટાંક્યાં હતાં. અને જણાવ્યું હતું કે : 'આપણે ઊંટ સવારી કે ઘોડેસવારી જેવા શબ્દ જાણીએ છીએ પણ વાઘસવારી શબ્દ સાંભળ્યો નથી.

શક્ય નથી કે ઊતરી પડીએ અધવચ્ચાળે
જીવવું બીજું શું છે ? કેવળ વાઘસવારી

ભગવતીકુમાર શર્માના સ્વભાવથી જરા હટીને ખુમારી વાળી પંક્તિઓ આપણું ધ્યાન ન આકર્ષે તો જ નવાઈ :

બે મત પ્રવર્તે એના વિશે હું તો છું જ છું.
ઈશ્વર ઉપરની મારી આ સરસાઈ તો જુઓ

માણસના તો પડછાયા જ સાચી મિલકત છે એના વિશે કવિ કહે છે :

નથી એની હદ એક તસુ પણ વધુ
આ પડછાયો એ મારું સામ્રાજય છે.

કવિ સમકાલીન માણસોના વિવિધ રૂપો આલેખતાં આલેખતાં માનવ નિયતિની વાત સૂચક રીતે વિરોધની પ્રયુક્તિથી મૂકે છે :

મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે
હતા આપણે મૂળ તડકાના માણસ

તેઓ ગઝલકાર હોવાની સાથે ગઝલ-સ્વરૂપના મર્મજ્ઞ પણ છે. એમણે કહ્યું છે કે : 'ગઝલ લેખન નર્યો વ્યાયામ કે હથોટી ન બની જાય એની ચિંતા તો કરવી જ પડે. તેની આભાસી સુંદરતાના સ્વર્ણમૃગથી લોભાઈએ કે મુશાયરાની લોકપ્રિયતાના મૃગજળ પાછળ દોડીએ તો મોટી હાણ ગઝલની જ થાય. સર્જનમાં જે મર્યાદાઓ છે તે સ્વરૂપ કરતાં સર્જકોની વધારે જણાય છે બાકી હજી નવર્સજનની ઘણી શક્યતાઓ છે. ઉત્તમ સર્જકો હજીયે ગઝલનો મત્સયવેધ કરી શકે છે.' ભગવતીકુમાર શર્મા એક જીવંત સાહિત્ય સંસ્થા બની રહ્યા છે. સૂરતના ગની દહીંવાલા, રતિલાલ 'અનિલ' અને ભગવતીકુમાર શર્માનું ગઝલની કાવ્ય તરીકેની સ્થાપનામાં પ્રદાન મહત્વનું છે. છેલ્લા પચાસ કે એથીય વધારે વર્ષોથી તેઓ ગુજરાત અને ગુજરાત બહાર મુશાયરાઓમાં ભાગ લેતા રહ્યા છે. તેઓ ભાવપૂર્વક અને શુદ્ધ ઉચ્ચાર સાથે ગઝલ રજૂ કરે છે. તાજેતરમાં એમના ધર્મપત્નીનું અવસાન થયું એ નિમિત્તે એમણે બે કૃતિઓ લખેલી એમાંનો એક જ શેર વાંચું છું :

આવી પડ્યો અચાનક સૂનકારના મૂલકમાં
આ પારના મૂલકથી ઓ પારના મૂલકમાં

હવે એમના બીજા સ્વરૂપ વિશે થોડી વાતો કરું અને એ છે હરિકાવ્યો. હરિકાવ્યો આપણે ત્યાં યોગ્ય પ્રમાણમાં ઓછા લખાયા છે. કેટલાક સુન્દરમથી લઈને રમેશ પારેખ સુધીમાં મળે છે. નરસિંહ, મીરા પાસેથી પ્રાપ્ત થયેલા પ્રેમભક્તિના ગીતો તો આપણી મહામૂલી સંપદા છે. એ કપરો માર્ગ છે. એમાં પગલી પાડવા મથનાર ભગવતીકુમાર શર્મા પણ છે. એમણે કેટલીક પદરચનાઓ કરી છે એમાં : 'આ તો હરી નામની હેલી, હરિ વરસે તો વ્યોમ...' આદિને યાદ કરી શકાય. થોડા વર્ષો પહેલાં ગુજરાતી નારીના કામોમાં વણાઈ ગયેલું એક કામ હતું પાપડ વણવાનું. હવે તો તૈયાર પાપડનો યુગ છે પણ ત્યારે એ પ્રવૃત્તિઓમાં નારીનું હૈયું ખૂલતું. એ જોઈએ :

મેં તો પાપડ બાંધ્યાને આવી ઝરમરતી ઝૂલ
હવે કેમ કરીને તડકા તેડાવવા ?

કાળમીંઢ વાદળને કરગરી હું થાકી
વળી કાંચળીના મોર શેં ટાંકવા ?

કોરું આકાશ જોઈ સહિયર બરકી'તી
હાલ ગાશું ને વેલણ બટકાડશું

કાંસાની થાળી પે ગોરી હથેળીઓની
મેંદીની ભાતને તરાવશું

શ્રી જયદેવભાઈએ છેલ્લે કહ્યું હતું કે : 'એમના સર્જનમાં ગઝલ મુખ્ય છે. એ પછી પદોગીતો છે. ભલે એમણે સોનેટ ઓછા લખ્યા પણ એ નિજી સત્વથી ટકે એવાં છે. ગઝલકાર તરીકે તેમનું પ્રદાન ગુજરાતી ગઝલ સાહિત્યમાં ખૂબ મહત્વનું છે.'

શ્રી જયદેવભાઈના વક્તવ્ય પછી કવિશ્રી ભગવતીકુમાર શર્માએ પોતાની ગઝલો ને કાવ્યોનો કાવ્યપાઠ રજૂ કર્યો હતો. તેમણે શરૂઆતમાં કહ્યું હતું કે : 'પૂ.મોરારિબાપુના જીવનકાર્ય વિશેની ગઝલના કેટલાક શેરોથી શરૂઆત કરું છું, જો કે એમાં એમનો નામોલ્લેખ નથી, અને જરૂરેય નથી. પરંતુ સાત શેરમાંના ચારેક યાદ આવે છે જે પ્રથમ કહીશ :' આમ કહીને તેમણે ગઝલો અને કાવ્યો રજૂ કર્યા હતા :

રામનામ હોઠે ને હૈયે
શબ્દ સ્ફૂરતાં ધન ધન થઈએ

ક્ષણ ક્ષણ અમે આવું કહીએ
જે ગાયું તુલસી નરસૈંયે

હરિ અનંત હરિ કથા અનંતા
જવાય ત્યાં લગ જાતે જઈએ

[મુક્તક]
શબ્દ બ્રહ્મને મારો પરમેશ્વર માનીને
કરું કવિતા સરસસ્વતી હાજર જાણીને
આકાશેથી ઊતરી આવ્યા અક્ષર પંખી
મને મોરપીંછું લેવા તત્પર જાણીને

[ગઝલનો મત્લાનો શેર – મારા જીવનનું ધ્રુવપદ ]

તું એક વખત માનવીને વ્હાલ કરી જો
કેવો તું થશે ધન્ય જરા ખ્યાલ કરી જો

[ગઝલનો મત્લાનો શેર]
સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી

[ગઝલ]
કેવી હઠે ચઢી છે આ શરણાઈ તો જુઓ
ડૂસકાંની સાથે એની હરિફાઈ તો જુઓ

આવ્યું ગયું ન કોઈ તમારા સ્મરણ સિવાય
કેવી સભર બની છે આ તનહાઈ તો જુઓ

અંધાર લીલો છમ અને ટહૂકાના આગિયા

ઝળહળ સુગંધ વેરતી અમરાઈ તો જુઓ

પડછાયાની યે કેવી કરે છે કાપકૂપ
સૂરજની મારા પરની અદેખાઈ તો જુઓ

બે મત પ્રવર્તે એને વિશે હું તો છું જ છું
ઈશ્વર પરની મારી આ સરસાઈ તો જુઓ.

[ગઝલ]
શોધી ન હોય મેં એ દિશા જોઈતી નથી
રસ્તા કે રાહબરની કૃપા જોઈતી નથી

કોણે કહ્યું કે મારે ધરા જોઈતી નથી
આ સ્વર્ગમાં જવાની પ્રથા જોઈતી નથી

જો મેં કર્યું હો પાપ તો દેહાંતદંડ દો
શંકા ના લાભ જેવી સજા જોઈતી નથી

મોઘમ ઈશારા એક-બે જો સાંપડે તો બસ
હા જોઈતી નથી અને ના જોઈતી નથી

[ગઝલ]
ચંદન સમાન મહેકતી કાયાની પાસ છું
લાગે છે એમ કે હું સદેહે સુવાસ છું

તારા અધર પે સ્મિત ફરીથી ખીલી ઊઠ્યું
એ ગૌણ વાત છે કે હજી હું ઉદાસ છું

જોઈ લે છેલ્લી વાર તું રેખાઓ હાથની
સંધ્યા સમયનો ક્ષીણ થતો હું ઉજાસ છું

ધુમ્મસની જેમ પળમાં વિખેરાઈ જઈશ હું
આમેય ક્યાં જીવંત છું, હોવાનો ભાસ છું.

ચાતકના કંઠથી તે કોઈ ઊંટની ખરી
વિખરાઈને પડેલી ચિરંજીવ પ્યાસ છું

[ગઝલ]
ઉંબરો છોડી દ્વારમાં બેઠા
મૃત્યુના ઈંતજારમાં બેઠા

સાંજે બેઠા સવારમાં બેઠા
માત્ર તારા વિચારમાં બેઠા

જગમાં આવ્યા તો એમ લાગ્યું કે
જાણે કોઈ કારાગારમાં બેઠા

જેને મળવું હશે મળી લેશે
આ અમે તો બજારમાં બેઠા

ને તોય અકબંધ મારી એકલતા
જઈ ભલેને હજારમાં બેઠા

મૃત્યુ આવે તો કહેજો વ્યસ્ત છીએ
શ્વાસની સારવારમાં બેઠા

[ગઝલ – મત્લાનો શેર]
એ બહુ છાનેમાને આવે છે
મોત નાજૂક બહાને આવે છે

[ગઝલ]
તારા રેશમના ચીર જેવો છે
સ્પર્શ તારો સમીર જેવો છે.

સ્હેજ નમકીન છે છતાં નિષ્પાપ
પ્રેમ આંખોના નીર જેવો છે

સ્પષ્ટ પણ ગુઢ કોયડો કેવો ?
હાથમાંની લકીર જેવો છે

લે છે મૂજરા બજારમાં સૌના
એક માણસ કબીર જેવો છે

[ગઝલ]
પાછલે દ્વારેથી સ્મરણોની ગલીમાં નીકળ્યા
ઘરની દીવાલો ત્યજી તો ચાંદનીમાં નીકળ્યા

શબ્દ ઊર્મિ રંગ સૌરભ તેજ અને થોડી ભિનાશ
લ્યો અમે બેસી ગઝલની પાલખીમાં નીકળ્યા

હા ગયો પોઢાઢી અમને મોડી રાતે માલકૌંસ
ને અમે વહેલી સવારે ભૈરવીમાં નીકળ્યા

વેશ પલટા આંસુ પણ કેવા કરે છે આંખમાં
દુ:ખમાં જે નીકળ્યા હતા તે ખુશીમાં નીકળ્યા

પ્રેમપત્રોનો સમય ખારાશમાં ડૂબી ગયો
એ જ સુંદર અક્ષરો કંકોતરીમાં નીકળ્યા

[ભક્તિગીત]
મારે રુદિયે બે મંજીરા
એક જૂનાગઢનો મહેતો બીજી મેવાડની મીરાં

કૃષ્ણ કૃષ્ણના રસબસ રણકે
પડે પરમ પડછંદા
એક મંજીરે ઝળહળ સૂરજ બીજે અમિયલ ચંદા
શ્વાસે શ્વાસે નામ સ્મરણના
સર સર વહત સમીરા.... મારે રુદિયે બે..

રાસ ચગ્યો ને હૈડા હોંશે
હાથની કીધી મશાલ
વિષનો પ્યાલો હોઠ પામીને
નર્દબ બન્યો નિહાલ
હરિના જન તો ગહન ગંભીરા
જ્યમ જમુના ના નીરા.... મારે રુદિયે બે....

પ્રથમ દિવસની રાત્રી 'સંગીત-નૃત્ય મહોત્સવ' કાર્યક્રમમાં વાદ્યસંગીત અંતર્ગત આહતવાદ્યો-પરક્યુશન સંગીત શ્રી આનંદન શિવમણીએ પ્રસ્તુત કર્યું હતું. 'તાલ', 'રોઝા', 'સ્લમડૉગ' જેવી અનેક ઉત્તમ ફિલ્મોમાં એ.આર.

રહેમાન જોડે પરક્યુશન ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર શ્રી આનંદન શિવમણીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. (વધુ માહિતી માટે તેમની સાઈટ : www.shivamani.in )

**[બીજો દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-૩]**

બીજા દિવસે સંગોષ્ઠિ-૩નો પ્રારંભ બરાબર નવ વાગ્યે થયો હતો. આ સંગોષ્ઠિનો વિષય હતો 'આર્ષવાણીનું અમૃત'. આ વિષય અંતર્ગત મહર્ષિ અરવિંદના મહાકાવ્ય 'સાવિત્રી' વિશે શ્રી દયાશંકર મિશ્ર, રવિન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' વિશે શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ અને જયશંકર પ્રસાદના મહાકાવ્ય 'કામાયની' વિશે શ્રી ચંદ્રપ્રકાશ દેવલે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ બિન્દુબેન ભટ્ટે કર્યું હતું.

સૌપ્રથમ 'સાવિત્રી' વિશે વાતની શરૂઆત કરતાં **શ્રી દયાશંકર મિશ્રે** જણાવ્યું હતું કે : 'સાવિત્રી શ્રીઅરવિંદનું મહાકાવ્ય છે. ઉપન્યાસને પણ કાવ્ય કહે છે. મહાકાવ્ય એક હિમાલયની ચોટી જેવું છે. એના પછી કોઈપણ બીજા ફોર્મમાં કંઈક લખવું એ કોઈ પણ કવિ માટે અશક્ય છે. 'એલિયર્ડ' નામના કવિ અમેરિકામાં જન્મ્યા, બ્રિટનમાં વસ્યા પણ તમને એ વાત જાણી આનંદ થશે કે એમની રૂચિ ભારતના ઉપનિષદોમાં હતી. એમનો પી.એચ.ડીનો વિષય પણ એ જ રહ્યો. એમણે મહાકાવ્ય વિશે ઘણી વાતો કરી છે. એલયર્ડે કહ્યું હતું કે વર્તમાન યુગને સમજવો હોય તો ભૂતકાળને બરાબર સમજવો પડશે.'

વિષય પ્રવેશ કરતાં શ્રી દયાશંકરભાઈએ જણાવ્યું હતું કે : 'શ્રી અરવિંદ 1910માં પોંડિચેરી ગયા. તેમણે 1950માં શરીર છોડ્યું. તેઓ યોગી હતા પણ એમણે કહ્યું હતું કે મારી મુખ્ય ઓળખ તો કવિની છે. એમણે 6-7 મહાકાવ્યો લખ્યા છે. 3000 થી 4000 પંક્તિઓના મહાકાવ્યો લખ્યા છે. સાવિત્રી લખવામાં એમણે 50 વર્ષનો સમય લીધો છે. 1857માં પરદેશથી આવીને એમણે સાવિત્રી મહાકાવ્યની 1500 લાઈન લખી હતી. અરવિંદ ભારતમાં સૌથી પહેલા આવ્યા વડોદરામાં. આપણે સદભાગી છીએ. ત્યાં આવીને એમણે ભારતીય ભાષાઓ અને ભારતીય સંસ્કૃતિ વિશે શીખ્યા. 1945માં સાવિત્રીને અંતિમ સ્વરૂપ આપ્યું. એ પ્રગટ કરવા નહોતા માગતા. આપણી સંસ્કૃતિ એ છે કે પોતાના અભિમાન માટે કશું ન કરવું, જે કંઈ કરવું એ પ્રભુને સમર્પિત કરવા માટે કરવું. જે લોકો એમ માને છે કે આ બધું હું લખું છું એનો અહંકાર ઈશ્વર સ્વીકાર નથી કરતો. એમના દેહવિલય પછી 1955માં અમલકિરણ નામના પ્રસિદ્ધ કવિ છે એમણે સાવિત્રી પ્રકાશિત કર્યું. બાકી, એમને તો નામ અને કીર્તિની જરૂર જ નહોતી એટલે એમણે પ્રકાશન નહોતું કર્યું. એમણે દશ વાર સાવિત્રી Rewise કર્યું. અંગ્રેજીના તો એ નિષ્ણાત હતા તેથી પ્રૂફ માટે એમ નહોતું કર્યું. હકીકતે એમને તો ઊંડાણમાં જવું હતું.'

શ્રી જયશંકરજીએ જણાવ્યું હતું કે : 'કવિતા અમૂર્તને મૂર્ત બનાવે છે. ઉપનિષદ, ગીતા વગેરે કવિતાઓ જ છે. પ્રેમ, આત્મા, ભગવાન, દયા, અમૂર્ત છે; દેખાતી નથી, પણ એનો ભાવ કવિતા પકડે છે. શ્રી અરવિંદે કહ્યું કે કવિતા એ મંત્ર છે. એ વેદ અને ઉપનિષદમાં છે. એની ઋચાઓ છે તે એક પ્રકારની કવિતા છે. શ્રી અરવિંદે કહ્યું હતું કે કવિ એ છે જે પોતાની આત્માને ઓળખે. શ્રી અરવિંદે ભગવાનનો સાક્ષાત્કાર કર્યો અને એ કર્યા પછી એમણે કવિતા લખી. એમણે એમ પણ કહ્યું કે સામાન્ય માણસોની પણ એક આત્મા હોય છે. કવિનો ધર્મ એ પણ છે કે જે સામાન્ય લોકો પોતાની આત્માને નથી ઓળખતા એમને પણ તે ઓળખે. અને એમને મદદ કરે.'

'સાવિત્રી શું છે ? વ્રત-ઉપવાસના ક્ષેત્રમાં સાવિત્રીની ઘણી વાતો આવે છે. હું વિનમ્રતાથી એટલું કહેવા માગું છું કે સાવિત્રીની આ વાતનો એ વ્રત-ઉપવાસ સાથે કોઈ સંબંધ નથી. ગાયત્રી ઉપનિષદ કરીને એક ઉપનિષદ છે એની પહેલી ઋચા એ છે કે સાવિત્રી એ વાણી છે. વાણી એટલે શબ્દબ્રહ્મ. સાવિત્રીનો અર્થ શબ્દબ્રહ્મ છે. એવા શબ્દો જે બ્રહ્મનો અનુભવ કરાવે. એ મહાભારતનો કોઈ પ્રસંગ નથી. કવિ પોતાના સાક્ષાત્કારને કવિતામાં વ્યક્ત કરે છે. અરવિંદે યોગ એમાં વ્યકત કર્યો. એ કોઈ પ્રાણાયામ કે આસનની વાત નથી. એ છે આત્માનું પરમાત્મા સાથે મિલન. એને જ ખરો યોગ કહે છે. એ જ યોગ અર્જૂનને શ્રીકૃષ્ણે આપ્યો. શ્રી અરવિંદે સાવિત્રીમાં એમ કહ્યું છે કે આ અધ્યાત્મનો કાળ નથી એમ વાત નથી, આજે પણ જે થોડોક પ્રયત્ન કરશે એ પરમાત્માને અનુભવશે અને ક્યાંકને ક્યાંક એનું ઈશ્વર સાથે સંધાન થઈ શકશે. સૃષ્ટિની શરૂઆતથી લઈને આજ સુધી સૌના મનમાં એક પ્રશ્ન ચાલી રહ્યો છે કે જો આ સૃષ્ટિને ભગવાને બનાવી હોય તો ભગવાન તો સત, ચિત્ત અને આનંદ સ્વરૂપ છે તો દુનિયામાં અશુભ ક્યાંથી આવ્યું ? અસત્ય , દુ:ખ ક્યાંથી આવ્યું ? ખરેખર તો આનંદ હોવો જોઈએ, તો દુ:ખ કેમ મળે છે ? અને અમરતા હોવી જોઈએ એના બદલે રોજ મૃત્યુ કેમ દેખાય છે ? એનો એક જવાબ મિલ્ટને 'પેરેડાઈઝ લોસ્ટ' નામના કાવ્યમાં 'શેતાન'નું પાત્ર બનાવીને આપ્યો. આપણે એને 'કર્મનો સિદ્ધાંત' કહીએ છીએ. દરેકને પોતાના કર્મનું ફળ ભોગવવું પડશે. શ્રી અરવિંદ કહે છે જેણે પોતાનો આત્મા ઓળખ્યો છે એ કર્મના સિદ્ધાંતને પણ દૂર કરી શકે છે. શ્રી અરવિંદની આ નવી વાત છે. વાર્તા તો તમે જાણો જ છો કે સત્યવાનનો પતિ એક વર્ષમાં મરવાનો હતો. સાવિત્રીએ કંઈ પ્રેમપત્ર લખ્યો નહોતો ! કદી એની સાથે વાત પણ કરી નહોતી. એ કેવળ એને ફક્ત જુએ છે. અંતરદષ્ટિથી એને જુએ છે. સાવિત્રીનો હેતુ મૃત્યુને બદલવાનો છે. જેમને અમરત્વ જોઈએ છે એમણે મૃત્યુના માર્ગથી જ જવું પડશે. સાવિત્રી અને મૃત્યુનો એમાં સુંદર સંવાદ છે. યમરાજા કહે છે પૃથ્વી પર અમરત્વ જેવી કોઈ ચીજ નથી માટે પાછી વળ. તું પ્રેમની વાતો કરે છે ? પ્રેમ કંઈ નથી. મેં સત્યવાનને માર્યો ત્યાં જ તારો પ્રેમ અમર થઈ ગયો. તું જે પ્રેમની વાત કરે છે એ તો તારી શારીરિક ભૂખ છે... એટલે તું જા. સાવિત્રી જવાબ આપે છે કે તમે તર્ક કરો છો, હું તર્ક નથી કરતી. અલૌકિક આત્મા-પરમાત્માનું જ્ઞાન તર્કથી નથી મળતું, અંત:પ્રેરણા કે સ્ફૂર્ણાથી મળે છે. અંતે સાવિત્રી ભગવાન પાસે જાય છે. ભગવાન કહે છે કે તમારી માટે સત, ચિત્ત, આનંદનો પ્રદેશ છે, ત્યાં જ તમે જાઓ. સાવિત્રી વિનમ્રતાથી હાથ જોડીને ના પાડે છે. અમરતા નથી જોઈતી. મને પૃથ્વી પર જ જવું છે. અરવિંદે કહ્યું છે કે જેવું જીવન છે, દુ:ખી છે, સંઘર્ષ ભર્યું છે પણ એ જીવન એક દિવસે દિવ્ય જીવન બનશે. સાવિત્રી કહે છે મને મુક્તિ નથી જોઈતી. લોકો જે આત્માને નથી ઓળખતા એમને મારે જાગૃત કરવા છે અને શ્રી અરવિંદ અનુસાર આજની સૌથી મોટી સમસ્યા એ જ છે. આપણે આર્થિક અને રાજકિય પરિવર્તનની વાત કરીએ છીએ પણ શ્રી અરવિંદ કહે છે કે ભારતમાં જો હવે કોઈ પરિવર્તન થશે તો એ 'આધ્યાત્મિક પરિવર્તન' હશે.'

તેમણે વક્તવ્યના સમાપનમાં કહ્યું હતું કે : 'સાવિત્રી ભગવાન પાસે ચાર વરદાન માગે છે : એક શાંતિ. ગમે એટલી અશાંતિ વચ્ચે હું શાંત રહી શકું. બીજું જ્ઞાન. એવું જ્ઞાન જે અલૌકિક હોય, પરિવર્તિત ન હોય. શાશ્વત-સનાતન હોય. ત્રીજી વસ્તુ માગી : શક્તિ. એટલે કે તાકાત કે જેથી લોકોની આત્માને જાગૃત કરી શકું. અને છેલ્લે સૌથી મોટી વાત એણે માગી : આધ્યત્મિકતા. આત્માને જગાડવાની એક શક્તિ માગે છે. આ મહાકાવ્ય ખૂબ ઊંડાણપૂર્વક વાત કરે છે. આ મહાકાવ્ય એક મંત્ર છે.'

બીજા ક્રમે **શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટે** કવિવર શ્રી રવિન્દ્રનાથ ટાગોરના સુપ્રસિદ્ધ મહાકાવ્ય 'ગીતાંજલિ' વિશે વાત કરી હતી. તેમણે પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે : '1941માં જેમનો અસ્ત થયો એમ ભાસ્યું એ શ્રી રવીન્દ્રનાથ ટાગોર વિશ્વના શ્રેષ્ઠ સાહિત્યકારો પૈકીના એક છે. તેમની પ્રતિભા બહુમુખી છે. સર્જકતા એમના કર્મના બધા ક્ષેત્રોમાં દેખાય છે. સાહિત્ય, સંગીત અને ચિત્રકલાની જ વાત કરીએ તો વિશ્વના કોઈ સર્જક એમની જોડમાં બેસી શકે એવી ક્ષમતા આપણને જોવા મળતી નથી. અરે, માત્ર સાહિત્યની જ વાત કરીએ તો પણ એમનું પ્રદાન એટલું બધું અસાધારણ છે કે એમની સાથે કોને મૂકવા એ આપણને પ્રશ્ન થાય ! એમના સાહિત્યમાં વૈવિધ્ય અને વૈપુલ્ય અપાર છે. 2000 જેટલા ગીતો, 1000 કાવ્યો, 8 નવલકથાઓ, 4 લઘુનવલો, 84 વાર્તાઓ, 39 નાટકો, અસંખ્ય નિબંધ, પ્રવાસવૃત્ત, પત્ર, ડાયરી, વિવેચન અનેક સ્વરૂપોમાં એમની કલમ વિહરી છે. એક મહાકાવ્યને બાદ કરીએ તો ગદ્ય-પદ્યના લગભગ તમામ ક્ષેત્રોમાં અસાધારણ કહી શકાય એવું તેમણે પ્રદાન કરેલું છે. આટલા વિવિધ ક્ષેત્રોમાં વિપુલ સર્જન કર્યું હોવા છતાં એક જગ્યાએ તેઓ કહે છે કે 'હું માત્ર કવિ છું.' એમના નાટકો, નિબંધો, વિવેચનો કે ગમે તે વાંચો. એમાં આપણને 'આ એક કવિનું સર્જન છે' એવો અનુભવ થયા વિના રહેતો નથી. બહુ નાની વયથી એમનામાં કવિતાનો સળવળાટ શરૂ થઈ ગયો હતો. હજુ તો તેઓ અક્ષરો ઓળખતા થાય, ત્યાં તો.. 'પાણી પડે છે... પાંદડું હાલે છે...' એવી લયપ્રાસ વાળી પંક્તિએ એમના પર ભૂરકી નાખી અને આ નાદની અસર એમના જીવનના અંત સુધી એમના પર રહી. એ પોતે પણ શબ્દ, લયના એક જાદુગર બની ગયા અને એક વિપુલ સૃષ્ટિ એમણે આપણી આગળ ખોલી આપી જે એક અદભુત સૃષ્ટિ છે.'

શ્રી પ્રસાદભાઈએ કહ્યું કે : '1882માં તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ : 'સંધ્યાસંગીત'. અંતે 1942માં તેમના મરણોત્તરકાવ્ય સંગ્રહ : 'શેષલેખા'. પૂરા છ દાયકા સુધી કાવ્ય સર્જન એમણે કર્યું અને 49 કાવ્યસંગ્રહો આપણને તેમની પાસેથી પ્રાપ્ત થયા. 1883માં 'પ્રભાતસંગીત' નામનો કાવ્યસંગ્રહ-બંગાળમાં છવાઈ ગયો. પ્રકૃતિ, ધરતી, મનુષ્ય માટેનો પ્રેમ પણ તેમના કાવ્યસંગ્રહોમાં જોવા મળે છે. ત્યારબાદ 1890 માં સત્વશીલ સંગ્રહ 'માનસી.' એમાં ઉત્તમ પ્રેમ કાવ્યો છે. 1891માં ગામડાઓના પરિભ્રમણ થતાં ગ્રામપ્રકૃતિનો સંસર્ગ થાય છે અને 'સોનારકલી' કાવ્યસંગ્રહ આવે છે. ધીમે ધીમે કવિતા અધ્યાત્મથી રંગાતી જાય છે. 'ચિત્રા', 'કથા', 'કલ્પના', 'ક્ષણિક', જેવા ઉત્તમ કાવ્યસંગ્રહ મળે છે. એમની કવિતાઓમાં પુરાણકથાઓ અને ભારતના ગૌરવ ઈતિહાસને આલેખે છે. જાણે વ્યાસ, વાલ્મીકિ, અને કાલિદાસની જેમ તેઓ આપણી સમક્ષ ઉપસી આવે છે.'

'બંગાળી "ગીતાંજલિ" ઈ.સ. 1910માં પ્રગટ થાય છે. વીસમી સદીનો પ્રથમ દસક કવિના જીવનનો કસોટી કાળ છે. 1901માં 'શાંતિનિકેતન'માં સ્થાયી થાય છે. વહીવટ માટે નાણાંકીય ભીડનો અનુભવ કરે છે અને એમની પત્નીના ઘરેણાઓ અને પૂરીમાં આવેલું મકાન પણ વેચવા પડ્યા. 1902માં મૃણાલીદેવીનું અવસાન થાય છે. 1903માં એમની તેર વર્ષની પુત્રીનું મૃત્યુ થાય છે. એની હજી કળ વળે ત્યાં બે વર્ષબાદ એમના પૂજ્ય પિતાશ્રી, કે જેમનો એમના જીવન પર અત્યંત પ્રભાવ પડેલો એવા શ્રી દેવેન્દ્રનાથનું અવસાન થયું. હજુ તો એમાંથી નીકળે ત્યાં 1907માં એમના નાના અને આશાસ્પદ પુત્ર સમીન્દ્રનું અવસાન થયું. પાંચ વર્ષમાં ચાર-ચાર જણના મૃત્યુનો આઘાત એમના જીવન પર આવી પડ્યો. શરૂઆતમાં કવિ થોડા વિચલિત થઈ ગયા. પણ

એમની પ્રજ્ઞાએ જીવન અને મૃત્યુના રહસ્યને પામવાનો પુરુષાર્થ કર્યો. એમને સમજાયું કે આ જીવન અને મૃત્યુ એકબીજા સાથે સંકળાયેલા છે અને એમની એ પ્રજ્ઞા પાસેથી આપણને આધ્યાત્મિક અને ઊર્ધ્વગામી કવિતાઓ આપણને મળવા માંડી. એટલે જ આવી પરિસ્થિતિ હોવા છતાં એમના જીવનમાં ક્યાંક કટુતા કે રુક્ષતા ન આવી. એમનું જીવન આધ્યાત્મિક દિશામાં અભિમુખ બન્યું.'

'ગીતાંજલિને સમજવા એમના અન્ય કાવ્યોને પણ સમજવા પડે. નાટક પણ સમજવા પડે. અહીં માનવજીવન, નારી, દુ:ખ, મૃત્યુ, પ્રકૃતિ અને પરમેશ્વર આ બધું જ છે પણ સમગ્રપણે તેના કેન્દ્રમાં છે અધ્યાત્મ. મનુષ્યપ્રેમ, પ્રકૃતિપ્રેમ, રાષ્ટ્રપ્રેમ એ બધું જ પ્રભુપ્રેમમાં રૂપાંતરિત થાય છે. એમના પ્રભુ પ્રિયતમ છે સખા પણ છે. એમના ઈશ્વર જાણે માનવીય ઈશ્વર છે – જેને જોઈ શકાય, સ્પર્શી શકાય, વાત કરી શકાય, પ્રેમ કરી શકાય. 1912માં અંગ્રેજી ગીતાંજલિ પ્રગટ થઈ એ પહેલા બે વર્ષ પહેલાં બંગાળી ગીતાંજલિ પ્રગટ થઈ હતી. બંગાળી ગીતાંજલિમાં 157 ગીતો હતાં જ્યારે અંગ્રેજી ગીતાંજલિમાં 103 કાવ્યો છે. કવિએ સ્વયં આ અનુવાદો કર્યા છે તેથી એને ભાવાનુવાદ કહેવા વધારે યોગ્ય રહેશે. અંગ્રેજી ગીતાંજલિ એમનું શ્રેષ્ઠ કાવ્ય છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે પણ કવિની પ્રસિદ્ધિમાં તેનો મોટો ફાળો છે તે નકારી શકાય તેમ નથી. અંગ્રેજી ગીતાંજલિને મળેલા 'નોબેલ પુરસ્કાર'ને લીધે જ કવિ માત્ર વિશ્વસાહિત્યમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વ પર છવાઈ ગયા એમ આપણે કહી શકીએ. એનો ઈતિહાસ પણ ખૂબ રસપ્રદ છે. 1910માં બંગાળી ગીતાંજલિ પ્રગટ થયો ત્યારે બંગાળમાં પણ કંઈ મહત્વના કવિ તરીકે તેઓ પ્રસ્થાપિત થયા નહોતા. તેમના કેટલાક શુભેચ્છકો એમાં રસ લેતા હતા. એ લોકો એમને અંગ્રેજી અનુવાદ કરવાનું કહેતા પણ એમને એમના અંગ્રેજી પર બહુ વિશ્વાસ નહોતો. ભણેલા ખૂબ ઓછું એટલે એમણે મિત્રોને કહ્યું કે તમે લોકો અનુવાદ કરો. એમની સૌથી પહેલી કૃતિનો અનુવાદ સિસ્ટર નિવેદિતાએ કર્યો. 'કાબૂલીવાલા'ની વાર્તાનું અંગ્રેજીમાં રૂપાંતર થયું. એ પછી અન્ય લોકોએ કરેલા અનુવાદો સામાયિકોમાં પ્રકાશિત થવા લાગ્યા અને વિશ્વની અંદર એમનું નામ ગાજવા માંડ્યું. 1912માં વિદેશયાત્રા નક્કી કરી. વિદાય સમારંભ થયો. છેક વહાણમાં બેસી ગયા. અને છેલ્લી ક્ષણે એમનું સ્વાસ્થ્ય એટલું બધું બગડી ગયું કે ડોક્ટરને બોલાવવા પડ્યા અને એમણે વિદેશયાત્રા માટે ના પાડી. એમણે વહાણમાંથી ઊતરી જવું પડ્યું. જવાનું અટક્યું. ડૉક્ટરે સંપૂર્ણ આરામ કરવાનું કહ્યું એટલે તેઓ ડોક્ટર સાથે એક અન્ય સ્થળે ગયા. પણ આ તો કવિ જીવ ! ડોક્ટરે ના પાડી તોય એમણે કંઈક તો શરૂ કર્યું ! પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે એમને થયું કે ચૂપ કેમ રહેવાય ? એટલે પેલા મિત્રોનું સૂચન યાદ આવ્યું અને ગીતાંજલિનો અંગ્રેજીમાં અનુવાદ કરવા માંડયા. એક પછી એક અનુવાદ થતા ગયા. પછી બે મહિના પછી ફરી એ ઈંગ્લેન્ડ ગયા. બીજા થોડા અનુવાદો વહાણમાં કર્યા. લંડનમાં રોગસ્ટાઈનને પહેલા મળ્યા અને અંગ્રેજી અનુવાદો વાંચવાનું કહ્યું. એ વાંચીને એમને જે અસર થઈ એ વિશે એમણે એમની આત્મકથામાં લખ્યું છે કે 'તે સાંજે મેં એ કાવ્યો વાંચ્યા. એ કવિતા નવા જ પ્રકારની હતી. જે મારા મતે મહાન રહસ્યવાદી સંતોના સ્તરની હતી.' એમણે ત્રણ નકલો કરીને વિખ્યાત ત્રણ કવિઓને આપી. એમની પ્રશંસા પ્રાપ્ત થતાં, એમને એમના અનુવાદ પર વિશ્વાસ બેઠો. એમનો કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમને અંતે બધા ઊભા થઈ નીચું મોં કરી ચાલ્યા ગયા. કોઈ કંઈ બોલ્યું નહીં. એમને થયું કે શું થયું ? બીજા દિવસે પ્રશંસાના પત્રોનો વરસાદ વરસ્યો !'

'એ પછી તેઓ અમેરિકા ગયા. ત્યાં ગીતાંજલિની અંગ્રેજી નકલ પ્રગટ કરવામાં આવી અને ચપોચપ વેચાઈ ગઈ. અદ્દભુત પ્રતિસાદ સાંપડ્યો. માર્ચ 1913માં 'મેકમિલન' કંપનીએ ગીતાંજલિની પ્રથમ આવૃત્તિ પ્રગટ કરી. પછીના આઠ માસમાં 'નોબેલ પ્રાઈઝ'ની જાહેરાત થઈ એ પહેલા દશ-દશ વાર તેનું પુનઃમુદ્રણ થયું. 'નોબેલ પ્રાઈઝ'માં અનેક કૃતિઓના નામ સૂચવાયા હતા. સ્ટર્જ મૂરે રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'નું નામ સૂચવ્યું હતું. પસંદગી તો ફ્રેન્ચ કવિયત્રી પર ઊતરી હતી પણ ફાઈનલ નિર્ણય બાકી હતો. સ્વીડીશ અકાદમીના સભ્ય અને એ જ વર્ષના નોબેલ ઉમેદવાર જેમને બીજા વર્ષે 'નોબેલ પ્રાઈઝ' મળ્યું એવા વર્નર વોન હાઈન્સટાઈન, એમનું પોતાનું નામ હતું છતાં એમણે ચર્ચામાં ભાગ લેતાં કહ્યું, કે નહિ, આ પુરસ્કાર રવીન્દ્રનાથને આપવો જોઈએ. એમણે કહ્યું કે એમના કાવ્યોથી આપણને આપણા યુગના એક શ્રેષ્ઠ કવિનો પરિચય થયો છે. એમની સાથે સરખાવી શકાય એવું કંઈ જ મેં વાંચ્યું નથી. એમના હૃદયની નિર્મળતા, સહજ ને ઊર્ધ્વગામી શૈલી, પૂર્ણ આધ્યાત્મિકતા બધું જ એક ગહન ને દુર્લભ આધ્યાત્મસૌંદર્યની છાપ મૂકી જાય છે. જાહેરાત થઈ 'નોબેલ પુરસ્કાર આપવાની'. એનો તાર એમને શાંતિનિકેતનમાં મળ્યો. પછી તો અભિનંદનનો વરસાદ વરસ્યો. બંગાળ અને બંગાળ બહાર એમની કીર્તિ અસાધારણ સ્થાને પહોંચી ગઈ.' આમ કહીને શ્રી પ્રસાદભાઈએ કવિની ગીતાંજલિમાંની કેટલીક ઉત્કૃષ્ટ રચનાઓ બંગાળી અને ગુજરાતીમાં વાંચીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

વક્તવ્યના અંતે તેમણે કહ્યું હતું કે : 'ગીતાંજલિમાં પ્રગટનું અધ્યાત્મ જગત વિશિષ્ટ છે. અહીં વિશ્વેશ્વરને વિશ્વની ભીતર જ પામવાનો પ્રયાસ થયો છે. પર્ણ પર પડતા સવારના તડકામાં પણ કવિને ઈશ્વરનો પ્રેમ દેખાય છે. ક્યારે રવીન્દ્રનાથ બાઉલરૂપે, સૂફીરૂપે, રહસ્યવાદી સંતરૂપે આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. એમાં જીવન સાધનાનો પ્રકાશ છે. કવિ જીવનની સહજ અનુભૂતિમાં પરમતત્વની ઝલક પામે છે. કવિને મુક્તિ પસંદ નથી. એ સંસારના બંધનો વચ્ચે રહીને જ મુક્તિનો આનંદ પામવા ઈચ્છે છે. એટલે જ તો ગીતાંજલિના એક ગીતમાં કહે છે કે વૈરાગ્યના સાધનથી મુક્તિ મળતી હોય તો મને ખપતી નથી. કવિ મનુષ્ય જીવનનો અને જીવનમાં કર્મયોગનો મહિમા ગીતાંજલિમાં કરે છે. એમને મન મનુષ્યની આઝાદીનું અદકેરું મૂલ્ય છે. એમનો ઈશ્વર મંદિરોમાં બંધાઈ રહેતો નથી. એ તો ખેડૂતો જ્યાં પરસેવો વહાવીને મહેનત કરે છે ત્યાં ઊભો છે. પ્રકૃતિનું એમને અદમ્ય આકર્ષણ હતું. એમની સાધના જાણે 'જીવનયોગ' છે.'

આ સંગોષ્ઠિના અંતિમ પ્રવક્તા **શ્રી ચંદ્રપ્રકાશ દેવલજી**એ જયશંકર પ્રસાદના મહાકાવ્ય 'કામાયની' વિશે થોડી સંક્ષિપ્ત વાત કરી હતી. તેમણે પોતાના વક્તવ્યના આરંભમાં વિવિધ પ્રકારના સંબોધન વિશે વિસ્તૃત વાત કરી હતી. ત્યારબાદ તેમણે વધુમાં જણાવ્યું હતું કે : 'મહાકાવ્યો ભારતીય કાવ્યના નવનીત સમાન જ નહીં પણ ભારતીય સાહિત્યની ઓળખ રૂપ છે. હવાઈજહાજને જેમ ઊડવા માટે લાંબી દોડ લગાવવી પડે છે તેમ હું વિષયના કેન્દ્ર સુધી પહોંચતા પહેલાં તેની ભૂમિકા વિશે વિસ્તારથી વાત કરીશ. બાળકને બોલવાનું શીખતા ત્રણ થી ચાર વર્ષનો સમય લાગે છે પણ ક્યાં કેટલું બોલવું એ શીખતા એને સાત વર્ષનો સમય લાગે છે. પૃથ્વીના આ ગોળાને ભાષા એ જ રૂપાંતરિત કર્યો છે. ભાષાને કારણે જ આપણે સભ્ય અને સુસંસ્કૃત બન્યા. વિકાસના આટલા પગથિયા ચઢીને આજે આપણે વિકસિત કહેવડાવાને યોગ્ય થયા. આ બધો ભાષાનો જ પ્રતાપ છે. જો ભાષા ન હોત તો આપણે વિચારી પણ ના શકત. આપણા વિચારોનું માધ્યમ પણ ભાષા જ છે. કોઈ કલ્પના કે અનુભૂતિ ભાષા વિના ન થઈ શકે. ભાષા ન હોત તો ન ભક્તિ હોત, ન સાહિત્ય, ન કવિતા કે ન

દર્શન, ન કલ્પના હોત કે ન વિચાર, ન ભાવ હોત કે ન તો ભાવના. ન ઈશ્વર હોત કે ન ધર્મ. ન સામાજિક વ્યવસ્થા હોત કે ન તો રાજનીતિ. આ સંસારમાં મનુષ્ય જો ઈશ્વરનો ચમત્કાર હોય તો એટલી જ માત્રામાં ભાષા એ પણ એક ચમત્કાર છે. શબ્દોની સાધના કરનારને કવિ કહે છે.'

એ પછી તેમણે કવિ, કવિતાની વ્યાખ્યા અને કવિના મનોભાવોનું વિસ્તૃત વર્ણન કર્યું હતું. છેલ્લે, 'કામાયની'નો ટૂંકો પરિચય આપતાં તેમણે જણાવ્યું હતું કે : '1936માં 'કામાયની'ની રચના જયશંકર પ્રસાદે કરી. આ એક મહાકાવ્ય છે. તેની અંતિમ પંક્તિઓ પરમ આનંદ તરફ લઈ જાય છે. કાવ્યમાં સમરસતા બતાવવામાં આવી છે. કવિએ જડ અને ચેતનની સમરસતા બતાવી છે. સાતમા મન્વંતરના મનુની કથા કામાયનીમાં વર્ણવાયેલી છે. જલપ્રલય બાદ મનુ એકલા બચ્યાં છે. એવો વિરાટ આ કાવ્યનો આરંભ છે. હિમગિરિના શિખર પર એ જઈને બેઠા છે. એમને ત્યાં બધે જડ ચેતનમાં સમરસતા દેખાય છે. જ્યાં સુધી દષ્ટિ જાય છે ત્યાં સુધી શિવતત્વ છે એમ તેમણે કહ્યું. એમાં શ્રદ્ધાને ગુરુરૂપમાં સ્થાપિત કરે છે. એ રીતે વિસ્તૃત ફલક પર 'કામાયની' મહાકાવ્ય બને છે' એમ કહીને તેમણે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

### [બીજો દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-4]

સંગોષ્ઠિ-4 એટલે કે સાંજની સભાનું સંચાલન શ્રી સુમન શાહે કર્યું હતું; જેનો વિષય હતો 'મહાકાવ્યના ઉદ્‍ગાતા'. આ વિષય પર હોમર વિશે શ્રી ભોળાભાઈ પટેલે, દાન્તે વિશે શ્રી ધીરુ પરીખે તેમજ મિલ્ટન વિશે શ્રી અવધેશકુમાર સિંહે પોતાના વક્તવ્યો આપ્યા હતા.

પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં **શ્રી ભોળાભાઈ પટેલે** કહ્યું કે, 'ગ્રીસમાં સૌથી સુંદર ગણાતી હેલનની કથા 'ઈલિયડ' માં કવિ હોમરે ગાઈ છે. હોમર હેલનના સૌંદર્યનું વર્ણન કરવા બેસતા નથી. લગભગ ગૌતમ બુદ્ધથી પણ 400 વર્ષ પહેલાં હોમરનો સમય માનવામાં આવે છે. વળી, ઈલયડમાં આવતા પ્રસંગોની વાત તો એનીયે પહેલાની ગણાય છે. એવું મનાય છે કે એ સમયે દેવતાઓની પૃથ્વી પર અવરજવર હતી. ગ્રીસ વાર્તાઓમાં પણ આપણી કથાઓની જેવા જ દેવતાઓ છે.'

'એમાં કથા એવી આવે છે કે દેવતાઓને ત્યાં એકવાર મિજબાની હતી. વચ્ચે સોનાનું સફરજન રાખવામાં આવ્યું હતું. ગ્રીસની ત્રણેય દેવીઓ કહે કે એ તો મને જ મળવું જોઈએ. અંતે એમ નક્કી થયું કે ટ્રોયનો રાજકુમાર નક્કી કરે એને સફરજન આપવું. ત્રણેય દેવીઓએ એ રાજકુમારને પ્રલોભનો આપ્યા કે અમે તને સામ્રાજ્ય અપાવીશું. એ પૈકી વીનસ કહે છે કે હું તને સુંદર હેલન અપાવીશ. એટલે એને રાજકુમારે સફરજન આપ્યું. એ વખતે તો હેલન પરિણીતા છે. રાજકુમાર ત્યાં જઈ ને રહે છે એ સમયે એનો પતિ ત્યાં નથી. રાજકુમાર તેના પ્રેમમાં પડે છે અને હેલન એની સાથે ભાગી જાય છે. તેઓ ટ્રોય દેશમાં પહોંચે છે. બધા રાજવીઓ ભેગા થયા કે આ તો અપમાન કહેવાય. બધા વહાણો ટ્રોય પર ચઢાઈ કરે છે...'

વાર્તાનો પ્રવાહ આગળ ચલાવતા ભોળાભાઈએ જણાવ્યું કે : 'હવે આ જે યુદ્ધ થયું એ દશ વર્ષ ચાલે છે, જ્યારે હોમરનું 'ઈલયડ' મહાકાવ્ય તે 50 દિવસમાં વાત પૂરી કરી દે છે. હોમરે વૃદ્ધ માણસોના ચરિત્રો ઘણા સરસ

રીતે ઘડ્યા છે. ગ્રીકો જ્યાં જ્યાં જીતે ત્યાંથી કન્યાઓ લઈ આવે. આ એમની સંસ્કૃતિનું આપણને દર્શન થાય. હોમરની એક પદ્ધતિ છે કે દરેક પાત્ર આવે એટલે એને કોઈને કોઈ વિશેષણ આપે. 'ઈલિયડ'માં 24 સર્ગ છે. 'ઓડિસી' પણ એમણે રચેલું બીજું મહાકાવ્ય છે. મહાકાવ્ય આપણને વિશાળતાનું દ્રશ્ય બતાવે છે. અનેક જહાજોના વર્ણન એમાં આવે છે. ગ્રીકો સાહસી હતા. યુદ્ધ કરવાનું પસંદ કરતા. પરાક્રમ કરતા. હોમર કાવ્યકલા કેવી કરે છે એ જુઓ ! એકિલિસ નામના પાત્રને યુદ્ધમાં જતી વખતે એની માતા બખ્તરવાળા પાસે બખ્તર બનાવડાવે છે અને કહે છે તેમાં ગોવાલણો ચીતર, પનીહારીઓ ચીતર, ... આખું કાવ્યનો સર્ગ એની પર છે. યુદ્ધમાં એ જાય છે. પછી લશ્કરો થંભે છે. ટ્રોયનો પેલો રાજકુમાર અને હેલનનો પતિ એ બંને વચ્ચે દ્વન્દ્વ-યુદ્ધ નક્કી થાય છે. એમાં જે જીત્યું એને હેલન આપી દેવાની. હેલનનો યુદ્ધ જોવા માટે યુદ્ધભૂમિમાં પ્રવેશ થાય છે. હેલનને બધાએ પહેલી વખત જોઈ ત્યારે ત્યાં બેઠેલા ડોસાઓ બોલ્યા કે આની માટે બે પક્ષો લઢી મરે તે યોગ્ય જ છે ! હોમરે અહીં આડકતરી રીતે હેલનના સૌંદર્યનું વર્ણન કર્યું છે કે એ કેવી સુંદર હશે કે બધા બોલ્યા કે બે પક્ષો લઢી મરે એ જ યોગ્ય છે ! આ મહાકવિનું એક લક્ષણ છે. રામાયણમાં આપણે વાંચતા હોઈએ તો આપણે રામના પક્ષે હોઈએ છીએ. હનુમાનજી જડીબુટ્ટી લાવામાં વાર કરે તો આપણે ઊંચાનીચા થઈ જઈએ. હોમર કોઈનો પક્ષ નથી લેતા. બંને બાજુના લઢવૈયાઓની આખી વાત કરે છે. હોમર જેવો કુટુંબનો કોઈ કવિ નથી. બધા જ પાત્રોના કૌટુંબિક સંબંધો ખૂબ સરસ રીતે નિરૂપે છે. હોમરે માનવભાવોની વાત યુદ્ધ વચ્ચે પણ મૂકી છે. પછી યુદ્ધમાં થતા મૃત્યુ અને એ પછીના વિલાપના દ્રશ્યો ખૂબ કરૂણ રીતે સરસ વર્ણન કરીને આપ્યા છે. એમાં 'પ્રાયમ અને એકિલિસ' – એમ બે પાત્રોનું મિલન અદ્દભુત બતાવાયું છે. મૃતદેહને પાછો મેળવવાના પ્રસંગો મનનીય છે. પછી બંને ભેગા થાય છે અને બહુ સરસ વર્ણન આવે છે. 17,000 પંક્તિઓનું આ ઈલિયડ મહાકાવ્ય છે.'

'ઓડિસિયસ ગૃહ-આગમનની કથા છે. ઓડિસિયસ ભ્રમણકથા છે. એમાં 24 સર્ગ છે. એમાં 'ઈલિયડ'ના યુદ્ધ પછીની વાત છે. 'ઓડિસિયસ' નામનો યુવક દશ વર્ષે ઘરે પહોંચે છે. એ પ્રદેશમાં તો પત્ની કંઈ વીસ વર્ષ સુધી પતિની રાહ ન જુએ. એની પત્ની સુંદર છે. એને બધા પરણવા આવે છે. ઓડિસિયસની ઈચ્છા છે કે હું પોતાના ગામ 'ઈથાકા' પાછો ફરું. પોતાના ઘરમાં, પોતાના શયનખંડમાં પત્ની સાથે એને ઊંઘી જવું છે. એ દશ વર્ષમાં તે રસ્તામાં આવતા અસુરોને મારે છે, દેવતાઓના પ્રલોભનથી બચે છે, ખડકો અને પર્વતો પાર કરીને નીકળે છે અને નરભક્ષી માણસોથી બચે છે. એ જ્યારે દસ વર્ષે આ બધા કષ્ટો સહન કરતાં પોતાને ગામ પહોંચે છે ત્યારે એની પાસે કંઈ નથી. પહેરવાના કપડાંય નથી. બસ, એક ઝાડીમાં જાય છે અને ઓલિવના પાંદડા પહેરીને સૂઈ જાય છે. હવે એના મિત્રો કે પરિવાર કોઈ નથી. હોમર જે ઉપમા આપે છે એ દ્રશ્યમાં તે બહુ જ અદ્દભુત છે. હોમર કહે છે એ વખતે ઓડિસિયસ એક ખેડૂત જેવો લાગે છે. ગ્રીક સાહિત્યમાં છેલ્લે Recognition હોય છે. એને 'અભિજ્ઞાન' કહે છે. જેમ કર્ણને ખબર પડે છે કે તે પોતે કુંતીનો પુત્ર છે. આપણે ત્યાં આવું ઘણાં મહાકાવ્યોમાં લખાયું છે.'

'આ બાજુ, ઓડિસિયસની પત્ની ભારતીય સ્ત્રી જેવી છે. બાવીસ વર્ષ થઈ ગયા પતિ નથી આવ્યો પણ બીજા કોઈને પરણતી નથી. કોઈ પૂછે તો કહે કે હું મારા સસરાનું કફન ગૂંથું છું પૂરું થઈ જશે ત્યારે પરણીશ. એ દિવસે કફન ગૂંથે અને રાત્રે ખોલી કાઢે. યુદ્ધ સમયમાં ઘણી સ્ત્રીઓ ગૂંથવાનું કામ કરતી. કેવું સુંદર દ્રશ્ય હોમર

મૂકી આપે છે ! ઓડિસિયસ ઈથાકા-ગામ આવે છે ત્યારે એના ઘા સાફ કરનારી નર્સ એને ઓળખી જાય છે કે આ 'ઓડિસિયસ' છે ! પણ એ પોતાની ઓળખાણની વાત બીજાને કહેવાની ના પાડે છે. છેલ્લે જે કટોકટીનું દ્રશ્ય છે એમાં આસપાસના લોકોને કેવી રીતે દૂર કરવા અને પોતાની ઓળખાણ કેવી રીતે આપવી એની વાત છે. છેવટે ઓડિસિયસનું ધનુષ્ય લાવીને મૂકવામાં આવે છે. જનકની ધનુષ્યની પ્રતિજ્ઞાની જેમ ત્યાં પણ એક પ્રતિજ્ઞા છે કે જે એ ચઢાવશે એની સાથે પેલી સ્ત્રી પરણે. ઓડિસિયસ પોતાના હાથમાં તેને લે છે અને ચઢાવીને બધા જ સ્પર્ધકોનો વધ કરી નાખે છે. હવે એ એની પત્ની પાસે જાય છે. પત્ની ઓળખવાની ના પાડે છે. તો હવે ઓળખાણ કેવી રીતે આપવી ?'

મહાકાવ્યના અંતભાગની સમજૂતિ આપતાં ભોળાભાઈએ કહ્યું કે : 'પેલી સ્ત્રી દાસીને આજ્ઞા કરે છે કે અજાણ્યા અતિથિને અહીં નહીં સુવાડીએ. પત્નીએ એની સાથે સૂવાની સાફ ના પાડી. એની માટે પલંગ બહાર બીજા ખંડમાં મૂકવાનું કહ્યું. ઓડિસિયસ ગર્જના કરે છે. એ કેવી રીતે બની શકે ? ઓડિસિયસ કહે છે કે આ પલંગમાં એક પાયો તો જીવતા ઓલિવ ઝાડનો છે. બાકીના ત્રણ પાયા સુવર્ણના છે અને તે સોનાથી જડેલું છે. આ રહસ્ય તો પતિ-પત્ની જ જાણતા હતા ! એનાથી ઓળખાણનું આ બીજું દ્રશ્ય આવ્યું. એ પછી પતિ-પત્નીનું સુંદર મિલન થાય છે. ઓડિસિયસ પોતાના બાપને મળવા ખેતરે જાય છે, ત્યાં એનો કૂતરો છે. બિચારો સૂનમૂન સાવ દૂબળો થઈને બેઠેલો છે. એણે ઓડિસિયસનો અવાજ સાંભળ્યો અને પડ્યા પડ્યા એણે પોતાના સ્વામી પર આંખ મેળવી અને આંખ મીંચી દીધી. ઓડિસિયસના આંખનું એક આંસુ એની પર પડ્યું. આ જે હોમરે વર્ણન કર્યું છે જાણે આપણે લટકતા રહીએ. આ હોમરની કાવ્ય કલા છે કે કોમળભાવો, વીરભાવો, અશ્વની વાત, કૂતરાની વાત સાથે એ કેટલાય ભાવો ગૂંથે લે છે. આમ, હોમરના મહાકાવ્યો અદ્દભુત છે.'

ત્યાર પછીના બીજા પ્રવક્તા **શ્રી ધીરુભાઈ પરીખે** 'દાન્તે' વિશે વાત કરી હતી. તેમણે પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં કહ્યું હતું કે : 'એક નવ વર્ષનો છોકરો આઠ વર્ષ અને ચાર માસને કન્યાને ફ્લોરેન્સ નામના શહેરની ગલીઓમાંથી પસાર થતા જુએ છે. બંને વચ્ચે કોઈ વ્યવહાર થતો નથી. વાતચીત પણ નહીં. એટલા નાના બાળકોને પ્રેમમાં શું ખબર પડે ? પરંતુ બિયાટ્રિસ નામની છોકરીને, આ દાન્તે નામનો છોકરો ફરી અઢાર વર્ષ પછી એ જ ગલીમાંથી પસાર થતી જુએ છે ત્યારે એની કાખમાં એક બાળક હોય છે. એને જોઈને દાન્તેનો સ્વપ્નભંગ થયો. એક માતાને જુએ છે ત્યારે સ્ત્રી તરફનું પુરુષનું દષ્ટિબિંદુ શું છે એ દાન્તે આમાં પ્રગટ કરવા માગે છે. એમણે 'ડિવાઈન કોમેડી' નામે મહાકાવ્ય લખ્યું છે.'

'આ 'ડિવાઈન કોમેડી'માં જીવ થકી શિવ થવાની વાત છે. એમણે ત્યાંથી શરૂઆત કરી છે કે જીવ તો દરેકમાં છે પરંતુ આપણે શિવ બનવાનું છે. આ એમના મહાકાવ્ય વિશે નવ હજાર જેટલા વિવેચન ગ્રંથો વિશ્વમાં લખાયા છે. આ 'કોમેડી' એટલે કંઈ 'ટ્રેજેડી'ની વિરોધી શબ્દની વાત નથી. અહીં 'કોમેડી' શબ્દનો અર્થ આનંદ થાય છે. જેને શોક વ્યાપ્ત છે, જીવનમાં શોક છે તેને એ શોકમાંથી મુક્ત કરીને આનંદયાત્રા તરફ લઈ જવું એ આ મહાકાવ્યનો ઉદ્દેશ છે. આ મહાકાવ્યના ત્રણ ખંડ છે. પહેલો ખંડ એટલે નરકલોક, બીજો ખંડ એટલે પ્રાયશ્ચિતલોક અને ત્રીજો ખંડ એટલે સ્વર્ગલોક. દાન્તેને મતે આ સ્વર્ગલોક એ 'ધ કોમેડી' એટલે કે 'આનંદલોક' છે. આ ભૌતિક આનંદની વાત નથી. આ પાતાળ લોકથી સ્વર્ગલોક તરફ ગતિ કરવાનું કાવ્ય છે. પહેલા ખંડમાં

34 સર્ગ છે, બીજા ખંડમાં 33 સર્ગ છે અને ત્રીજા ખંડમાં 33 સર્ગ છે. કુલ 100 સર્ગનું આ કાવ્ય છે. એકદમ સુઆયોજિત કાવ્ય છે. જગતના જે સાત ઉત્તમ મહાકાવ્યો ગણાવાયા છે તેમાંનું આ એક ઉત્તમ મહાકાવ્ય છે.'

'આપણી આ બેઠકનો વિષય છે 'મહાકાવ્યના ઉદગાતા'. ઉદગાતાનો અર્થ થાય છે સામવેદના મંત્રોચ્ચાર કરનાર પુરોહિત. 'મહાકાવ્યના ઋષિતુલ્ય રચનાકાર' એવો અર્થ આપણે ઘટાવવાનો છે. દાન્તે એવા ઈટાલીયન મહાકાવ્યના ઉદ્દગાતા એટલે કે સર્જક છે. તેમના રચેલા મહાકાવ્યનું નામ 'લા કોમેડિયા' એટલે કે 'ધ કોમેડી' છે અર્થાત આનંદ છે. રામાયણ, મહાભારત, ઈલિયર્ડ, ઓડિસી અને ઈનિડ ઈસપૂર્વેની સદીઓમાં લખાયેલા છે. છઠ્ઠું આ 'ડિવાઈન કોમેડી' 1300થી 1321 દરમ્યાન રચાયેલું મહાકાવ્ય છે. એમને એ રચતા 20 વર્ષ લાગ્યા છે. છેલ્લું મહાકાવ્ય મિલ્ટનનું 'પેરેડાઈઝ લોસ્ટ' નામે ઈ.સ. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં પ્રગટ થયું. રામાયણ મહાભારત બંને સંસ્કૃતમાં, ઈલિયર્ડ-ઓડિસી ગ્રીકમાં, ઈનીડ લેટિનમાં લખાયા છે. એટલે કે આ કાવ્યો પ્રશિસ્ટ ભાષામાં રચાયેલા મહાકાવ્યો છે; જ્યારે દાન્તેનું 'ડિવાઈન કોમેડી' ઈટલીની પ્રાદેશિક ભાષામાં રચાયેલું કાવ્ય હોઈ તે બીજા મહાકાવ્યોથી ભાષાની દષ્ટિએ જુદુ પડે છે. જ્યારે 'પેરેડાઈઝ લોસ્ટ' અંગ્રેજી ભાષામાં રચાયું છે. આમ, ભાષાની દષ્ટિએ દાન્તેનું આ કાવ્ય એક અને અનન્ય છે.'

દાન્તે વિશે વાત કરતાં શ્રી ધીરુભાઈએ કહ્યું હતું કે : 'હવે દાન્તે વિશે થોડી હકીકત જોઈએ. એમનો જન્મ ઈ.સ. 1265માં થયો હતો. એમના પ્રપિતામહને ત્યાંના સમ્રાટે 'ઉમરાવ'નો ઈલકાબ આપ્યો હતો. એમનું ધર્મયુદ્ધમાં અવસાન થયું હતું. તેઓ પોપ પક્ષના તરફદાર હતા પણ એમનામાં ધર્મઝનુન નહોતું. બલ્કે એમનામાં સાચી ધર્મસમજ વિકસી હતી. 'દાન્તે' એ કવિનું ટૂંકું નામ છે. એમની માતાનું અવસાન એમની નાની વયે થયેલું અને પિતાનું અવસાન અઢાર વર્ષની વયે થયેલું. સાહિત્યની એમણે કેળવણી લીધેલી. ચારિત્ર્ય ઘડતરના પાઠ પણ તેઓ શીખ્યા. ઈટાલીના મોટા નગરોમાં કેળવણી લીધી હતી. પેરિસનો પ્રવાસ કર્યો હતો. પ્રાકૃતિક-નૈતિક ફિલસૂફીનો અભ્યાસ કર્યો હતો. ધર્મશાસ્ત્રોના દાવા-દલીલમાં નૈપુણ્ય પ્રાપ્ત કર્યું હતું. એમના જન્મકાળે રાજકીય અશાંતિનું વાતાવરણ હતું. ધર્મસત્તા અને રાજ્યસત્તા સામ-સામે હતી. દાન્તે એ પણ તે સંઘર્ષમાં ઝંપલાવ્યું હતું. એમને ધર્મસત્તા અને લોકશાહીમાં અપૂર્વ શ્રદ્ધા હતી. દાન્તે 24 વર્ષની ભરયુવાન વયે યુદ્ધમાં પણ જોડાયા. ત્યાં એમણે સક્રિય ભાગ લીધો. 1293માં દાન્તે એ દવા બનાવનાર કંપનીમાં સભ્યપદ સ્વીકાર્યું હતું. કેટલાક હોદ્દાઓ પર તેઓ રહ્યા. ઈ.સ. 1295થીએ રાજકારણમાં વધારે સક્રિય બન્યા. ત્યારબાદ 1297માં રાજકારણમાં વળાંક આવે છે, ધર્મયુદ્ધ થાય છે. પક્ષોમાં ફાંટા પડે છે. ગોરા-કાળાના ભેદ પડે છે. ઈ.સ. 1300 બાદ ફરી પરિસ્થિતિ બદલાઈ. ઘણા સમાધાન કાર્યોમાં એ જોડાયા. દાન્તેને એ બધામાં ખૂબ સહન કરવાનું આવ્યું. ઈ.સ. 1302માં તેઓ જેલમાં ગયા. દંડ ભરવાનો ચુકાદો આપવામાં આવ્યો. દાન્તેએ દંડની રકમ ભરવાનો ઈન્કાર કર્યો. ફ્લોરેન્સ શહેરમાં હાજર થયા નહીં. પરિણામે એમના 14 મિત્રો સાથે મૃત્યુની સજા ફરવામાં આવી. દાન્તે નો મિજાજ વકર્યો અને વણસ્યો. એમણે ગોરાઓ સાથે હાથ મિલાવ્યા અને બળપૂર્વક ફ્લોરેન્સમાં પ્રવેશવા નિશ્ચય કર્યો. ઈ.સ. 1304માં એમને પરાજય મળ્યો અને ત્યારબાદ એમની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું. હવે કવિ એમનામાં જન્મે છે.'

'એમણે એમ અનુભવ્યું કે હું માત્ર ફલોરેન્સ શહેરનો નથી, સમગ્ર ઈટાલીનો છું. ગાંધીજી જેમ સમગ્ર વિશ્વના બન્યા તેમ દાન્તે સમગ્ર વિશ્વના આરાધક અને આત્મશોધક બની રહ્યા. એ પછી તત્વજ્ઞાન, કાયદા અને લેખનકલાનો અભ્યાસ કર્યો. એમને તેમાં બહુ સધિયારો મળ્યો. એમણે એમને મહાકાવ્યાના ઉદગાતા બનાવ્યા. ઈ.સ. 1300થી એમણે 'લા કોમેડિયા' સર્જવાનું શરૂ કરી દીધું હતું જેમાં એમનું તત્વજ્ઞાન જણાય છે. તેઓ એવું માનતા થયા કે પૃથ્વીમાં પરમ સ્થૈર્ય સ્થાપવા માટે રાજ્યસત્તા અને ધર્મસત્તા એમ બંનેની જરૂર છે. ઈ.સ. 1321 સુધી એક ઓળખીતા અતિથિને ત્યાં રહ્યા અને ત્યાં જ જીવનના અંતિમ શ્વાસ લીધા. એ દરમિયાન 'લા કોમેડિયા'ના ત્રીજા ખંડનું સર્જન એમણે પૂરું કર્યું. એક ઉત્તમ મહાકાવ્યનું સર્જન પૂરું કર્યાનો દાન્તેને અમાપ આત્મસંતોષ હતો. ઈ.સ. 1321ની સપ્ટેમ્બરની 13 કે 14 તારીખે એમણે પોતાના યજમાનને ત્યાં આખરી શ્વાસ લીધો. એમને બે પુત્રો અને પુત્રી હતા. એમનો ભવ્ય અંતિમ સંસ્કાર થયો હતો. એમને લોરેલના પર્ણોનો મુગટ પહેરાવામાં આવેલો. ત્યાં એ મોટું સન્માન ગણાય છે. એમણે પોતાનો કબર-લેખ આ પ્રમાણે છે લખ્યો હતો, જેમાં કેટલી વેદના દેખાય છે:

*હું જેને ઘરથી ઘણે દૂર*
*રઝળતો કરી મૂકવા જેની કૂખે*
*મેં જન્મ ધારણ કર્યો હતો*
*અને છતાં એનો આ સંતાન એવા*
*મારે જે માતૃપ્રેમવિહિન પુરવાર થઈ હતી*
*તે સુંદર નગરીમાંથી હદપાર કરાયેલો*
*હું દાન્તે અહીં પોઢ્યો છું.*

વક્તવ્યના સમાપનમાં શ્રી ધીરુભાઈએ કહ્યું હતું કે : 'એમના મહાકાવ્યનો સાર એક જ છે કે જે પ્રાયશ્ચિત કરે છે તે આગળ વિકાસની તક પામે છે. જે પ્રાયશ્ચિત કરે છે એ પાપમુક્ત થાય છે અને પાપમુક્ત થતાં તે આત્માના ઉચ્ચસ્તર સુધી જવાનો અધિકારી બને છે. પણ ત્યાં સુધી એને આનંદ નથી. આ કાવ્યનો નાયક capital 'I' છે. I એટલે દાન્તે. દાન્તે એટલે તમે અને હું. આ એક જ કાવ્ય છે જેમાં નાયક પોતે કવિ બને છે. છેલ્લે એ આનંદલોકમાં પ્રવેશે છે. એટલે આત્માની અધોગતિથી લઈને આત્માની ઊર્ધ્વગતિનું પ્રયાણ કેવું હોઈ શકે એ આ ત્રણે ખંડની અંદર દાન્તેએ ઋષિતુલ્ય વાણીથી આપણી સમક્ષ પ્રગટ કર્યું છે.'

આ સંગોષ્ઠિના અંતિમ પ્રવક્તા **શ્રી અવધેશકુમાર સિંહે** મિલ્ટનના મહાકાવ્ય 'પેરેડાઈઝ લોસ્ટ' વિશે વાત કરી હતી. તેમણે વાતની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે : 'સાહિત્ય સંવાદ સ્થાપિત ન કરી શકે કે સમાજમાં સેતુ ન બની શકે તો એવું સાહિત્ય ફેંકી દેવાને લાયક છે. 'મિલ્ટન – મારી દષ્ટિએ' એની પર હું વાત કરીશ. શૈલીનામના રોમેન્ટિક કવિએ હોમર, દાન્તે અને મિલ્ટનને યુરોપના 'પ્રકાશપુત્ર' તરીકે ઓળખાવ્યા છે. એમનું પૂરું નામ 'જહોન મિલ્ટન' હતું. વિશ્વના શ્રેષ્ઠ કવિઓમાં આપણે તેમને ચોક્કસ ગણી શકીએ. એમનો સમય 17મી સદીનો છે. એમના સમયના એક વિવેચકે તો એમને 'Greatest author of English' કહ્યા હતા. સદીઓ સુધી આ અંગ્રેજી કવિનું કવિતાના ક્ષેત્રમાં આધિપત્ય રહ્યું છે.'

'મિલ્ટનનો જે સમય છે એની પર થોડી નજર કરવાની જરૂર છે. આમ જુઓ તો એમનો સમય અકબરના સમય પછીનો તુરંતનો છે. એ સમયે બે ધર્મો હતા એક તો 'રોમન કેથલિક' અને બીજા 'શુદ્ધતાવાદીઓ'. જે શુદ્ધતાવાદીઓ હતા એમને ચર્ચમાં મ્યુઝિક કે કર્મકાંડથી સખત વિરોધ હતો. એમના દાદા રોમન કેથલિક હતા. પણ એમના પિતાએ 'શુદ્ધતાવાદી' ધર્મ સ્વીકાર્યો એટલે એમને સંપત્તિથી દૂર કરી દેવામાં આવ્યા. છેવટે તો 'શુદ્ધતાવાદીઓ' માટે એવું કહેવામાં આવ્યું કે એ લોકો એટલા માટે દુ:ખી છે કારણ કે દુનિયામાં કોઈ વ્યક્તિ ક્યાંકને ક્યાંક કોઈ રીતે સુખી છે ! એટલી બધી જડતા આમાં આવી ગઈ ! આજથી 401 વર્ષ પહેલા મિલ્ટનનો જન્મ થયો હતો. અને 402 વર્ષ પહેલાં બાઈબલની Authorised edition બની હતી, એ પણ એક સંયોગની વાત છે. મિલ્ટને કેમ્બ્રિજમાં અભ્યાસ કર્યો. ઈ.સ. 1624માં એમણે સૌ પ્રથમ એમની કવિતા લખી. મિલ્ટન 'પાર્લામેન્ટ સિસ્ટમ'ના પક્ષમાં હતા અને એમણે ત્યાં વર્ષના 288 પાઉન્ડ લેખે નોકરી પણ સ્વીકારી હતી. એમણે ત્રણ મુખ્ય કૃતિઓ રચી : 'પેરેડાઈઝ લોસ્ટ', તે પછી એ જ્યારે અંધ બન્યા ત્યારે એ આંધળાપણામાં 'ઓન હીઝ બ્લાઈન્ડનેસ' અને ત્રીજો 'એરિયો પીજેટિકા' – આ ત્રણ એમની મુખ્ય પ્રસિદ્ધ રચના. એમાંની આ છેલ્લી રચના રાજાશાહી દરમ્યાન લખાઈ.'

તેમણે આગળ જણાવ્યું હતું કે : 'ઈ.સ 1655માં મિલ્ટનને ઈચ્છા થઈ કે કોઈ રાષ્ટ્ર ત્યારે જ રાષ્ટ્ર બને છે જ્યારે એ રાષ્ટ્ર પાસે પોતાનું મહાકાવ્ય હોય. એ પછી મિલ્ટનને પોતાનો પૂરો સમય મહાકાવ્યની વિષય વસ્તુ શોધવામાં લગાડ્યો અને કહેવાય છે કે મિલ્ટને લગભગ 100 draft તૈયાર કર્યા હતા. એ 100 પર વિચારતા વિચારતા છેલ્લે એમણે બે પસંદ કર્યા : એક તો 'અલ્ફ્રેડ ધ કિંગ' એની પર મહાકાવ્ય લખવું... પણ મનમાં થયું કે સૌથી મોટો રાજા ખરો પણ એ તો વર્ષો પછી એ રાજા પ્રસિદ્ધ ન હોય તો એ મહાકાવ્યને કોણ વાંચે ? એ પછી 1655-56થી તો એમની આંખે દેખાતું ઓછું થતું ગયું. ધીરે ધીરે તેઓ મહદઅંશે અંધ બની ગયા. ઈ.સ. 1666માં 'પેરેડાઈઝ લોસ્ટ'ની પહેલી આવૃત્તિ તૈયાર થઈ. દશ ખંડમાં એ તૈયાર થયું. એ સમયે એ કાવ્ય ઘણા લોકોના સમજમાં ન આવ્યું. પછી તો ત્યાં પ્લેગ આવ્યો અને એ પ્લેગ પછી ફરીથી એમણે આ 'પેરેડાઈઝ લોસ્ટ' ને Rewise કરી અને એ બીજી આવૃત્તિ એમના મૃત્યુના વર્ષ એટલે કે ઈ.સ. 1674માં પ્રકાશિત થઈ. એ રીતે તેઓ મહાકવિ બન્યા.'

'મારું માનવું એમ છે કે કોઈ પણ મહાસમયમાં કોઈ પણ મહાપુરુષના મનમાં જ્યારે કોઈ મહાન-પ્રશ્ન પડખું ફેરવીને ઊભો થાય છે ત્યારે કોઈક મહાકાવ્યનો જન્મ થાય છે. મહાકાવ્ય માટે મહાપ્રશ્ન જોઈએ જ અને એનો ઉદગાતા એ જ બની શકે જે મહાકાવ્યની વિષય વસ્તુ હોય એને મહાવાક્યમાં લખે. મિલ્ટન કદાચ એ જ પ્રશ્નોની શોધમાં હતા. એ મહાપ્રશ્ન કયો હતો ? એક વાત મિલ્ટનના મનમાં સ્પષ્ટ થઈ કે મહાકાવ્ય એવા વિષય પર લખવું કે જે એટલું રુચિકર હોય કે જ્યાં સુધી માનવતા રહે ત્યાં સુધી બધાને માટે એ રસપ્રદ હોય. અંતે પેલા 100 draftમાંથી મિલ્ટન એવા નિર્ણય પર આવ્યા કે જ્યાં સુધી માનવતા છે ત્યાં સુધી માણસની રૂચિ એની ઉત્પત્તિને જાણવામાં છે. એની રૂચિ 'આદમ અને ઈવ'માં છે. આના બે જવાબો મળે છે. એક વિજ્ઞાનનો અને બીજો ધર્મનો. ઈસાઈ જેવા ધર્મે તો જવાબ આપ્યો કે આજથી 6000 વર્ષ પહેલાં એક શુક્રવારે ભગવાનની ઈચ્છા થઈ અને સૃષ્ટિની ઉત્પત્તિ થઈ જ્યારે વિજ્ઞાને કહ્યું, ડાર્વિનના મત પ્રમાણે કે આપણે તો તબક્કાવાર

વિકસ્યા છીએ – ગોરીલાથી માનવ સુધી. મિલ્ટને આ જ પ્રશ્નના આધાર પર એવું મહાકાવ્ય બનાવ્યું કે એમના સમયની રાજકીય સ્થિતિનું સાહિત્યિક રીતે પ્રતિરૂપણ થઈ શકે અને સાથે સાથે સર્વકાલિન રચના પણ એક રીતે તૈયાર થાય.'

'એમણે જે વિષય વસ્તુ લીધી એ જગપ્રસિદ્ધ છે. આ મહાકાવ્યમાં કથા એવી છે કે સ્વર્ગ છે, એમાં ઈશ્વર છે અને એમની સાથે અનેક દેવદૂત છે. એમાં અલગ અલગ પ્રકારના દેવદૂત હતા. એમાંના એક દેવદૂતનું નામ હતું 'લ્યુસીફર' જેનો એનો અર્થ થાય છે 'ચમકતું.' આ દેવદૂતના મનમાં ઈચ્છા થઈ કે ઈશ્વર કાયમ સ્વર્ગ પર સત્તા રાખે છે તો હું કેમ સત્તા ન લઉં ? એ અને ઈશ્વર વચ્ચે સંઘર્ષ થયો જેમાં લ્યુસીફરની હાર અને ઈશ્વરનો વિજય થયો. હવે જે જે લ્યુસીફરની સાથે હતા એ બધા દેવદૂતોને સ્વર્ગમાંથી ફેંકી દેવામાં આવ્યા. તેથી એમણે પોતાની રહેવાની એક નવી જગ્યા બનાવી અને એનું નામ એમણે રાખ્યું 'પેન્ડમોનિયમ'. આ જગ્યામાં પેલો લ્યુસીફર આ બધાનો નેતા બન્યો. આ લ્યુસીફરને જ બીજા શબ્દોમાં શેતાન કહ્યો છે ! એણે બધાને કહ્યું કે આપણે ઈશ્વર સાથે ફરી લડીશું. બધા ભેગા મળે છે. શેતાન ચિંતિત છે. મિલ્ટન એની ચિંતાનું વર્ણન કરે છે. એ પોતાના સાથીઓને કહે છે કે સ્વર્ગ કે નર્કની ચિંતા ના કરો. સ્વર્ગ-નર્ક બધી મનની ઉપજાવેલી વસ્તુઓ છે. લ્યુસીફર ઈશ્વર પાસે બદલો લેવાની રીતો વિચારે છે. એણે વિચાર કર્યો કે 'ગાર્ડન ઓફ ઈવ' કે જ્યાં આદમ અને ઈવ રહે છે; એ બંને ઈશ્વરને અતિપ્રિય છે. બંને ઈશ્વરનું રૂપ છે. ઈશ્વરે એ ગાર્ડનમાં આવેલા જ્ઞાનવૃક્ષ પરના જે ફળો છે એ એમને ચાખવાની ના પાડી છે. જો એ તેઓ ચાખી લે તો એમને દંડ મળે. તેથી આ શેતાને વિચાર્યું કે સીધી રીતે તો ઈશ્વરને હરાવી નહીં શકાય પણ એમની પ્રિય વસ્તુને નુકશાન પહોંચાડવામાં આવે તો ઈશ્વરને નુકશાન પહોંચાડી શકાય. તે પછી એ જાસુસની જેમ આખા બ્રહ્માંડનું ચક્કર લગાવે છે. પેલા ગાર્ડન પાસે પહોંચે છે અને લાગ જોઈને, કે જ્યારે આદમ ક્યાંક બહાર ગયો છે એ સમયે સાપનું રૂપ ધારણ કરીને ઈવ પાસે જાય છે. સૌથી પહેલા ઈવના રૂપની બહુ પ્રશંસા કરે છે. ઈવ ખુશ થાય છે, પણ એને થાય છે કે તમે છો તો સાપ તો તમે બોલી કેવી રીતે શકો છો ? તો પેલો કહે છે મારી પાસે ફક્ત વાણી નથી મારી પાસે તર્ક પણ છે અને એ આ બંને મેં આ ઝાડના ફળ ખાવાથી મેળવ્યા છે. ઈવને તે એ ઝાડ પાસે લઈ જાય છે. ઈવ કહે છે કે આ તો એ જ ઝાડ છે જેના ફળ ખાવાની ઈશ્વરે ના પાડી છે. પછી અંતે તો ઈવે એ ફળ ખાધું. આદમ આવ્યા એટલે એમણે જોયું કે આ તો સર્વનાશ થયો ! છેલ્લે એમણે વિચાર્યું કે ઈવનું જે ભાગ્ય એ જ મારું ભાગ્ય એટલે આદમ પણ એને ખાઈ લે છે. ઈશ્વરને આ વાતની ખબર પડી. એમણે એમના દેવદૂતોને કહ્યું કે એમને સ્વર્ગથી કાઢી મૂકવામાં આવે... અને આ સ્વર્ગથી દૂર કરવા માટેની જે મિલ્ટને નવ લાઈનો લખી છે એ વાંચો તો ખ્યાલ આવે કે મિલ્ટનની કાવ્યક્ષમતા કેટલા ઉચ્ચ પ્રકારની હતી. એટલે જ આનું નામ છે 'પેરેડાઈઝ લોસ્ટ'.

અંત માં શ્રી અવધેશકુમારે કહ્યું હતું કે : 'એક પ્રશ્ન એ થાય કે આ તો બહુ પ્રસિદ્ધ વાર્તા કે જે બધી અંગ્રેજી પ્રજાને ખબર છે એ વિશે મહાકાવ્ય લખીને મિલ્ટને કઈ મોટી વાત કરી દીધી ? આમ તો એમના લખાણ પરથી એમ લાગે કે મિલ્ટનની સહાનુભૂતિ ઈશ્વર કરતા શેતાન સાથે વધારે છે ! એટલે જ વિવેચકોએ એની પર બહુ વિવાદ કર્યો છે. એમાં મહાનાયક કોણ ? ઉપર ઉપરથી તો એમ લાગે કે મહાનાયક તો ઈશ્વર. પણ બારેય પુસ્તકો વાંચીએ તો ખ્યાલ આવે કે નાયક તો શેતાન લાગે છે ! જો માનવતાવાદી દ્રષ્ટિકોણથી વાંચીએ તો

ખ્યાલ આવે કે ઈશ્વર અને શેતાન કેન્દ્રમાં નથી. કેન્દ્રમાં તો 'આદમ અને ઈવ' છે. પરંતુ અહીં મૂળ વિચાર એ દેખાય છે કે માણસ પોતાની સમસ્યા પોતે જ ઊભી કરીને કશુંક ગુમાવે છે અને એનાથી પણ ઊંડે જઈએ તો એમ દેખાય છે કે 'પેરેડાઈઝ ઓલ્સો લોસ્ટ' એટલે સ્વર્ગે પણ મનુષ્યને છોડીને કંઈક ગુમાવ્યું છે. એની ખોટ સ્વર્ગમાં પણ સાલે છે. 'પેરેડાઈઝ લોસ્ટ એડમ ઍન્ડ ઈવ.' એટલે સ્વર્ગે ગુમાવ્યા છે આદમ અને ઈવને ! જેમ આપણને સ્વર્ગ મેળવવાની ઈચ્છા હોય છે તેમ પેલા 'ગાર્ડન ઑફ ઈવ'ને પણ ઈચ્છા છે કે શું આદમ અને ઈવ હવે પાછા આવશે ? – આ મહાકાવ્યનો મૂળ વિચાર છે.'

બીજા દિવસની રાત્રે શ્રી ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે સુશ્રી કિશોરી આમોનકરે શાસ્ત્રીય કંઠ્યસંગીત પ્રસ્તુત કર્યું હતું. વિવિધ પ્રકારના રાગો અને સંગીતની સંગતથી શ્રોતાઓ ડોલી ઊઠ્યા હતા. રાત્રે અગિયાર વાગ્યે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

## [ત્રીજો દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-5]

અસ્મિતાપર્વના ત્રીજા દિવસની આ સવારની બેઠકનો વિષય હતો 'મનુષ્યત્વ'. આ બેઠકનું સંચાલન જાણીતા કવિ-વિવેચક શ્રી વિનોદભાઈ જોશીએ કર્યું હતું. આ બેઠકમાં શ્રી વિદ્યુત જોશીએ મનુષ્યત્વના સામાજીક સંદર્ભ વિશે વાત કરી હતી, જ્યારે શ્રી પ્રદીપ ખાંડવાલા એ આ વિષયને મેનેજમેન્ટ સંદર્ભથી સમજાવ્યો હતો. છેલ્લે શ્રી પ્રબોધ પરીખે મનુષ્યત્વનો તાત્વિક સંદર્ભ જણાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત બરાબર સવારે નવ વાગ્યે થઈ હતી.

આ બેઠકના પ્રથમ વક્તા **શ્રી વિદ્યુતભાઈ જોશી**એ પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં કહ્યું હતું કે : 'મનુષ્યત્વ વિશે શીખ્યો છું તો સાહિત્યકારો પાસેથી જ. કદાચ કોઈએ સૌથી સારી 'મનુષ્યત્વ'ની વ્યાખ્યા કહી હોય તો એ નરસિંહ મહેતાએ કહી છે : 'વૈશ્નવજન તો તેને રે કહીએ, પીડ પરાઈ જાણે રે.....' ક્યાંય એમણે માળા જપે કે મંદિર જાય એને 'મનુષ્યત્વ' નથી કહ્યું ! એમણે જે લક્ષણો ગણાવ્યાં છે એ નિતાંત sociological છે. 'મનુષ્યત્વ'ની મુખ્ય બાબત એ છે કે આપણે ખરેખર માણસને પ્રેમ કરવો જોઈએ, પછી ભલે એના વિચાર ન યોગ્ય લાગે તો એના વિચારનો વિરોધ કરી શકીએ. પરંતુ ઘણી વાર આપણે તો માણસનો જ વિરોધ કરવા લાગીએ છીએ ! આપ જ્યારે વિચારોનો વિરોધ કરો છો ત્યારે સામી વ્યક્તિને ઊંચે ઊઠવામાં, એની શુદ્ધિમાં એને મદદ કરો છો.'

'મનુષ્યત્વ, માણસાઈ, ઈનસાનિયત જે કહો તે એક જ છે. 'મનુષ્યત્વ'ના ત્રણ જુદા અર્થો જોવા મળ્યા છે. પહેલો અર્થ ધર્મએ આપેલો છે. ખાસ તો મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મો વિશે વાત કરીશ. એમાં શેતાન અને ઈશ્વરની વ્યાખ્યા તો કરવામાં આવી, એમાં Good અને Bad સમજાવવમાં આવ્યા પણ એના માપદંડો ક્યા ? મારા માપદંડ એ સાચા માપદંડ – અને બધો ઝઘડો ત્યાંથી શરૂ થયો ! હિન્દુ ધર્મમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બધાને 'મનુષ્યત્વ' ગણવામાં આવ્યા. વ્યાખ્યા પહોળી કરી. તેથી વધુ સ્વીકૃત બની છે. સાહિત્ય મનુષ્યત્વનું વિવિધ રસમાં નિરૂપણ કરે છે. મેઘાણી હોય તો સંઘર્ષમાં મનુષત્વ દેખાડે, ર.વ. દેસાઈ હોય તો એ

ગ્રામ વિકાસની વાતોમાં મનુષ્યત્વ બતાવે. જુદા જુદા લોકો જુદી જુદી રીતે કહે છે. સાહિત્યનો 'શબ્દ' અને સમાજશાસ્ત્રની 'પદ્ધતિ' આ બંને મળે તો સાચું મનુષ્યત્વ પામી શકાય. સાહિત્યકાર એટલે હું વીજળીના ચમકારે મોતી પરોવનાર સાચા સાહિત્યકારની વાત કરું છું.'

તેમણે વાતનો વિસ્તાર કરતાં કહ્યું હતું કે : 'મનુષ્યત્વ પમાય છે એના વર્તનથી જ. વ્યક્તિ એના વર્તનથી ઓળખાય. વર્તનને ત્રણ વિભાગમાં વહેંચાય છે : Psycology એના Individual Behaviour નો અભ્યાસ કરે છે. Sociology એ Institutionl Behaviour નો અભ્યાસ કરે છે. Anthopology છે એ Cultural Behaviour નો અભ્યાસ કરે છે. કોઈ પણ વ્યક્તિના વર્તનના વ્યક્તિગત, સમાજગત-સંસ્થાગત અને સાંસ્કૃતિગત એમ ત્રણ પરિમાણ હોય છે. સ્પષ્ટરીતે વર્તનમાં આ ત્રણેય પરિમાણો અલગ જોઈ શકાતા નથી. વિનોબાજીએ એક વાર કહ્યું હતું કે જ્યારે હું જલેબી ખાઉં છું ત્યારે હું મેંદો ખાઉં છું, ખાંડ ખાઉં છું.... એમ અલગ અલગ કહી શકાતું નથી. પણ મેંદો જરા કાચો રહી ગયો છે, ચાસણીનો તાર જરા વધારે થઈ ગયો છે એમ કહી શકાય. એટલે કે વિશ્લેષણની રીતે આ ત્રણેય પરિમાણોને અલગ પાડી શકાય પણ વાસ્તવિક રીતે આ ત્રણેય પરિમાણોને અલગ પાડી શકાય નહિ. આજે હું વાત કરીશ તે માત્ર કેટલાક સંસ્થાગત લક્ષણોને લઈને જ વાત કરીશ.'

'મનુષ્યત્વની શરૂઆત ક્યાંથી થાય છે ? જન્મે છે ત્યારે તો માણસ કોરી સ્લેટ છે. સમાજશાસ્ત્ર એમ કહેતું નથી કે એ પૂર્વજન્મના કર્મો લઈને જન્મે છે કે નહિ કારણ કે એ સમાજશાસ્ત્રનો વિષય નથી. આમ ન જ હોઈ શકે તેમ સમાજશાસ્ત્ર કહેતું નથી પણ આ માપવાનો એનો ગજ નથી. તાનસેનને કોઈકે પૂછ્યું હતું કે તમે કેટલું સંગીત જાણો છો ? તો એમણે દરિયાકિનારાથી એક ટીપું લઈને કહ્યું હતું કે આટલું ! કઈ રીતે માણસ સજ્જન કે ગુંડો બને છે ? એના ઘટકો કયા છે ? હકીકતે બાળક કુટુંબમાં સામાજીકરણની પ્રક્રિયાથી શીખે છે. બોલચાલની ભાષા શીખે છે, માતાપિતાના વર્તનને એ જુએ છે અને અનુકરણ કરે છે. કુટુંબમાંથી શીખવાની પ્રક્રિયા થાય છે. કુટુંબમાં જે વલણો હોય એ બાળકમાં આવે એમ મહદઅંશે કહી શકાય. કદાચ એમ ન પણ બને ! કેવા વાતાવરણમાં બાળકને તમે મૂકો છો એનો સવાલ છે. જેમને મનુષ્યત્વ ખીલવવું છે એમને કુટુંબની સામાજિકરણની પ્રક્રિયાથી કામ શરૂ કરવાનું છે. અમે સમાજશાસ્ત્રીઓ આના દાખલા પણ શોધતા હોઈએ છીએ અને મેં એને લગતા બે દાખલા શોધી કાઢ્યા છે. એક અમલા-કમલાનો દાખલો અને બીજો વરુબાળ અને રામુનો દાખલો. અમલા-કમલા નામની બહેનો જંગલમાં છૂટી પડી ગઈ. બોલતા ન શીખી. Language is a social construct. ક્યાંથી શીખે ? શીખવાની તમામ ક્ષમતા હોવા છતાં એ ભાષા ન શીખી શકી. પશુપંખીઓના અવાજ કરતા શીખી. આખરે એ મનુષ્ય હતી. એમણે એ નહોતું શીખવાનું. પરિણામે એડજેસ્ટમેન્ટના પ્રોબ્લેમ થયા એમાં તે મૃત્યુ પામી પણ મનુષ્યત્વ ન મેળવી શકી ! એવો જ દાખલો વરુબાળનો. એક બાળક વિખૂટું પડી ગયું. વરૂએ એને ઊછેર્યું. મોટું થયું ત્યારે એક માણસના ધ્યાનમાં આવ્યું ત્યારે એ એકદમ દોડીને બચકાં ભરતા વરૂ જેવું વર્તન કરતું હતું. એને પકડીને શહેરમાં લઈ ગયા. એને મનુષ્યત્વના લક્ષણો શીખવવાની કોશિશ કરી પણ બહુ મોડું થઈ ગયું હતું. બાળક જો સમાજથી વિખુટું પડી જાય તો મનુષ્યત્વ શીખી શકતું નથી એના આ ઉદાહરણો છે.'

'બાળક થોડું મોટું થાય એટલે કુટુંબની બહાર નીકળે. મિત્રો જોડે રમે. એને મિત્રોની અસર થાય. માતાપિતા કરતા મિત્રો અને પડોશીઓ વધારે વહાલા લાગે છે. એને નવું નવું શીખવા મળે છે. કુટુંબ સંસ્કારો ઓગળે અને વ્યાપક સંસ્કારો આવે. બાળક થોડું અસમંજસ થાય મૂંઝાય પણ ખરું કે આ સાચું કે તે સાચું ? કુટુંબવાળા સાચા કે મિત્રો કહે છે એ સાચું ? પડોશ કોનો છે અને કેવો છે એની પર બહુ આધાર છે. પછી આવે છે શાળાની અને શિક્ષકોની ભૂમિકા. શિક્ષકોનો બહુ મોટો રોલ છે. ખાસ કરીને કોલેજના શિક્ષકોની બહુ છાપ નથી પડતી. પ્રાથમિક શાળાના શિક્ષકોની અમીટ છાપ બાળકના વર્તન પર હોય છે. એ એની કિશોર અવસ્થામાં હોય છે. એટલે જ કહેવાય છે કે બાળકને જો તમારે કંઈ પણ બનાવવું હોય તો એને બારમા વર્ષ પહેલાં પકડો. 15-16 વર્ષની વય પછી પકડશો તો તમે એના પર કોઈ સંસ્કાર ચઢાવી નહીં શકો. સાહિત્યકારો લખે છે ત્યારે એમના પ્રાથમિક શાળાના શિક્ષકોને વધારે યાદ કરે છે. કૉલેજના શિક્ષકોને કોઈ યાદ કરતું નથી. એ વિષય પર ઘણા સંશોધનો થયો છે. આ બધાને અંતે બાળક પોતાની ભૂમિકા ભજવવા તૈયાર થઈ જાય છે. એમાં વ્યક્ત થતું એનું વર્તન એ જ મનુષ્યત્વ. મનુષ્યત્વ એ સામાજિક નીપજ છે, એ જન્મથી નથી આવતું. જન્મથી તો કેટલીક ક્ષમતાઓ કે કૌશલ્ય હોઈ શકે પણ આ જે ઢોળ ચઢે છે તે મનુષ્યત્વ છે. મનુષ્યત્વ કંઈ લાકડીના મારથી શીખવી ન શકાય.'

'જેમ જેમ સંદર્ભો બદલાતા જાય તેમ તેમ આપણા મનુષ્યત્વના ખ્યાલો પણ બદલાતા જાય છે. માણસ કોઈ એક વ્યક્તિ નથી, એ અનેક વ્યક્તિત્વનો સમૂહ છે. અનેક ભૂમિકાઓનો સમૂહ છે. એક માણસ એક જગ્યાએ જુદો હોય અને બીજી જગ્યાએ સાવ જ જુદો લાગે. બહાર નીતિની વાત કરનાર દુકાનમાં જઈને છેતરતો પણ હોઈ શકે. ખાદી પહેરનાર કેટલાક કુકર્મો કરનાર પણ હોઈ શકે. વ્યક્તિ જેવી જાહેરમાં દેખાય છે એ મનુષ્યત્વ નથી. કેટલીકવાર તો સાવ ઊંધું પણ હોઈ શકે ! વિજ્ઞાની ભક્ત પણ હોઈ શકે છે. એ મિશ્રણ ખોટું નથી. એ એના વ્યક્તિત્વના જુદા જુદા પાસા છે. માણસમાં પડેલા આ વિરોધાભાસને સ્વીકારીને માણસને માણસ તરીકે સ્વીકારવો રહ્યો. મનુષ્ય દેવ નથી. મનુષ્ય મનુષ્ય જ છે. જે કંઈ બધુ ખરાબ છે સારું છે એ એનું મિશ્રણ છે. આ સ્વીકારવું જ પડે. એ ન સ્વીકારો તો જગતમાં, કુટુંબમાં અને મિત્રોમાં ઘણા બધા પ્રશ્નો થાય. તમારા કરતા જુદું વર્તન કરે છે એનું પણ કંઈ કારણ હશે એમ માનીને સ્વીકારવું રહ્યું. સમજીએ નહીં ત્યાં સુધી કોઈ પ્રત્યે રોષ વ્યક્ત ન થાય. એની ટીકા ન થાય. માટે હું કહું છું કે વિચારની ટીકા કરો, માણસની ટીકા ન કરો. કેથેલિક સંપ્રદાયે એમ કહ્યું કે જેને કામ કરવું પડે એ બધા પાપી !! બ્રેડ-બટર મેળવવા પડે એ બધા પાપી અને કામ ન કરવું પડે એ બધા પુણ્યશાળી !! એટલે એ લોકોમાં એવું કહેવાયું કે છ દિવસ કામ કરો અને સાતમે દિવસે રવિવારે ચર્ચમાં જઈને માફી માગો. આ ખોટી વિચારધારા સામે માર્ટિન લ્યૂથર કિંગે બળવો કર્યો. એણે સુત્ર આપ્યું કે : Work is worship - કામ એ જ ધર્મ છે. એમાં જ ઈશ્વર દેખાવો જોઈએ. એટલે જ જે કેથલીક દેશો હતા એમનો બહુ વિકાસ ન થયો અને જે પ્રોટેસ્ટન્ટ દેશો હતા એ બધા વિકસિત બન્યા. ઈટાલી, સ્પેન, પોર્ટુગલ કેથલીક હોવાને લીધે પછાત રહ્યા. યુ.એસ.એ, ફ્રાન્સ, જર્મની, ઈંગ્લેન્ડ બધા પ્રોટેસ્ટન્ટ થયા એટલે એ ડેવલપ થયા. એટલે ક્યા Norms તમે સ્વીકારો છો એના પર પણ 'મનુષ્યત્વ'નો આધાર રહેલો છે.'

વધુમાં શ્રી વિદ્યુતભાઈએ જણાવ્યું હતું કે : 'સમયે સમયે મનુષ્યત્વના ખ્યાલો બદલાતા રહ્યા છે. પહેલા માણસ દાન કરે, ધર્મ કરે તે મનુષ્યત્વ કહેવાતું. ફ્રાન્સની ક્રાંતિએ આ ખ્યાલો ધરમૂળથી બદલી નાખ્યા અને ત્રણ સુત્રો

આપ્યા : Liberty, Equality અને Fraternity. આ કરે તે મનુષ્યત્વ. આ બધા જ માટે. આ સંસ્કારો ધર્મ વિરોધી નથી કે અધ્યાત્મ વિરોધી પણ નથી. હવેના સંપ્રદાયોએ આ મૂલ્યો સ્વીકારવા જોઈએ. સમય બદલાય તેમ મૂલ્ય બદલાય. ધરમૂળથી બધું બદલાતું જ રહે. સૌરાષ્ટ્રમાં એક સમયે બહારવટિયાઓની બોલબાલા હતી. 1956 પછી ડાકુઓની સંસ્થા કેમ રહી નહીં ? સરકારે તો કોઈ પ્રયત્નો કર્યા નથી. પરંતુ એક માત્ર Land Reformના પગલા લીધાં અને ગીરાસદારી નાબૂદ થઈ અને એની સાથે સાથે બહારવટિયાઓની સંસ્થા પણ નાબૂદ થઈ ગઈ. મેઘાણી કહેતા એમ 'ડોકું કપાય અને ધડ હાલે...' એ બધી વાતો બંધ થઈ. એટલે હું ઘણીવાર કહું છું કે હું મેઘાણીની શૈલી સ્વીકારું છું, મેઘાણીના મૂલ્યો નથી સ્વીકારતો. હવે મનુષ્યત્વની વ્યાખ્યા તમે બદલશો કે નહીં બદલો ?'

'હવે સ્થળ-સંદર્ભની વાત આવે છે. સ્થળ પ્રમાણે સંસ્કૃતિ બદલાતી રહે છે. સૌરાષ્ટ્રની સંસ્કૃતિ જુદી છે. કેમ ? માણસો તો ગુજરાત જેવા જ છે પણ અહીં સામાજીક સંદર્ભો જુદા છે. અહીં ગીરાસદારી પ્રથા હતી એટલે મારે જો મોટા માણસ થવું હોય તો બાજુના દશ ગામનો ધણી હોય એને મારીને એની જમીન આંચકી લેવી પડે. ગુજરાતના અન્ય પ્રદેશોમાં એમ નહોતું. ત્યાં રૈયતવાળી પ્રથા હતી. સ્થળ-સંદર્ભે બધું બદલાતું રહે. એક જગ્યા એવી છે કે જ્યાં તમારે મોટા થવા માટે બીજાને મારવો પડે છે અને બીજી જગ્યા એવી છે કે તમારે મોટા થવા માટે બીજાનો સહકાર કરવો પડે છે. આ બંને જગ્યાએ મનુષ્યત્વનાં લક્ષણો જુદાં જુદાં થાય છે. ઈ.સ1987-88માં સનત મહેતાએ મને એમ કીધું કે તું મને મહુવાની આસપાસના વિસ્તારમાં ડુંગળી બહુ થાય છે તો એની મંડળી બનાવી આપ. મને એનો અનુભવ હતો. તળાજામાં મિંટિંગ કરી તો ફક્ત ત્રણ જણ હાજર. મેં પૂછ્યું કે કેમ ગામવાળા ના આવ્યા ? તો કહે કે માર ખાવા આવે !! તો મેં પૂછ્યું કે તો ક્યાં મિટિંગ રાખીએ તો ગામવાળા આવે ? તો તેઓ કહે સરતાનપરમાં મિટિંગ કરો. ત્યાં મિટિંગ કરી તો ત્યાં 150 જણ હાજર ! મારા એક મિત્ર માસુખ ભટ્ટ પણ હાજર હતા. એ ત્યાંના મુખ્ય કહેવાતા. મને કહે કે મારી ઘેર લાડુ ખાવા આવો. મેં એમને હા કહી. એમની ઘરે ગયો તો મને સૌથી પહેલા પાણીનો પ્યાલો આપ્યો. મેં કહ્યું કે પાણી નથી પીવું. એ કહે બ્રાહ્મણ દેવતા મારી ઘેર પાણી ન પીવે એ કેમ ચાલે ? તો મેં કીધું તમે મારું કામ ન કરો અને હું તમારું પાણી કેવી રીતે પીવું ? એમણે મને કહ્યું કે તમારે માટે લાડુ બનાવ્યા છે. મેં મોઢું ચઢાવીને કીધું કે તમારા લાડુ ખપે જ નહિ મને ! એ કહે મારા ઘરેથી બ્રાહ્મણ ભૂખ્યો જાય તે કેમ ચાલે ? જવાબમાં મેં કીધું કે તમારે ઘરેથી બ્રાહ્મણ દક્ષિણા લીધા વિના જાય એ પણ કેમ ચાલે ? છેવટે તેઓએ મને કહ્યું કે શું કામ છે બોલો ?
તો મેં કહ્યું કે એક સહકારી મંડળી બનાવવાની છે.... આ તો જમાદાર વ્યક્તિ હતા. એમણે તરત બધાને કહ્યું કે અલ્યા... બધા અહીં આવો... અહીં સહી કરી દો. અગિયાર જણે શું કરવાનું છે એ જાણ્યા વિના સહી કરી દીધી અને મંડળી બની ગઈ !! આને હું 'પદ્ધતિ' કહું છું. સમાજશાસ્ત્રથી પદ્ધતિ જુદી જુદી જગ્યાએ જુદી જુદી હોય છે. સ્થળ બદલાય તેમ તેમ જુદી જુદી રીતે વર્તવું પડે. આ છે સ્થળ-સંદર્ભ.'

મનુષ્યત્વના અંતિમ પરિમાણ વિશે વાત કરતાં વિદ્યુતભાઈ જણાવ્યું હતું કે : 'ચોથું આવે છે જૂથસંદર્ભ. જુદા જુદા જૂથોનો સંદર્ભ 'મનુષ્યત્વ' વિશે જુદો જુદો હોય છે. ક્ષત્રિય તો યુદ્ધ જ કરે. જો એનામાં એ વૃત્તિ ન હોત તો રાજ્યો સચવાયા હોત ? એ એમ કહે કે હું તો અહિંસક જ રહીશ, તો શું થાત ? એ એનો ધર્મ હતો. વાણિયાએ ધંધો કરવાનો. ભીલોની લગ્ન પ્રથા મેં જાતે જોઈ છે કે એક ગામ બીજા ગામ પર હુમલો કરે અને છોકરીને

ભગાડીને ચાલ્યા જાય. આને એ લોકો લગ્ન કહે ! આપણે જે સાત ફેરા ફરાવીને કરીએ એ લગ્ન કે પેલા લગ્ન ? તો કહેવું પડે કે બંને લગ્ન ! જુદા જુદા જૂથની અલગ અલગ પદ્ધતિઓ સમાજમાં સ્વીકારવી જ પડે. વૈવિધ્યને આપણે સ્વીકારીએ. મારું 'મનુષ્યત્વ' એ જ 'મનુષ્યત્વ' એવો આગ્રહ જતો કરીએ. આધિપત્યનો ખ્યાલ જતો કરીએ. અમારે સામાજીક સર્વેના ક્ષેત્રમાં એવા જુદા જુદા સર્વે પણ થાય છે કે જેમાં લોકોને પૂછવામાં આવે કે તમે લસણ ખાઓ છો ? ફલાણા સંપ્રદાયમાં જોડાતા પહેલા તમે લસણ ખાતા હતા ? પેલો કહે હા... અને હવે ખાઓ છો ? તો પેલો કહે ના... આવો ખોટો સર્વે કરનારા ફટ દઈને કહી દે કે ફલાણા સંપ્રદાયની આ સામાજિક અસર !! હકીકતે આવું કદી બનતું નથી. આવું છીછરું 'મનુષ્યત્વ' કદી હોતું નથી. એ તો અંદરથી ઊઠતો અવાજ છે. માણસોને ખરેખર તમારે બદલવા હોય અને એને તમારા મનુષ્યત્વ તરફ લાવવા હોય તો એક વિદ્વાને ત્રણ લક્ષણો જણાવ્યા છે. પહેલું લક્ષણ એણે એમ કહ્યું છે કે તમે માણસોને ચાહો. તમારે જેને બદલવો છે એને તમે ધિક્કારશો તો કેવી રીતે ચાલશે ? બીજું આવે છે કરુણા. સ્વાર્થનો સંબંધ નહીં, પણ કરુણાનો સંબંધ અને ત્રીજું લક્ષણ છે sharp intellcutal analysis. આખરે તો આપણે બધાએ એક એવી વ્યાખ્યા કરવી જોઈએ જેમાં મનુષ્યત્વની અંદર બધા સમાવિષ્ટ હોય.'

આ સંગોષ્ઠિના બીજા પ્રવક્તા **શ્રી પ્રદીપ ખાંડવાલા**એ મેનેજમેન્ટ સંદર્ભ અંતર્ગત 'મનુષ્યત્વ' વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે : 'મેનેજમેન્ટના પહેલા ત્રણ અક્ષર તો 'મેન' એટલે કે માણસ છે અને એ અંતર્ગત મારે વાત કરવાની છે મેનેજમેન્ટ અને મનુષ્યત્વના સંબંધ વિશેની. આ વ્યાખ્યાનમાં મારે મેનેજમેન્ટ વિશેના ખોટા ખ્યાલો દૂર કરવા છે અને મેનેજમેન્ટ કેવો પદારથ છે એ વધું સ્પષ્ટ કરવું છે. એના સંબંધની વાત કરવી છે. મેનેજમેન્ટ અને સાહિત્ય વિશે પણ થોડી વાત કરવી છે. 'મનુષ્યત્વ' શબ્દથી હું મનુષ્યના કોઈ દૈવીગુણોની વાત કરવા નથી માગતો. આ વ્યાખ્યાન પૂરતું મનુષ્યના દૈવી અને પાશવી એમ દ્વિસ્વભાવને હું 'મનુષ્યત્વ' ગણું છું. માણસ પેટ ભરવા પશુ-પક્ષીને હણી શકે છે અને રામાયણ પણ રચી શકે છે. મનુષ્ય હિટલર જેવો ક્રૂર પણ બની શકે છે અને કરુણા, વાત્સલ્ય, સ્થિતપ્રજ્ઞતા પણ દાખવી શકે છે. આને લીધે 'સંજોગ' અને 'સંદર્ભ'નું મહત્વ બહુ વધી જાય છે. મેનેજમેન્ટ માટે સંજોગ અને સદર્ભનું ખૂબ મહત્વ છે. કોઈ પણ સંસ્થા હોય, એ પછી કંપનીથી લઈને આશ્રમ સુધી ગમે તે હોય, મેનેજમેન્ટની આવશ્યકતા સર્વમાન્ય છે. તો આ મેનેજમેન્ટ છે શું ? કેટલાક માટે પૈસા બનાવવાનું સાધન છે. પરંતુ કેટલાક એવા પણ છે જે મેનેજમેન્ટને 'માનવ અને સંસ્થાવિકાસ'નું પ્રથમકક્ષાનું સાધન ગણે છે. કેટલાક એને કલા ગણે છે. આમ તો મેનેજમેન્ટ માનવનું સર્જન છે એટલે માનવના ગુણો કે અવગુણો મેનેજમેન્ટમાં પણ પ્રતિબિંબિત થવાના. એટલે જ મેનેજમેન્ટ વિકાસરોધક બની શકે અને વિકાસકારક અને રચનાત્મક પણ બની શકે છે. મેનેજમેન્ટની એક વ્યાખ્યા છે કે "સંસ્થાના ધ્યેયને પૂરી કરનાર એક વ્યવસ્થાપૂર્વકની સામૂહિક પ્રવૃત્તિ" આમ તો એ કીડીઓમાં અને મધમાખીઓમાં પણ છે. પરંતુ મેનેજમેન્ટ એનાથીયે વધુ વિકટસમસ્યાઓને હલ કરી શકે છે. એ ઘણું જટીલ છે.'

'કોઈ પૂછે કે મેનેજમેન્ટની જરૂરિયાત શું છે ? તો તજજ્ઞો કહેશે કે મેનેજમેન્ટ સંસ્થાની એવી જવાબદારી માથે લે છે જે સંસ્થાનું કોઈ બીજું જૂથ નથી લઈ શકતું. મેનેજમેન્ટની પહેલી જવાબદારી છે સંસ્થાના લક્ષ્યો નક્કી કરવાની અને એને હાંસલ કરવા વ્યૂહનીતિ ઘડવાની. બીજી જવાબદારી છે ક્યા પદસ્થાનોએ આ વ્યૂહરચનાએ કયો ભાગ ભજવવાનો છે એ નક્કી કરવાની અને ત્રીજી જવાબદારી છે આ પદસ્થાનો માટે યોગ્ય મેનેજરો અને

કર્મચારીઓને રોકવાની અને આ લોકોને એ જવાબદારીઓ નિભાવવા માટે તૈયાર કરવાની. ચોથી જવાબદારી છે ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાની યોજના ઘડવાની. પાંચમી જવાબદારી છે સંસ્થાની બધી પ્રવૃત્તિઓ વચ્ચે એકસુત્રતા સ્થાપવાની. છઠ્ઠી જવાબદારી છે સંસ્થાની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવાની. સાતમી જવાબદારી છે સંસ્થાના સભ્યોને ઉત્સાહિત કરવાની, માર્ગદર્શન આપવાની. આઠમી જવાબદારી છે બધા સ્ટૉક હોલ્ડરોને સંતુષ્ટ રાખવાની. નવમી જવાબદારી છે કેન્દ્રમાં ટકાવ અને નીતિયુક્ત વ્યવહાર રાખવાની. મેનેજમેન્ટ બધી જ જવાબદારીઓ પૂરી કરે છે માટે તેને કોઈપણ સંસ્થાનું હ્રદય અથવા મગજ ગણવામાં આવ્યું છે.'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે : 'તે બીબાઢાળ નથી. એનું ખૂબ મહત્વ છે. કેટલાક ઉત્તમ મેનેજમેન્ટો સાહસિક પણ હોય છે. ગુજરાતમાં રણછોડલાલ છોટાલાલથી માંડીને અંબાણી-અદાણી સુધીના મેનેજમેન્ટની પરંપરા રહી છે. ઘણી જૂની સંસ્થાઓ વહેવાર ડહાપણથી ધંધો ચલાવે છે તો બીજી બાજુ સરકારી ક્ષેત્રોમાં મેનેજમેન્ટ ખરું પણ એમાં જડતા જોવા મળે છે. ક્યાંક ખરા અર્થમાં મેનેજમેન્ટ હોય પણ છે. ક્યાંક ટીમવર્ક પર ભાર દેનારા ઓર્ગેનિક-મેનેજમેન્ટ પણ હોય છે. ઘણા નીતીને મહત્વ આપે છે જ્યારે ઘણા અંગત સ્વાર્થને પ્રાધાન્ય આપતા હોય છે. 'ટાટા જૂન' અને 'સત્યમ કમ્પ્યુટર' આ વિરોધાભાસી મેનેજમેન્ટના નમૂનાઓ છે. કેટલાક આપખુદ હોય છે તો ક્યાંક એવા મેનેજમેન્ટો પણ છે જે સર્વસંમતિના નિર્ણયો લેવામાં માને છે. નીતિપ્રધાન મેનેજમેન્ટ વલણમાં મનુષ્યો અને પર્યાવરણ પ્રત્યેની કાળજી વર્તાય છે. જ્યારે નીતિ છોડે છે ત્યારે મેનેજમેન્ટ દ્વારા માફિયા જેવું માનસ સર્જાવાનો ભય રહે છે.'

'એ માત્ર કર્મચારીઓ અને મેનેજરોને જ પ્રભાવિત કરતું નથી, એના પ્રચાર માધ્યમથી ક્યારેક લાખો તો ક્યારેક કરોડો ગ્રાહકોને પણ પ્રભાવિત કરે છે. એમની અભિલાષાઓ અને મૂલ્યોને પણ ઘડે છે. જ્યારે મેનેજમેન્ટ ખોટો લાભ લેવા માગતું હોય ત્યારે લોકોને ખોટી દિશામાં વાળે છે. જ્યારે તે માણસની ઉમદા લાગણીઓ અને આદર્શોને ઉત્તેજિત કરે છે ત્યાર તે સાલસતા, પર્યાવરણનું જતન કરે છે. મેનેજમેન્ટના સંદર્ભમાં કંપનીઓની કેટલીક રચનાત્મક શક્તિના ઉદાહરણ આપું પણ તે પહેલા વિનાશકતાના ઉદાહરણ જોઈએ. એનું તાજુ ઉદાહરણ 'સત્યમ કોમ્પ્યુટર' છે. સિદ્ધાંતહીન લોભનું પ્રતીક ! અમેરિકાની 'વર્લ્ડકોમ' કંપનીએ પણ એમ કર્યું હતું. આવા ધબડકાઓમાં માત્ર શેરહોલ્ડર પાયમાલ નથી થતા, સંખ્યાબંધ ગ્રાહકો અને વિક્રેતાઓને પણ નુકશાન જતું હોય છે. દર વર્ષે અમેરિકાની કંપનીઓની ઠગાઈના કિસ્સા બમણા થતા જાય છે. અન્ય કેટલાય મૂડીવાદી દેશોમાં ગૂના આચરતી કંપનીઓ પકડાઈ છે. મેનેજમેન્ટ જેટલું વિનાશક થઈ શકે છે એટલું જ રચનાત્મક અને ઉમદા હોઈ શકે છે. એની મનુષ્યત્વ અને સાલસતા તરફ વાળવાની શક્તિ પણ પ્રચંડ છે. એના અનેક દાખલા છે. દેશદેશાવરમાં છે. જાપાનની 'ટોકિયો ઈલેક્ટ્રિક કંપની' વિશ્વની સૌથી મોટી ઊર્જા ઉત્પાદન કરતી કંપની છે અને તેમણે પ્રદુષણ નિયંત્રણમાં ભારે સફળતા મેળવી છે. અમેરિકાની 'જોન્સન એન્ડ જોન્સન કંપની'ની એક બનાવટમાં કોઈકે સાઈનાઈડ નામનું ઝેર ભેળવી દીધું. કંપનીએ બધો માલ પાછો ખેંચ્યો અને પાંચસો કરોડ રૂપિયાનું નુકશાન વેઠ્યું. એટલું જ નહિ, કંપનીએ પોતાના 2500 કર્મચારીઓને લોકોને સાવધાન કરવા રોક્યા. એનાથી વિપરીત એક બીજી અમેરિકન કંપનીની વર્તણૂંક જુઓ. એને પણ એવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું ત્યારે એક જ શહેરમાંથી દવા પાછી ખેંચી અને લોકોને સાવધાન કરવા કશો પ્રયત્ન કર્યો નહિ. ભારત ઈલેક્ટ્રિકલ (ભેલ) કંપનીએ વીસ લાખ ઝાડોનું રોપણ કર્યું અને પોતાનો ફાળો

આપ્યો. કેટલાય ખાનગીક્ષેત્રના નાના એકમો છે જેમણે નફા કરવાની સાથે સાલસતા પણ બતાવી છે. ઘણી કંપનીઓ પોતાના નફાનો અમુક ભાગ ધર્માદામાં પણ વાપરે છે, ઉત્કર્ષલક્ષી ચળવળોમાં ભાગ પણ લેતી હોય છે. સાલસતા અને નફાવૃદ્ધિ એકબીજાના વિરોધી નથી. આપણા દેશમાં પણ ખાનગીક્ષેત્રે ઘણી કંપનીઓ છે જેમણે ગરીબી નિવારણ, નિરક્ષરતા નિવારણ અને ટકાઉ વિકાસક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું છે. અંબુજા સિમેન્ટે 2001 સુધીમાં 30,000 બાગયતી ખેતીના એકમોને મદદ કરી હતી, 3 હોસ્પિટલો બનાવી હતી. આદિત્ય બિરલાએ 100 ગામોને પાણીપૂરવઠા અને અક્ષર તાલીમ માટે મદદ કરી હતી. ટાટા સ્ટીલની ગરીબી નિવારણ અને ટકાઉ વિકાસ ક્ષેત્રે સિદ્ધિઓ જાણીતી છે. એના પ્લાન્ટની આસપાસ રહેતા લાખો આદિવાસીઓના જીવન ઉજાગર કર્યા છે.'

'મેં મારા એક પુસ્તકમાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે કંપનીઓ સાલસતા સાથે નફો કરી ન શકે ? એમાં ઘણા સંશોધનોનો સહારો લીધો અને ઘણા રીપોર્ટ જોયા. 100 જેટલી કંપનીઓના ઉદાહરણ લીધા કે જે સારો નફો કરતી હતી અને જે એક યા બીજી રીતે સાલસ વર્તાવ પણ કરતી હતી. આ પુસ્તકમાં સાલસતાના છ પથ વર્ણવ્યા છે. દાન, સમાજઉત્કર્ષ, નીતિમત્તા, સારા ઉદ્યોગના વિકાસ માટેનો પ્રયત્ન જેથી પ્રતિસ્પર્ધીઓનો પણ વિકાસ થાય, સંસ્થાકીય લોકશાહી અને સંસ્થાકીય આદ્યાત્મિકતા. આ પથને મનુષ્યત્વ સાથે સીધો સંબંધ છે. એને આપણે ટૂંકમાં જોઈએ :

<u>[1] દાન :</u> દાન પુરાણી પ્રણાલી છે. મોટે ભાગે તે શ્રીમંતો કરતા. હવે કંપનીઓ કરી રહી છે. બ્રિટનની કંપનીઓ 1% ભાગ દાન કરે છે.

<u>[2] સામાજિક જવાબદારી :</u> ટકાઉ વિકાસ, ગરીબી નિવારણ, દેશ વિકાસ, સમાજ કલ્યાણ એ સામાજિક જવાબદારી છે. સંસ્થાઓએ સામાજિક જવાબદારીઓ સ્વીકારીને ઋણ ચૂકવવાનું હોય છે. ગ્રામીણ વિસ્તારમાં રસ્તા બનાવવા, પાણીની વ્યવસ્થા અને શિક્ષણ તથા પ્રાથમિક સારવારની જોગવાઈ કંપનીઓએ કરી છે.

<u>[3] નીતિમત્તા :</u> નીતિનો પ્રશ્ન મહત્વનો છે. ધંધાકીય નીતિનું અમેરિકામાં ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે. કંપનીઓ આચારસંહિતા બનાવતી હોય છે. કંપનીઓને મોટા પાયા પર આચારસંહિતાની તાલીમ આપતી હોય છે. એમાં ધર્મ પણ એક મોટો સ્રોત છે. આપણે ત્યાં ઘણી કંપનીઓ છે જે ગીતાના આદર્શો સાથે આચરણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

<u>[4] ઉદ્યોગોના સર્વ એકમોનો વિકાસ :</u> વિકાસ એવો હોવો જોઈએ કે જેની સાથે પ્રતિસ્પર્ધીઓનો પણ વિકાસ થવો જોઈએ. બિરલા, અંબાણી વગેરે જૂથોએ ઘણી તકનીકી સંસ્થાઓ સ્થાપી છે જેનો લાભ ઉદ્યોગોના દરેક એકમને ઉપલબ્ધ છે. સહકાર વધારી સરકારી નીતિઓ બદલવાનો પ્રયાસ કરવો જેથી આખા ઉદ્યોગજગતને ફાયદો થઈ શકે.

[5] સંસ્થાકીય લોકશાહી : આ સરકાર અને સહકારી મંડળીઓમાં વધારે પ્રચલિત છે. ધંધાકીય એકમોમાં તેનું ઓછું પ્રમાણ છે. ધંધામાં પણ લોકશાહીના સિદ્ધાંતો અમલમાં મૂકવાનો પ્રયાસ થઈ શકે. આ પ્રયાસોમાં એક છે કર્મચારીઓનો નિર્ણય લેવામાં ભાગ લેવો. ટાટા-સ્ટીલ કંપનીએ એનો બહુ ઉપયોગ કર્યો છે.

[6] સંસ્થાકીય આધ્યાત્મિકતા : ધંધામાં આધ્યાત્મિકતા આમ તો ખાસ જોવા નથી મળતી પણ એના થોડા દાખલા છે અને રસપ્રદ છે. જાપાન અને અમેરિકામાં એવી કંપનીઓ મળી આવી છે જે પોતાનું કામ પ્રાર્થના પછી શરૂ કરે છે. એવી પણ કંપનીઓ છે જેમાં સામુહિક ધ્યાનનો પ્રયોગ થઈ રહ્યો છે.

અંતમાં શ્રી પ્રદીપભાઈ જણાવ્યું હતું કે : 'કંપનીની સાલસતા લાંબાગાળે નફાની પોષક છે. અનેક અભ્યાસો બાદ મેં નોંધ્યું છે કે સામાજીક કાર્ય કરતી કંપનીઓ સામાજીક કાર્ય નહિ કરતી કંપનીઓ કરતાં અનેક ઘણી આગળ છે. પ્રદૂષણ વગેરે ઘટાડવાની વાતને વળગી રહે તો કદાચ નફો ઘટે, પરંતુ એમાંથી મેનેજમેન્ટનો ઉપયોગ કરીને રસ્તો કાઢે તો નફો પણ વધે અને પ્રગતિ પણ થાય. સાલસતા નફાવર્ધક છે એ કંપનીઓએ સમજી લેવું જોઈએ. મેનેજમેન્ટ અને સાહિત્યનો શું સંબંધ ? સાહિત્ય માણસને ઘડવામાં મદદરૂપ થાય છે. સંસ્થાએ સંદર્ભનો કોશ છે. સર્જનને યાદ બનાવવામાં સંદર્ભનું મોટું પ્રદાન છે. મેનેજમેન્ટની જે પ્રગતિ થઈ છે, ફેરફરો થયા છે, સામાજીક કાર્ય થયું છે તેની સાહિત્ય ક્ષેત્રે નોંધ લેવી જોઈએ. મેનેજમેન્ટના ગુણગાન ગવાય એવું સાહિત્ય સર્જવાનું હું નથી કહેતો પણ આ બધા સારા પરિબળો આપણે સાહિત્યમાં ભૂલી જવાના ? સાચા 'મનુષ્યત્વ'ના સર્જનમાં મેનેજમેન્ટનો ઘણો ફાળો છે.'

આ સંગોષ્ઠિના અંતિમ વક્તા **શ્રી પ્રબોધભાઈ પરીખે** 'મનુષ્યત્વ'નો તાત્વિક સંદર્ભ ખોલી આપ્યો હતો. તેમણે પોતાના વિષયની શરૂઆત કરતાં કહ્યું હતું કે : 'મનુષ્યત્વની વ્યાખ્યા કરતાં... એના લક્ષણો બનાવતા... આ માણસ હોવું એટલે શું ? અન્ય મનુષ્ય વચ્ચે માણસ હોવું એટલે શું ? અને એ પણ આ પૃથ્વી પર પંચમહાભૂતોની વચ્ચે આ અનંત સૃષ્ટિમાં માણસ હોવું એટલે શું ? ભર્યા ભર્યા બ્રહ્માંડની વચ્ચોવચ્ચ માણસ હોવું એટલે શું ? અને એ પણ આકસ્મિકપણે જન્મ અને મૃત્યુના બે રહસ્યો વચ્ચે હોવું... અને આ 'હોવું' એટલા માટે છે કે હું સભાન છું. શેનાથી સભાન છું ? હું અપૂર્ણતાથી સભાન છું. 'કાલબોધ' અને 'મૃત્યુબોધ'થી સભાન છું. મનુષ્યનું એક અનન્ય લક્ષણ છે કે એ પોતાને જ પ્રશ્નરૂપે જોઈ શકે છે. ભૂત-ભવિષ્ય અને વર્તમાનમાં વિહરવાની મનુષ્યની શક્તિ, પોતાનાથી જ વિસ્મય પામવાની શક્તિ, અસ્તિત્વના હોવાપણાથી આશ્ચર્યચકિત થવાની સંવેદના અતિપ્રાચીનકાળમાં રખડતી માનવ ટોળકીમાં સંવેદનારૂપે કઈ રીતે ક્યારે પ્રગટ થઈ હશે ? ક્યા સંસ્કારકોશોમાં તે અંકાઈ હશે ? આ કૂતુહલનો વિષય થયો. પ્રાચીન શ્લોકો, ચિત્રો અને પ્રાર્થનાઓ – મનુષ્ય સર્જિત અભિવ્યક્તિઓ દ્વારા જ મને ખબર પડી છે કે હું સભાન છું, સચેતન છું સતર્ક છું અને મારી જાતને પ્રશ્નરૂપે જોઈ શકું છું.'

'મનુષ્ય આચાર-વિચારશીલ પ્રાણી છે તે વેદ-વેદાંત દર્શનોમાં આપણે જોઈ શકીએ. માણસને પોતાને પ્રશ્ન પૂછવાની, અંદર પ્રવેશવાની ચાવી છે એના 'ઈતિહાસબોધ'માં. શું એવું કોઈ લક્ષણ મળી આવે જે આપણને સભાન કરે કે સચેત કરે ? તો એક સમજવા માટે નામ આપું છું 'અસ્તિત્વબોધ.' અને ત્યાંથી પ્રગટે છે આપણા

સૌની ચિંતનયાત્રા. તો આ અસ્તિત્વબોધ શું છે ? આ મનુષ્યનું એવું લક્ષણ છે જે એને પોતા સામે પ્રગટ કરે છે. આ પૃથ્વી પર નદીનાળા, પર્વતો વગેરેની પ્રગટ થવાની, હોવાની અનેક ઈતિહાસ કથાઓ છે. આખી જડ-ચેતન સૃષ્ટિથી જગત ભરેલું પડ્યું છે. મનુષ્ય પણ તેમાંનો એક છે. પરંતુ મનુષ્યનું હોવું આ અન્યના હોવાથી મૂળભૂત રીતે અનન્ય છે. એ અસ્તિત્વબોધના રૂપમાં મનુષ્ય છે. દરેક પ્રદાર્થોના ગુણધર્મો છે. એ જ્ઞાનનો અને અનુભવનો વિષય છે. પરંતુ મનુષ્યનું હોવું, વ્યક્તિત્વનું હોવું, એનું વિશેષ એ છે કે પોતાના વિશે આશ્ચર્ય અનુભવે, વિસ્મયરૂપે કે મૂંઝવણરૂપે તે આશ્ચર્ય અનુભવે છે. મનુષ્યને જેમ અસ્તિત્વબોધ છે તેમ શૂન્યબોધ એટલે કે મૃત્યુબોધ છે. આ અસ્તિત્વબોધ અને મૃત્યુબોધ વચ્ચે પોતાના 'હોવા' વિશે મનુષ્યને એક વિશિષ્ટ સમજ છે અને એ છે 'દુ:ખબોધ'. દુ:ખબોધથી ત્રણ લક્ષણો સુચિત થાય છે. એક તો આપણું હોવું 'અનિત્ય' છે, બીજું આપણું હોવું એ 'અનાત્મ' છે. અને ત્રીજું આપણું હોવું એ 'દુ:ખમય' છે. દુ:ખમય એટલા માટે કારણ કે વ્યક્તિને જન્મ છે અને મરણ છે. એ શક્યતા નથી એ તો ઘટના છે. અસ્તિત્વબોધથી પ્રગટેલી, મૃત્યુબોધથી જાગેલી અને દુ:ખબોધને અનુભવતી તથા ચોથી વાત 'આનંદબોધ'ને ઝંખતી આ મનુષ્યતા છે. આ થયો મનુષ્યત્વના લક્ષણોની યાદીનો એક નકશો. આ ચારેય બોધ એના પૃથ્વી પર હોવાથી, પૃથ્વી પરના સંબંધોથી અને એ સંબંધોમાં થતા ગરબડોની ઈતિહાસથી આ બને છે. એથી આ ચારેય બોધને મારે આપની સમક્ષ માત્ર એક બોધ દ્વારા રજૂ કરવા છે અને એ છે 'ઈતિહાસબોધ'.

'શું આપણામાં એવી કોઈ શક્યતાઓ છે કે જેથી આપણે પોતાને દેશ, કાળ, સંપ્રદાય વગેરેથી અલગ કરીને પોતાના 'હોવા' વીશે જાણી શકીએ ? મનુષ્યત્વ વિશે વિચારી શકીએ એવો પ્રદેશ કોઈ એકાંતમાં કે કુરુક્ષેત્રમાં કે ભરચક રેલ્વેસ્ટેશન વચ્ચે હોય ખરો ? પણ ન હોય, કારણ કે શ્રુતિઓ વિભિન્ન છે, કોઈ પણ ઋષિનો મત ભિન્ન છે, ધર્મનું તત્વ ગૂઢ છે. છેવટે મહાપુરુષોના પંથે આપણે ચાલીએ છીએ. મનુષ્યજીવનને કેમ જાણીશું ? જીવ, જગત અને ઈશ્વર એ તત્વજ્ઞાનના ત્રણ પ્રશ્નો છે એમ પંડિત સુખલાલજી કહે છે. હું કહું છું કે એક જ પ્રશ્ન છે : જીવ ! બે મનુષ્ય વચ્ચેનો સંવાદ એ તત્વજ્ઞાનની એક ભૂમિકા છે. જે અર્થમાં સઘળા પ્રદાર્થો ચોક્કસ ગુણધર્મ સાથે આ પૃથ્વી પર છે તે અર્થમાં મનુષ્ય નથી. કારણ કે વૃક્ષો કે પર્વતોની જેમ મનુષ્ય નથી. એ માત્ર એના સભાન અને સ્વઓળખથી જ છે. એટલે જ એના વિશેનો સંવાદ મનુષ્યના ઈતિહાસમાંથી જ મળે. કઈ રીતે એણે સંબંધો બાંધ્યા, કઈ રીતે એ રહ્યો એ બધુ જાણીને જ મનુષ્યત્વના ગુણધર્મને જાણી શકાય.'

'મનુષ્યએ પોતાની ઓળખ વ્યાકુળતા દ્વારા આપી છે. કૃષ્ણ કહે છે તેમ મારી પાસે જે ચાર જણ આવે છે એમાં પહેલો છે આર્ત એટલે કે દુ:ખી. કદાચ પહેલી વાર આ પૃથ્વી પર એવું થયું હશે ત્યારે મનુષ્ય ભયભીત થઈ ઊઠ્યો હશે. શ્રુતિઓ ગાઈ ઊઠ્યો હશે. મનુષ્ય તરછોડાયો છે, દુભાયો છે અને ક્યાંક અચાનક આવી પડ્યો છે એવી લાગણી એને થઈ હશે. એને એમ થયું હશે કે આ સૃષ્ટિ અને આ હું છું એની વચ્ચે કેમ કંઈ મેળ નથી ? શક્ય છે કે ટાગોરની જેમ માનવી વિશ્વમાનવીની અનુભૂતિને પણ અનુભવી શકે. જરાક ચિંતન કરતાં મનુષ્યત્વની કેટલીય છબીઓ આપણી આંખ સામે ભાંગી પડતી તરવરી ઊઠે છે. પણ છતાં આપણે તેને વળગી રહીએ છીએ. જનસમુહને કરુણાથી જોનાર જ અત્યાચાર અને હિંસા સામે ક્યારેક આંખમીંચાણા કરી લેતો હોય છે. હત્યાના તાંડવ પછી બેચન બનીને તે સાધુ-સંતો મુલ્લા-મૌલવીઓને વ્યાકુળ હૃદયે પૂછી નથી શકતો એવો આ મનુષ્ય કોણ છે ? જે આદર્શોના પાઠ તમે ભણો છો તે કેમ અહીંયા ગેરહાજર છે ? મારા શહેર, નગર, દેશ

અને પૃથ્વી પર આ બધું કેમ ગેરહાજર છે ? કેમ એ આદર્શો, મહાત્મા ગાંધીજીના વ્રતો અને સંવાદની વાતો આ વાતાવરણમાં પ્રત્યક્ષ નથી ? ગાંધીજીને એમના છેલ્લા વર્ષોમાં આ અનુભવ બહુ ઉત્કટતાથી થયો હતો. આ સભાનતાથી ગાંધી કરુણ સ્વરે વારંવાર રોઈ પડતા અને કહેતા કે મારું આખું જીવન નિષ્ફળ ગયું.'

'અન્ય જેમાં મારી સ્વની ખોજ છે અને સ્વ જેમાં મારી અન્યની ખોજ છે – પ્રેમની આ સાદીસીધી વ્યાખ્યા છે. પ્રીતિ, મૈત્રીની આ વ્યાખ્યા છે. મનુષ્યત્વની આ વ્યાખ્યા છે. મહાભારતના અનુશાસન અને શાંતિપર્વમાં વિગતવાર વ્યક્ત થયેલી આ વ્યાખ્યા છે. યુદ્ધિષ્ઠિર ધર્મ અને અધર્મનો ભેદ જાણવા માગે છે અને ભીષ્મ કહે છે કે એ સરળ છે કે જ્યાં મૈત્રી પ્રેમ છે ત્યાં ધર્મ છે. જ્યાં તે નથી ત્યાં અધર્મ છે. ચિંતન અને મનન વ્યક્તિને સજાગ અને સભાન કરે છે. એથી જ સ્વને અન્ય તરીકે અને અન્યને સ્વતરીકે જાણી અને પામી શકાય છે. એ બનશે ત્યારે મારો દુ:ખબોદ, શૂન્યબોધ, અસ્તિત્વબોધ, આનંદબોધ એક સાથે જાગી ઊઠશે. શું મનુષ્ય આ બધા બોધનો મર્મ આ ક્ષણે જાણી શકે ? હા ચોક્કસ જાણી શકે. એ આચરણ કરવા માટેની શક્યતા ઈતિહાસમાં છે.'

પોતાના વક્તવ્યના સમાપનમાં તેમણે કહ્યું હતું કે : 'આચાર્યો, ગુરુઓ, સત્સંગ, મંદિરો-દેરાસર કે મસ્જિદોની ખોટ નથી. તો પછી ક્યાં શું ખૂટે છે ? જો બધી જ સગવડ છે, બધી વ્યવસ્થા છે, બધી સમજણ છે, બધા જ શાસ્ત્રો છે તો ક્યાં શું ખૂટ્યું ? જેને કારણે મારા મનુષ્યત્વમાં કશુંક ખૂટ્યું ? એની મને સમજ આવી. એનો મને ડર લાગ્યો. કશુંક તો છે. મહાત્માગાંધી કહે છે કે તું એના માટે બોલ જે બોલી નથી શકતા, જેને ઘા લાગ્યો છે પણ જે કહી નથી શકતા, જે પીડીત છે. એને કેન્દ્રમાં રાખીને બોલીશ તો તારું મનુષ્યત્વ સાર્થક થશે. એ બધું આપણા હૃદયમાં પ્રગટ થાય અને ફરીથી પાછું આપણે ઈતિહાસબોધ થી આનંદબોધની યાત્રા કરી શકીએ. આ તમામ બોધને વટાવીજનારી મનુષ્યની જો કોઈ ઓળખ હોય તો એ છે 'શબ્દબોધ'. રવીન્દ્રનાથ ટાગોર કહે છે તેમ મારું અંતર વિકસિત કરો. એને જગાડો. એને પ્રવૃત્ત કરો. એને નિર્ભય કર. પ્રમાદ વિના સંશયરહિત કર. એને સર્વ સાથે જોડ. એને બંધનમાંથી મુક્ત કર. મારા બધા જ કર્મોમાં તારા શાંત લયનો સંચાર કર. એને સતત કાયમ માટે આનંદિત કર. આખરે એ જ તો મનુષ્યત્વ છે.'

## [ત્રીજો દિવસ : સાહિત્યસંગોષ્ઠિ-6]

ત્રીજા દિવસની સાંજની બેઠકનો વિષય હતો : કાવ્યાયન; જેનું સંચાલન ડૉ. રઈશ મનીયારે કર્યું હતું. આ બેઠકમાં કુલ છ કવિઓએ પોતાની ઉત્તમ રચનાઓથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી જવાહર બક્ષી, શ્રી દલપત પઢિયાર, શ્રી ભરત વિંઝુડા, શ્રી રાજેન્દ્ર પટેલ અને ડૉ. રઈશ મનીયારે કાવ્યપઠન કર્યું હતું. આ બેઠકમાં પઠન થયેલા કેટલાક કાવ્યો અને ગઝલોનો આપણે સ્વાદ માણીશું, જે નીચે પ્રમાણે છે :

### [1] રાજેન્દ્ર પટેલ

એક છેડેથી બીજા છેડે કપડાં
સૂકવવાંની દોરી બાંધી છે
સૂકાતાં કપડાં માંથી

ગઈકાલનો સ્પર્શ ટપકે ટપક... ટપક...
વહી ગયેલાં સમયમાંથી
સ્મૃતિ ટપકે ટપક... ટપક...
બાપુજીના કપડાંની બાદબાકીથી
કપડાં સુકવતી માની આંખમાંથી
ભીની એકલતા ટપકે ટપક... ટપક...
ક્યારેક કપડાં સૂકાતાં ન હોય ત્યારે
ખાલી દોરી પર પંખી બેસે
અને મનમાં શૈશવ ટપકે ટપક... ટપક...
ક્યારેક લંબાયેલા હાથને
ન મળે કશો આધાર અને
બધીયે હસ્તરેખાઓ ટપકે ટપક... ટપક...
દોરી પર જે કપડાં સૂકાય છે
તેમાં સચવાયેલો ભેજ અમને
બાથ ભરી ટપકે છે સતત ટપક... ટપક...

**[2] ભરત વિંઝુડા**

હાથમાં હાથ મિલાવેલી દૂરતાનું શું ?
ભીડમાં ઘેરી વળે છે તે શૂન્યતાનું શું ?

જો તમે એમ કહો છો સમાનતાનું શું ?
તો ભીંત પર છે એ છબીની મહાનતાનું શું ?

તું કહે માંગ પરંતુ કશું ન માગું હું
બેઉ બાજુની નરી આ ઉદારતાનું શું ?

ક્યાં સમાઈ શકું છું હું હજી બે ગજમાં
ને કરું યત્ન તો મારી વિશાળતાનું શું ?

એ જુએ છે ને કહે છે બધું જ સુંદર છે
હું કહું એમ, તો મારી સભાનતાનું શું ?

**[3] ડૉ. રઈશ મનિયાર**

ન ભોમિયા ન તો નકશા લઈને રખડું છું

લપેટી પગમાં હું રસ્તા લઈને રખડું છું

તલાશ છે મને મારી સળંગ હસ્તીની,
હું મારા અંશો અધૂરા લઈને રખડું છું

રખડપટ્ટીને હું પ્રવાસો ગણું છું
અડચણ નડે તો વિસામો ગણું છું

પડું છું હું તેથી જ ભોંઠો ને ખોટો
હું પ્રત્યેક માણસને સાચો ગણું છું

જીતે જે સતત તે જીવનને શું જાણે ?
પરાજિતને તો હું સવાયો ગણું છું

દિવસભરની ઘટમાળ જાણે મુકદ્દમો,
ને નિંદરને હું તો ચુકાદો ગણું છું

બધી માન્યતાઓ ફગાવ્યા પછી જે
વિચાર આવે એને ઈરાદો ગણું છું

બિમારી બધાની હું ક્યાં ગણવા બેસું
મને આવડે એ ઈલાજો ગણું છું

**[4] દલપત પઢિયાર**

મન તારે મુંઝાવું નહીં
જિંદગી છે આમ તેમ ચાલ્યા કરે કંઈનું કંઈ
મન તારે  મુંઝાવું નહીં

ઘરમાંની દાઝેલી વનમાં જ્યાં ગઈ
ત્યાં વનમાં પણ લાગેલી લાય
જઈ જઈને કેટલે આઘે જવું
પડછાયા પાછા ના જાય
કે'છે કે અજવાળું સાથે આવે
બાકી બધું અહીંનું અહીં

મન તારે મુંઝાવું નહીં.

જિંદગી છે આમ તેમ ચાલ્યા કરે કંઈનું કંઈ
મન તારે મુંઝાવું નહીં.

ઘેર જાય ઑફિસ ને ઘેર જાય નોકરું
બળદની ડોકેથી ઊતરે ના જોતરું
પૂછે છે કોણ અહીં સાહેબ કે સિક્કાને
ચલણ તો ચોખાનું બાકી બધું ફોતરું
સોનાની હોય તોય જાળ અંતે જાળ છે
માછલીએ મરવાનું મહીં

મન તારે મુંઝાવું નહીં.
જિંદગી છે આમ તેમ ચાલ્યા કરે કંઈનું કંઈ
મન તારે મુંઝાવું નહીં.

**[5] જવાહર બક્ષી**

અજવાળાનો આવો શું નુસખો કરવાનો ?
વૃક્ષો કાપીને કેવો તડકો કરવાનો ?

સબંધો અને સંજોગો તો પડછાયા છે
પડછાયા પર શુંય વળી ગુસ્સો કરવાનો ?

સૌના મંતવ્યોની ખીણ અને ટેકરીઓ
કંઈ બોલીને અહીંયા શું પડઘો કરવાનો

પર્વત, દરિયા, વન કે રણ તો પાર કરી દઉં
અહીં તો સ્વપન વચ્ચેથી રસ્તો કરવાનો

એ જાણે છે એનું રૂપ બધે નીખર્યું છે
તોય નિયમ ક્યાં તોડે છે પડદો કરવાનો

**[6] હરિકૃષ્ણ પાઠક**

સાધુની તાંબડીમાં ઢોકળાનો લોટ
એનો મહિમા તો એન કંઈ ભારી
એમાં તો સાગમટે હલક્યું છે ગામ

જાણે અવરસની ઊઘલી સવારી

સાધુનો બોલ ખરો સાધુનો હોય
કહો એને તો કોણ રે ઉથાપે
ઘેર ઘેર ઘંટી ને ઘંટ લે દળેલ
સૌ ચપટીક ચપટીક રેણ આપે

ઢોકળાનો લોટ નથી ભેગટ કે ભેળસેળ
સૌનો સમાસ કરી ચાલે
પહેલા વરસાદથી ફોરમતી ધરતીનો
ધૂળિયો ઉલ્લાસ લઈને મ્હાલે

બાજરી જુવાર વળી બંટીને બાવટો
ઘઉં ને ચણાની ચઢે પીઠી
ને ખાટુડી છાશનો જો આથો ચડ્યો
એની મીઠપ ન જાય ક્યાંય દીઠી

આંગળી અડાડે ભલે કકરો લાગે
એની મ્હાંયલી મીઠાશ તો દુલારી
સાધુની તાંબડીમાં ઢોકળાનો લોટ
એનો મહિમા તો એન કંઈ ભારી

ત્રીજા દિવસની રાત્રી બેઠક 'રામવાડી' ખાતે યોજાઈ હતી, જેની અંતર્ગત સુશ્રી મુક્તા જોશીએ શાસ્ત્રીય નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. તદ્દુપરાંત, અનેક નવોદિત કથક તાલીમ લેનાર વિદ્યાર્થીનીઓએ પોતાના સુંદર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી.

## [ચોથો દિવસ : શ્રી હનુમાન જયંતિ : હનુમંત એવોર્ડ અર્પણવિધિ]

અસ્મિતાપર્વનો અંતિમ દિવસ એટલે શ્રી હનુમાન જયંતી. શ્રી ચિત્રકુટધામ, તલગાજરડા ખાતે સવારે બરાબર નવ વાગ્યે કાર્યક્રમનો આરંભ થયો હતો, જેમાં કુમારી આહુતિએ નૃત્યુ પ્રસ્તુત કર્યું હતું અને ત્યારબાદ ઘટકમ-વાદન કલા રજૂ કરવામાં આવી હતી. એ પછી ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં પ્રતિવર્ષ અપાતા 'હનુમંત એવોર્ડ'ની અર્પણવિધિ યોજાઈ હતી. આ વર્ષે સિતારવાદન માટે પંડિત રવિશંકરજીને શાસ્ત્રીય વાદ્યસંગીત અંતર્ગત 'હનુમંત એવોર્ડ' થી સન્માનવામાં આવ્યા હતા. શાસ્ત્રીય નૃત્ય કથક માટે સુશ્રી રોશન કુમારીજીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો તથા ઉત્તર હિંદુસ્તાની શાસ્ત્રીય કંઠ્યસંગીત માટે સુશ્રી કિશોરી આમોનકરને 'હનુમંત એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા. આ વર્ષથી ચિત્રકલાની આજીવન

સેવાના ઉપલક્ષ્યમાં 'કૈલાસ લલિતકલા એવોર્ડ અર્પણવિધિ'ની શરૂઆત થઈ હતી જેમાં સૌપ્રથમ વખત ચિત્રકલા માટે 'કૈલાસ લલિતકલા એવોર્ડ' શ્રી જેરામ પટેલને આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ એવોર્ડ ગુજરાતના જાણીતા સાહિત્યકારોના હસ્તે અપાયા હતા તેમજ પૂ. બાપુ દ્વારા દરેક મહાનુભાવોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં પૂ. મોરારિબાપુએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું જેનો સાર નીચે મુજબ છે :

लोकाभिरामं रणरंगधीरम् राजीवनेत्रं रघुवंशनाथम् ।
कारुण्यरूपं करुणाकरं तम् श्रीरामचंद्रम् शरणं प्रपद्ये ॥
मनोजवं मारुत तुल्यवेगं, जितेन्द्रियं, बुद्धिमतां वरिष्ठम् ।
वातात्मजं वानरयुथ मुख्यं, श्रीरामदुतं शरणम प्रपद्धे ॥

વક્તવ્યનો આરંભ કરતાં પૂ.બાપુએ જણાવ્યું હતું કે : 'કૈલાસ ગુરુકુળમાં છેલ્લા બાર વર્ષથી અસ્મિતાપર્વનું આયોજન થાય છે તે હનુમાનજીના ચરણોમાં અર્ધ્યના રૂપમાં કરવામાં આવે છે. મને એમ લાગે છે કે ત્રણ દિવસનો આ 'શબ્દયજ્ઞ' હતો અને આજે એનું અવભૃત સ્નાન છે. નૃત્ય, ગીત, વાદ્ય, સાહિત્ય વગેરે આ શબ્દયજ્ઞનો એક ભાગ હતા. તેથી વિશેષ કંઈ કહેવાનું રહેતું નથી. ખરેખર મને એમ લાગે છે કે હનુમાનજીના ચરણોમાં હવે શું રજૂ કરું ? હનુમાન જયંતી એટલે ચૈત્રી પૂર્ણિમા અને પૂર્ણિમા રાત્રીએ હોય છે. સાક્ષાત્કારના જગતમાં લગભગ બધા જ મહાપુરુષોને સાક્ષાત્કાર રાત્રીના સમયે થયો છે. માફ કરજો પણ સાધનામાં અજવાળું બાધક છે. એ એકાંત અવસ્થાનું વિઘ્ન છે. રામજી ભલે દિવસે આવ્યા પણ એમની ખરી મુલાકાત તો રાત્રીમાં જ થતી હોય છે. દિવસે પણ રાત્રીને અનુભવવાની હોય છે. એટલે જ આ પૂર્ણિમા રાત્રીનો સંકેત કરે છે. તો આ બધી કલા-સાહિત્યથી હનુમાનજી વધારે ખુશ થાય એ જ એક માત્ર તમન્ના છે એમ હૃદયથી કહું છું. મારે એની પાસે કંઈ અષ્ટસિદ્ધિ કે નવનિધિ નથી જોઈતા. કોઈ પરમની યાદ કે સ્મૃતિ રહેવી એનાથી મોટી સિદ્ધિ વિશ્વમાં કઈ હોઈ શકે ? એ રહે એટલું જ બસ છે. હું તો એ પ્રકારની સિદ્ધિ ને જ પામવાની કામના કરું છું.'

'આ હનુમંત તત્વ આખરે શું છે ? આપણે કેમ એને અજર-અમર કહીએ છીએ ? કારણ કે એ વહનશીલ છે. જગતમાં જે વહનશીલ છે એ ઘરડા નથી થતા, એની મૃત્યુ પણ નથી થતી. જે ગતીશીલ છે એનું મૃત્યુ નથી થતું. એ બીજાને જીવનપ્રદાન કરે છે. શ્રી હનુમંત એ પ્રવાહમાન તત્વ છે. એ નાભિથી નાસિકા સુધી છલાંગ મારતો જ રહે છે એટલે જ આપણે જીવી શકીએ છીએ. એને દેવ કે ભક્તિના તત્વ તરીકે થોડીક વાર ભૂલી જઈએ અને વિજ્ઞાનની રીતે જોઈએ તો પણ એ પ્રાણતત્વ છે; વાયુતત્વ છે. એના વગર જીવન કેમ ચાલે ? એ અર્થમાં એ પ્રાણશક્તિ છે. રામચરિત માનસમાં લખ્યું છે કે ભક્તિ ગંગા છે અને હનુમાનજી રામજીના ભક્ત છે એટલે ગંગાનો પ્રવાહ નિરંતર આ તત્વમાં વહે છે. આ ગતીશીલ છે. હનુમાનજી બહુ કર્મયોગી છે. એ ગાયનાચાર્ય છે. ખૂબ સુંદર ગાનારા છે. કાશ આપણા કાન સાંભળી શકે. વળી, ગાયન કરે છે એટલે એમનામાં સરસ્વતી પણ નિરંતર વહે છે. પોતાનું કાર્ય કરીને તેઓ અયોધ્યા રહ્યા છે એમ માનસમાં લખ્યું છે. મને એમ લાગે છે કે એ સરયુના તટ પાસે રહ્યા હશે. સરયુ ધ્યાનની નદી છે. એટલે કે આ હનુમાનજી ધ્યાન કરવા

યોગ્ય છે. એમાં ગંગાસ્નાન પણ છે, સરયૂનું ધ્યાન પણ છે, યમુનાનું પાન પણ છે અને સરસ્વતીનું ગાન પણ છે એમ મને લાગે છે. એનું ધ્યાનસ્વરૂપ મને વધારે પ્રિય છે.'

આ અનુસંધાનમાં હનુમાન ચાલીસા વિશે વાત કરતાં પૂ.બાપુએ કહ્યું હતું કે : 'હનુમાન ચાલીસામાં કહ્યું છે : "પ્રભુ ચરિત્ર સુની બે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા." એનો અર્થ એમ થાય છે કે બધા લોકોના હૃદયમાં ભગવાન બેઠા છે એ તો બરાબર પરંતુ ભગવાન શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના મનમાં હનુમાનજી વસી ગયા છે. એ ક્રાંતિ છે ! આપણા મનમાં તો રામ હોય એ તો સારી વાત છે જ, પણ હનુમાનજી ધન્ય છે કે એ ભગવાનના મનમાં વસી ગયા છે. ભગવાન આપણા હૃદયમાં બેસે એ તો બરાબર છે પણ આપણે ભગવાનના હૃદયમાં વસી શકીએ તો એ શિખર પર ચઢ્યા હોય એવી મોટી વાત છે. હવે એનો અર્થ શું ? એ ભગવાનના મનમાં વસી શકે તો આપણા જેવાનું શું ? ત્યારે મને એમ થાય છે કે રામ એટલે સત્ય, લક્ષ્મણ એટલે પ્રેમ અને જાનકી કરુણા છે. હનુમાનજી ક્યાં રહેશે ? જ્યાં સત્ય, પ્રેમ અને કરુણા હશે ત્યાં હનુમાનજી રહેશે.'

'અસ્મિતાપર્વનો આ છેલ્લો દિવસ હનુમાન જયંતીનો છે. અસ્મિતાપર્વ હું ધ્યાનથી સાંભળું છું. એમાંથી ઘણું મેળવું છું. જીવનને બનાવવા માટે જાણે ભાથું મળી રહે છે. ખૂબ આનંદ આવે છે. ગઈકાલે જ શ્રી વિદ્યુતભાઈએ કહેલું સુત્ર મને ખૂબ ગમ્યું કે : 'માણસને પ્રેમ કરો, એના વિચારોનો ભલે વિરોધ કરો.' એટલે જ જે પ્રેમ, કરુણા અને સત્ય રાખશે ત્યાં હનુમાનજી વસશે. આવો, આપણું જે પણ કાર્યક્ષેત્ર હોય એમાં સત્યને સ્થાપિત કરીએ જેથી હનુમાન વસે. હનુમાનજીની જેમ ગતીશીલ અને વહનશીલ રહીએ. એ ગતીશીલ રહેવામાં, યાત્રામાં જ આનંદ છે. આ કોઈ ઉપદેશ નથી, એક વિચાર છે. આપણા જીવનમાં ધીમે ધીમે સત્ય પ્રતિષ્ઠિત થતું જાય, પ્રેમ બધાને કરી શકીએ, બધા પર કરુણા રાખી શકીએ તો કેટલું સારું.' એમ કહીને તેમણે એક ગઝલના કેટલાક શેર ટાંક્યા હતા :

આગ હૈ પાની હૈ મિટ્ટી હૈ હવા હૈ મુજમેં
તબ તો માનના પડતા હૈ ખુદા હૈ મુજમેં

આઈના યે તો દિખાતા હૈ ક્યા હું મૈં
લેકિન આઈના ઈસ પે હૈ ખામોશ કે ક્યા હું મૈં !

અબ તો સિર્ફ જાન હિ દેને કી બારી હૈ હે નુર !
મૈં કબ તક સાબિત કિયા કરું કે વફા હૈ મુજમે

'ક્યારેક મને લાગે છે કે આપણે બધાં ફક્ત પાંચ મહાભુતોના જ નથી બન્યા પણ કુલ અગિયાર તત્વોના બન્યા છે કારણ કે એ પાંચ મહાભુતોની સાથે આપણામાં ક્યારેક કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર વગેરે દેખાતું જ હોય છે. સાધના કરનારાય ક્યારેક શ્રાપ આપી બેસે છે ત્યારે લાગે છે કે આ તત્વ પણ પેલા પંચમહાભુતોની જેમ પહેલેથી પ્રગટ્યું હશે ! ભગવાન કરે કે આ એકવીસમી સદીમાં 'શ્રાપ' શબ્દ વિશ્વમાંથી સમાપ્ત થઈ જાય.

આ બધું છોડીને પ્રેમની સ્થાપના કરીએ તો હનુમાનજી આપણામાં વાસ કરે. જાનકી એટલે કરુણા. બુદ્ધ જેવી કરુણામાં હનુમાનજી વસે છે.'

વક્તવ્યના સમાપનમાં તેમણે જણાવ્યું હતું કે : 'ફરી એકવાર આપ સૌને હનુમાન જયંતીની વધાઈ. અસ્મિતાપર્વથી મને બહુ પ્રસન્નતા થાય છે. ઘણીવાર પૂછવામાં આવે છે કે બાપુ, આ પર્વની પાછળ તમારો હેતુ શું છે ? કોઈ હેતુ નથી. બસ, કેવળ આનંદ. પ્રતિવર્ષ આનંદમાં વૃદ્ધિ થતી રહે છે. આપ સૌ અસ્મિતાપર્વમાં આવ્યા એટલે આપ સૌને પ્રણામ કરતાં મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. હનુમંત એવોર્ડ સ્વીકારનાર પાંચ વિશિષ્ટ મહાનુભાવોને હું નમન કરું છું. હનુમાનજી આપણને ખુશ તો રાખે જ છે એટલે આ બધું કેવળ એની ખુશી માટે કરવામાં આવે છે. અન્ય કોઈ આકાંક્ષા નથી. બધા જ સત્ર, પ્રસાદ વિતરણ અને જે જે કાર્યક્રમ યોજાય છે એ કેવળ એની પ્રસન્નતા માટે જ છે. ફરી એક વાર મારી પ્રસન્નતા વ્યક્ત કરીને આપ સૌને પ્રણામ કરું છું.' આમ કહીને તેમણે પોતાના વક્તવ્યનું સમાપન કર્યું હતું.

વાર્તાઓ, મેનેજમેન્ટ, કાવ્ય, અધ્યાત્મ, વિવેચન જેવા સાહિત્યના વિવિધ સ્વરૂપોને લઈને ચાલેલા આ ત્રિદિવસીય પર્વનું ચોથા દિવસના મધ્યાહ્ને સમાપન થયું હતું. સહુ સાહિત્યકારો અને મિત્રો ભોજન બાદ એકબીજાને મળીને પોતપોતાના ગંતવ્ય સ્થાન તરફ વિદાય લઈ રહ્યા હતા. આનંદ અને પ્રસન્નતાનો આ માહોલ છોડીને કોઈને જવાનું મન તો નહોતું પણ જવાનું હતું ફરી પધારવા માટે !

[1] અસ્મિતાપર્વ-12ની ડી.વી.ડી પ્રાપ્તિસ્થાન :
સંગીતની દુનિયા પરિવાર, c/o નિલેશ સંગીત ભવન, નાગરીક બેન્ક પાસે, મહુવા-364290. ગુજરાત. ભારત. ફોન : +91 2844 222864.

[2] અસ્મિતાપર્વ-12 : પૂ. બાપુનું પ્રાસંગિક વક્તવ્ય : (ઓડિયો-વિડિયો) :
http://iiramii.net/eventsanddates_hanuman_jayanti.html

[3] કાર્યક્રમનું સ્થળ : શ્રી કૈલાસ ગુરુકુળ, માલણ નદીને કાંઠે, મહુવા (જિ. ભાવનગર, ગુજરાત) : ફોન : +91 2844-222090.